અંતઃપુરની રમણીઓ.

અથવા

જનાનાની બીબી

ભાગ ૨ જો.

કીમત ૧૦ આના.

પારસી પ્રીંટીંગ પ્રેસ.
સને ૧૮૯૯.

૩૮૪૯

અંતઃપુરની રમણીઓ.

અથવા

જનાનાની બીબી

ભાગ ૨ જો.

(પ્રકણ ૧૩ મું ચાલુ)

ઈસમીલ્ડા જુલીઅનને કેવી રીતે તેના ઓરડામા મોકલવો તે વિષે વીચારમાં પડી. આખરે તેણે વીચાર કર્યો. પડદો ખસેડી જુલીઅનને ચુપ રહેવા વિષે ઇસારત કરી પોતાની પાછલ આવવા ઇસારત કરી. ખલીલ કરતાં પણ વધારે સુંદર તે લાગ્યો. પણ વાત કરવાનો વખત ન હતો. પાશા કદાચ જાગી ઉઠે. ઇસમીલ્ડાએ નજર તલવાર ઉપર રાખીને ધીમે સ્વરે કહ્યું, "મને તે તલવાર આપો. તમે સાંભલ્યું તો છે કે આ વાસ્તે કેટલું બધું થયું છે."

"મને માફ કરો. બીજી કોઇ બાબત વિષે તો તમે કહેશો તેમ પણ આ તો નાહ બને એવું છે." જુલીઅને કહ્યું.

"કેમ નહિ બને?" ક્રોધાતુર થઇને તે બોલી.

"નહિજ બને" જુલીઅને કહ્યુ "હું જાણુછું કે. મારી જીંદગી ભયમાંછે. હથીઆર બંધ ગુલામો બહાર ચાલમાં ઉભા છે. તમારો ભરથાર અંદરના ઓરડામાં છે અને જે ઠેકાણે દાખલ થવાથી મોતની શિક્ષા થાય તેવે ઠેકાણે હું દાખલ થયોછું."

"પણ હું તમને સહીસલામત પહોંચાડી આપું."

"માફ કરો, નહિ બને. જ્યારે હું મારા ઓરડામાં પાછો જઇશ ત્યારે આ તલવાર મને જયાંથી મલી છે ત્યાં મુકીશ અને તે તમારા માણસો પાસે સવારના તમે મંગાવી લેજો." થોડી વાર વીચાર કર્યા પછી તે બોલી, "મારી પાછલ આવો." જુલીઅન ચાલવાને તૈયાર થયો. પણ ઇસમીલ્ડા બોલી, "જ્યાં તમને હું લઈ જાઉં ત્યાં ચાલો. યાદ રાખજો કે મારી અને તમારી જીંદગી જોખમમાંછે."

"તમારે ધાસ્તી રાખવાને કાંઇ કારણ નથી. તમારે જોઇએ ત્યાં મને લઇ જાઓ." જુલીઅને જવાબ આપ્યો. ઇસમીલ્ડા આગલ ચાલી, જુલીઅન તેની પાછલ ચાલ્યો. અંદરના ઓરડાના દરવાજા આગલ તેને ઉભો રાખીને તેણીએ દરવાજો ઊઘાડયો અને અંદર જોયું તો હજી પાશા ભર ઊંઘમાં સુતો હતો, તે દાખલ થઇ, જુલીઅન તેની પાછલ દાખલ થયો. મખમલી પડદો ખસેડી ઇસિમીલ્ડાએ તે છુપું બારણું જે રસ્તે એક વખતે ખલીલને તણે કાઢી મુકયો હતો તે ઉઘાડયો, અને જેવો જુલીઅન બહાર ગયો કે, તરતજ પાછું બંધ કર્યું.

જુલીઅન તલવાર ઉપર હાથ રાખીને આગલ ચાલ્યો. ખલીલની શીખામણ તેને યાદ હતી. તે આગલ ચાલ્યો. થોડે દુર જતાં તેણે તે ઇથોપીઅનને ઉઘાડી તલવારે પોતાની સામે આવતો દીઠો. તેણે પણ તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને તે ગુલામના સામા થવાની રાહ જોતો ઉભો. પણ તે ગુલામ તો નમ્ર થઇ રહ્યો. તે પોતાની તલવાર મ્યાનમા નાખીને બોલ્યો,

"મારા દેખાવથી જો તમને કાંઇ અપમાન થયું હોય તો તે માફ કરજો. પાશાના ખજાનાની હું અંહે ચોકી કરૂંછું તેથી મારે તપાશ તો રાખવી જોઇએ. તમે આગલ ચાલો, હું તમને તમારે ઠેકાણે સહીસલામત પહોંચાડી આવું."

"હું આ છુપા રસતાઓથી તદન અજાણ્યો છું તેથી તું આગલ ચાલ અને મને રસતો દેખાડ."

"મારા સરખા એક હલકા ગુલામને મોટાઓની આગલ ચાલવું વાજબી નથી. સામે રસતો સીધો છે અને હું પાછલથી દરવાજા બંધ કરતો જઈશ."

"હું કહુંછું તે સાંભલેછ કે ?" જુલીઅને ગુસ્સે થઇને કહ્યું "તું આગલ ચાલે એવી મારી મરજી છે. ચાલ, જલદી કર."

"ભલે તમારી મરજી છે તો એમ કરૂંછું." તે ગુલામ બોલ્યો, "પણ આ ઉઘાડી તલવાર તમારા હાથમાં તમે કેમ રાખી છે?"

"તારાથી હું બીતો નથી, પણ આ વખતે પુરતી સાવચેતીમાં રહેવા વાસતેજ ઉઘાડી રાખી હતી" જુલીઅને જવાબ દીધો. જરા વાર વીચાર કર્યા પછી તે ગુલામ આગલ ચાલ્યો અને જુલીઅન તેની પાછલ પુરતી સાવચેતીથી ચાલ્યો. તેઓ તે દાદર ઉતર્યા. તે ગુલામ પોતાનો જમણો હાથ ધીમે ધીમે તલવાર તરફ લઇ જતો હતો. આખરે તેઓ દાદર ઉતરી રહ્યા. જેવો તે તલવાર ખેંચવા ગયો કે, ત્યાં ખુણામાંથી એક આકાર દેખાયો. તે ખલીલ હતો. જુલીઅને ખુશીની બુમ પાડી. તે ગુલામ તલવાર કાઢતો અટકો પડયો. ખલીલ પાસે જો

કે કાંઇ હથીઆર ન હતા તોપણ આગલ આવ્યો. ગુલા-મને ધ્રુજરી આવી.

"તારી ચાલથી હું ઘણો ખુશી થયોછું" ખલીલે કહ્યું "ગઇ રાતના બનાવ વિષે તું ચુપ રહ્યો એ ઠીક કીધું. યાદ રાખજે, મારા મીત્રો સાથે પણ તેવીજ રીતે ચાલજે. તું મારા હાથમાંછે." તે ગુલામે નિચે મોઢે બધું સાંભલ્યા કર્યું, અને પછી તેને જવાની રજા આપી, ખલીલ જુલીઅનને લઇને તેના ઓરડામાં ગયો. ત્યાં બેસાડીને તેને વાત પુછવા માંડી. બધી વાત કર્યા પછી, જુલીઅને કહ્યું., "આ શો છુપો ભેદછે તે તમે મને કહેશો?" ખલીલે જવાબ દીધો "હમણા નહિ હજી થોડો વખત છે. આજની વાત લુકાસ પાસે કરતાના. મને તલવાર આપો અને તમે સુઇ જાઓ" એમ કહીને ખલીલ પોતાના ઓરડામાં ચાલતો થયો.

સવારના તેઓને બેસવાના ઓરડામાં લઇ જવામાં આવ્યાં. જ્યાં આખો દીવસ રમત ગમતમાં કાઢયા પછી સાંજના પાશાની છોકરીઓના ઓરડામાં લઇ જવામાં આવ્યા. પાશા ઇસમીલ્ડાની બાજુમાં બેઠો હતો. જુલીઅન અને લુકાસ પોત પોતાની પ્યારીઓની પાસે જઇ બેઠા. પણ ખલીલ તો જુલીખાંને નમીને જરા છેટે બેઠો. વાત ચલાવી.

પ્રકરણ ૧૪ મુ.

ખલીલની ચોથી વાર્તા.

ઇ૦ સ૦ ૧૪૫૨ ના ઉનાલાની એક સવારના, સુંદર ચહેરાનો અને ભપકાદાર પોશાક પહેરેલો એક જુ-

થાન તુર્કી, **એડ્રીઆનોપલ** શહેરની બાજુએ શિકાર કરતો પોતાના સોબતીઓથી જુદો પડી ગયો ને, પાછું કયે રસ્તે જવુ તે પણ તેને સુઝયું નહિ આખરે પાણીના એક નાલા આગલ બેઠો. થોડી વારમાં તે ઊંઘમાં પડયો. જાણે તેના હાથ દોરડાથી કોઇ બાંધતા હોય એવું તેને લાગવાથી તે જાગી ઉઠયો, અને જુએ છે તો ખરેખર ત્રણ લુચ્ચાઓએ તેના હાથ પાછલથી મજબુત બાંધી લીધા હતા. તેમના પોશાક ઉપરથી તેઓ લુટારા હતા એમ તેણે જાણ્યું.

"તમે મારી પાસે શું માંગો છો?" તે મુસલમાને કરડાઇથી કહ્યું.

"વાહ! બરોબર સવાલ પુછયો!" તેમાંનો વડો બોલી ઉઠયો "મહેરબાન શેઠ, પહેલાં તો પૈસાની કોથલી જે કમરે બાંધેલીછે તે. બીજુ તો તમારી હીરાની વીટી અને ત્રીજુ તમારે અમારી સાથે થોડા દિવસ આવવું પડશે અને જયારે તમારા છુટકારા માટે સારી નાંણાની રકમ મલશે ત્યારે તમને છુટકારો મલશે."

"મારી કોથલી અને વીટી તમે લેઓ," તે બોલ્યો. "પણ મને છુટાપણુ આપો, મારા છુટકારાની જે રકમ તમે માગશો તે બ્રુસા શહેરમાં આવેલી સુલતાનોની કબરો અને પેગમબરના કસમ ખાઇને કહુંછું કે, તમે જયાં અને જયારે માગશો ત્યારે આપવાને તૈયાર છું."

"મારા મહેરબાન!" તેમાંનો વડો બોલ્યો, "અમે કોઈના બોલવા ઉપર વીશ્વાશ રાખતા નથી. અમે પણ એક જાતના વેપારી છીએ અને જામીનગીરી વગર વેપાર કરતા નથી. તમે જામીન તરીકે અમારી સાથે ચાલો."

"હું તમારા કાલાવાલા કરૂંછું કે, મને જવા દો. હજી પણ જે કાંઇ પવીત્રછે તેના સોગન ખાઇને હું કહુંછું કે, મારૂં વચન પાલીશ."

"તમારે અમારી સાથે આવવુંજ પડશે."

તે જુવાન મુસલમાને થોડી વાર તેમની સાથે માથા ફોડ કરી. તે આશપાસ જોવા લાગ્યો. ત ચોરોએ તેને ઘસડીને લઇ જવા માંડયો. એટલામાં તો તેને કાને ઘોડાના પગનો અવાજ સંભલાયો.

"અલા અકબર! હવે હું બચ્યો!" તે તુર્કીએ બુમ પાડી.

"નહિ!" એક ચોર બોલી ઉઠયો, કારણ કે દુર ઘોડા ઉપર બે જણા બેઠેલા દેખાયા, "હજી તુ બચ્યો નથી. તેમાંનો એક જણતો સ્ત્રી છે.

તે મુસલમાને બુમો પાડી. તેમણે તે સાંભલી અને ઘોડા દોડાવ્યા. ચોરો તેને ખેચી જવાની કોશેશ કરવા લાગ્યા, અને મુસલમાન ખેંચતાણ કરવા લાગયો. આખરે તેઓ આગલ આવી પહોંચ્યા. પુરૂસ ઘોડા ઉપરથી કુદી પડયો અને તેમની સામે થયો. ચોરોએ મુસલમાનને પડતો મુકયો અને તેની સામે થયા. તે ત્રણ જણા સામે આ એકલો લડતો હતો. તેઓ લડતા લડતા થોડે દુર નિકલી ગયા હતા. આખરે તેની સાથ વાલી સ્ત્રી પણ તે જગાએ આવી પુગી. તેણે તે મુસલમાનને બાંધેલો દોરડો કાપી નાંખ્યો અને તેજ પલે તે પોતાની તલવાર કાઢીને ચોરો સામે લડવા અને પોતાની મદદે આવનારને મદદ કરવા દોડયો. બેઉ જણે મલી તે ત્રણે ચોરોને લોહી લુવાન કરી નાખ્યા. તેઓમાં ઉઠવાની શકિત ન રહી.

હવે તે મુસલમાને પોતાની મદદે આવનાર, જે

પોશાક ઉપરથી ગ્રીક જેવો જણાતો તેનો ઉપકાર માન્યો. તે ગ્રીક બોલ્યો, "એમાં ઉપકાર માનવા જેવું કાંઈ નથી. મેં મારી ફરજ હતી તેજ બજાવી છે. પણ તુર્કી અને ગ્રીક લોકો ખુશીથી એક બીજાને કદાચજ મળેછે તેઓ તો લોહીને વખતેજ મળેછે!"

"તે વાંક કોનો છે? મુસલમાને જલદીથી પુછયુ મુશલમાનો વધારે બલવાનછે તેઓ અસલથીજ ઊંચા વંશનાછે. ગ્રીક રાજ કરતાઓ તો પાછલથી થયા છે."

"દિવસે દિવસે અમારૂં જોર વધતુંજ જાયછે" તે જુવાન ગ્રીક બોલ્યો, "અમારૂ રાજ ઇરાન સુધી વધશે. કોન્સ્ટનટીનોપ્લમાં બોસફરસને રસ્તે અમે આગલ વધીશું."

"તું જાણતો નથી," તે તુર્કીએ ગુસ્સાથી તે ગ્રીક સામે જોઇને કહ્યું, "કે સુલતાન બીજા મહમદે, જ્યાં સુધી કોન્સ્ટનટીનોપ્લ નજીતું અને દેવલોને મસજીદો ન બનાવું ત્યાં સુધી સુખે બેસવું નહિ એવા સોગન ખાધાછે? જો મુસલમાનોના ઘેરાથી શેહેરને તમારો શહેનશાહ કોન્સ્ટનટાઇન બચાવશે તો તે પોતાના વડવાનુ નામ અમર કરશે."

"કોન્સ્ટનટાઇન બચાવ કરશેજ!" તે જુવાન ગ્રીક બુમ પાડી ઊઠયો, "અરે મુસલમાન યાદ રાખજે, સુલતાન મહમદથી તે શહેર કદી પણ લેવાઇ શકાવાનું નથી."

"ગ્રીક રાજયના દિવસ હવે ગણાઇ ચુકયા છે." તુર્કીએ કહ્યું, "શું તમારા જોશીએ એમ નથી કહ્યુ કે, મુસલમાની લશકર સરકોપેટ્રાને દરવાજેથી દાખલ થશે?"

"તે ખરી વાત છે અને તેથીજ સુલતાને તેને આડે

બાંધેલી બચાવની ભીત પાડી નાંખવાનો હુકમ કર્યો છે. વલી એક ડાહ્યા પુરૂશે એમ પણ કહ્યું છે કે, એકાદ મોટું શહેર જયાં સુધી પડી ભાંગશે નહિ ત્યાં સુધી ખ્રીસ્તીઓ કદી પણ ફતેહ પામવાના નથી. તે મોટું શરતે મુસલમાનોની રાજ્ય એડ્રીઆનોપ્લ હોવું જોઇએ," હે ગ્રીક બોલ્યો

"નહિ, નહિ, તે તો કોન્સ્ટનટીનોપ્લને વાસ્તે છે" તે તુર્કી બોલી ઊઠયો.

"તે હશે" ગ્રીક બોલ્યો.

"તે એમજ છે" મુસલમાને જવાબ દીધો. "અમારા મોટા પેગમબર મહમદે એમ કહ્યુ છે કે, એક શહેર જેની એક બાજુ સમુદ્ર અને બીજી જમીન તરફ છે શે તે ઈશાકના વંશના હાથમાં જશે."

"આપણે ખુસીમાં એક બીજા સાથે મલ્યા છીએ તેથી એવી વાતો કરવી મુકી દો." વાત ફેરવી નાંખવાના ઇરાદાથી તે યુનાની બોલ્યો, "હું અને મારી બહેન કોન્સ્ટનટીનોપ્લ તરફ જતા હતા. અમારા માણસો પાછલથી આવેછે તેઓ હમણા અત્રે આવી પહોંચશે. તમે થોડી વાર અહીં રહેશો. આપણે સાથે જમીશું."

"તમે પહેલાં મારી મદદે આવીને મને બચાવ્યો, તથા હમણા પણ જમવાનું કહોછો તેથી મારે તમારૂં નામ જાણવું જોઈએ."

"મારૂં નામ લુકાસનોતારસ છે. મારી બહેનનું નામ ઈરીન છે. મારો બાપ ગ્રાંન્ડ ડયુકછે જે ગ્રીક શહેનશાહ બાઇઝેનટાઇનની બહેન સાથે પરણ્યોછે."

"ગ્રાન્ડ ડયુકનોતારશ બહાદુર ઉમરાવ છે અને તે ભયંકર દુશમન થઇ શકશે, તુર્કી એ કહ્યું "તેના છોકરાં

ઓ સાથે મારી ઓલખાણ થયાથી હું ઘણો ખુશી થ-યોછું તમારૂ જમવાનુ તેડુ ના કબુલ કરવાને મને ઘણી દલગીરીથી ફરજ પડેછે. કારણ કે, મારા માણસો મારી રાહા જોતાં હશે. હું તને મારી વીટી આપુંછું. આપણે જયારે પાછા મલીશું ત્યારે આ વીટીથી એક બીજાને ઓલખીશું અને આજની તારી ચાકરી વાસ્તે વધારે સારી રીતે તારો હું આભાર માનીશ. ”

તે યુનાની તરફથી પાછો જવાબ મેલવવાને તે ખો ટી ન રહ્યો. પોતાના ઘોડા ઉપર બેશી તે તેમની નજર આગલથી ગુમ થઇ ગયો.

ઉપલો બનાવ બન્યા પછી થોડે દિવસે સુલતાન મહમદે લડાઇની તૈયારી કરવા માંડી. ગ્રીકોએ અરબાન નામના એક કારીગરને કાઢી મુકયો હતો, તેણે તુર્કીનો આશરો લીધો. સુલતાને તેને કેટલીક બક્ષીસો આપીને નમુના તરીકે એક તોપ બનાવાનો હુકમ કર્યો. આ તોપમાંથી એક હજાર રતલનો ગોલો એક માઇલ સુધી જવો જોઇએ. તેણે તે કબુલ કર્યું. અને સુલતાનની મરજી પ્રમાણે થયું. કોન્સ્ટનટીનોપ્લમાં આ ખબર પહોંચી હતી, સુલતાને તેને જુદી જુદી જાતની તોપો બનાવા આપી. કોન્સ્ટનટીનોપ્લમાં હવે ગભરાટ થઇ રહ્યો. સુલતાન મહમદના લશકરે કુચ કરવા માંડીછે, એવી ખબર પણ ત્યાં આવી.

બે લાખ પચાશ હજાર માણસના સૈન્ય સહીત મહમદ તા૦ ૬ ઠી એપ્રીલ સન ૧૪૫૩ ને દિવસે કોન્સ્ટનટીનોપ્લ આગલ આવી પહોંચ્યો. તેણે તે ગંજાવર તોપ છોડવાનો હુકમ કર્યો. પહેલી વખત ત બરોબર ફુટી, પણ બીજી વખત તો જોરથી ફોટી ગઇ, અને તેના

બનાવનારના પુરજે પુરજા થઇ ગયાં. સુલતાને પોતાની બીજી તોપો છોડી અને શહેરની દીવાલને લગભગ નબલી પાડી નાંખી. તા૦ ૧૫ મી એપ્રિલે તુર્કીના પાંચ વહાણુ બોસફરસમાં દાખલ થયા. ગ્રીકોએ પોતાના વહાણુ તેમની સામે મોકલીને તેને હરાવ્યા. આ જીતથી ગ્રીકોને હીમત આવી પણુ બીજે દહાડે સવારના પહોરમાં ઊઠીને જુએછે તો તુર્કીઓના ઈઠોતેર વહાણો બોસફરસમાં લંગર પડયા હતા ગ્રીકોએ દરીઆમાં નાખેલી સાંકલ જેમની તેમ હતી અને આટલા બધા વહાણો દાખલ કેમ થયાં તે કોઇ જાણી શકયું નહિ. આખરે જીનોઆના સરદારે તે વિષે ખુલાશો કર્યો કે, તુર્કીઓએ એક રાતમાં જમીનને રસ્તે તેમને ઘસડીને દરીઆમાં ઊતાર્યા હતા! ગ્રીકોએ તેમને બાલી નાંખવાને બે વખત કોશેશ કરી પણુ નિષ્ફલ.

તા૦ ૨૪ મીએ સુલતાને જાહેરનામુ કાઢયું કે, તા૦ ૨૯ મીએ શહેર ઊપર હુમલો કરવામાં આવશે, અને શહેરની લુટ શીપાઇઓને વહેંચી આપવાંમાં આવશે. સરકાર પોતે તો ફકત શહેરનો માલેક થશે. હુમલો કરવાની આગલી રાતે તો તુર્કી લશકરે "લાહ ઇલા ઇલલ્લાહ મહમદદુ રસુલલ્લા" (ઇશ્વર એક છે અને તેનો પેગંબર મહમદ છે) ની ખુશી ભરી બુમો પાડયા કરી. આ બુમો છેક શહેરમાં સંભલાતી હતી.

બીજે દિવસે સવારના કીલાની દીવાલ ઊપર જીનોઆનો. સરદાર અને જુવાન લુકાસનોતારસ લસકર સહીત ઉભા હતા. તુર્કીઓ એકેક લાખ માણુસ થઇને બે બાજુમાં વહેંચાઇ ગયા હતા. તેમની વચમાં સુલતાન મહમદ પોતાના પચાશ હજાર જેનીઝેરીસની સરદારી લઇને

ઊભો હતો એજ લશકર સામે સામા થયા. જીનોઆનો સરદાર જખમી થયો. તેને ત્યાંથી લઈ જવામાં આવ્યો. ગ્રીક લશકરમાં ફુટ પડી. આખરે શહેનશાહ કોન્સ્ટનટાઇન થોડા લશકર સહીત બચાવ કરવાને નિકલ્યો, પણ તદન હારી ગયો. મુસલમાની સૈન્ય સરકોપેટ્રાને દરવાજે દાખલ થયું. લશકરે શહેરમાં લુટ ચલાવવા માંડી. મુસલમાની રાજ્યના સ્થાપનાર ઓસમાનનુ સ્વપ્ન સાચું થયું. બેશનીઆરો વચ્ચે જડેલા હીરા વાલી વીંટી મહમદ સુલતાને પહેરી.

સુલતાન સોફીઆના દેવલમાં ગયો અને તેને મસદ બનાવી. બાંગીને બાંગ પુકારવાનો હુકમ કર્યો તેણે "અલાહ અકબર" કરીને બાંગ પુકારી. નિમાજ કર્યા પછી સુલતાન મહેલમાં ગયો. તેણે તરતજ મોટા મોટા ગ્રીક કેદીઓને પોતાની હજુરમાં લાવવાનો હુકમ કર્યો. તેમને તેણે ઠપકો આપ્યો અને તરતજ મારી નાંખવાનો હુકમ કર્યો.

હવે એટલા વખતમાં લુકાસનોતારશનું શું થયું તે આપણે જોઇએ લડાઇમાં તે ઘાયલ થયો હતો. તેને એક સિપાઈએ ઊંચકી લીધો. જ્યારે તે સુધીમાં આવ્યો ત્યારે તેણે આ સિપાઈને કોન્સ્ટનટીનોપ્લનું શું થયું તે પુછયું.

"સુલતાન મહમદ હાલ સેંટ સોફીઆની મસજીદમાં છે."

"સેંટ સોફીઆની મસજીદ!" તે જુવાન ગ્રીક બુમ પાડી ઊઠયો "શું સુલતાન હમણા શહેરમાં છે!"

"તે હાલ પોતાની નવી રાજધાનીમાં છે. અલા તેનુ સંરક્ષણ કરો" તે જેનીઝેરીસ બોલ્યો. "તમે જ્યા

રે પુરતા સાવધ થશો ત્યારે તેની આગલ તમારે આવવુ પડશે, કારણ કે તમે કોઈ ઉમરાવ દેખાઓછો."

"હું ગ્રાંડ ડયુકનોતારસનો છોકરો છું"

"તમારો પિતા જીવતો છે. મેં તેને કેદી તરીકે મહેલમાં લઇ જતો દીઠો." તે સિપાઈ બોલ્યો.

"સાંભલ્યું છે કે, તમારો સુલતાન ઘણોજ ઘાતકી છે. આહાહા મારી બહેન ઇરીન તારૂં શું થશે? પણ ચાલો હવે આપણે મહેલ તરફ જઇએ," તે જુવાન બોલ્યો. તેઓ બેઉ મહેલ તરફ ચાલ્યા. દરવાજા ઉપર ઉભેલા અમલદારે તેમનું શું કામ હતું તે પછ્યું. તેના જવાબમાં તે જેનીઝેરીસે તેને ખુલાસો કીધો.

"તમારો કેદી લુકાસનોતારસ છે?" તે અમલદાર બોલ્યો. "ઇનશાલાહા? મને નામદાર સુલતાનનો સખત હુકમછે કે, તેને મુવો અથવા જીવતો શોધી લાવવો."

તેને અંદર લઇ જવામાં આવ્યો, જ્યાં સુલતાન પોતાના વજીર અને અમીરો સાથે બેઠો હતો. તે કેફમાં ચકચુર હતો. લુકાસ દીવાનખાનામાં દાખલ થતાંજ નિચે જમીન તરફ જોતો સુલતાનની પાસે ગયો.

" આ કયો ખ્રિસ્તી કુતરો છે?" સુલતાને પુછયું.

લુકાસ ચોંકયો. તે અવાજ તેને જાણીતો હતો. તેણે ઉંચું જોયું તો જંગલમાં ચોરોને હાથે જે માણસને તેણે બચાવ્યો હતો તે સુલતાન પોતે હતો. તેણે પોતાની આંગલીમાંથી વીંટી કહાડી અને સુલતાનને આપીને બોલ્યો, "દયા દયા, મોટા સુલતાન મારા પિતા અને બહેન ઉપર દયા કરો!"

"ઉઠ," સુલતાને કહ્યું "અને કાંઇ ધાસ્તી ના રાખ. મેં તને કહ્યું હતું કે, આપણે પાછા મલીશું. અ

ને તે પ્રમાણે આજે મલ્યા. તે ભવિષ્યવાણી આજે સાચી થઇ."

"અફ્શોસ! મારૂં અભાગ્યું દેશ!" આકાશ તરફ જોઇને તે ગ્રીક બોલ્યો.

તેજ વખતે એક અમલદાર ભાલાની અણી ઉપર શહેનશાહ કોન્સ્ટનટાઇનનું માથું મુકી દાખલ થયો. સુલતાને તે જોઇને ખુશીથી આંખો ચમકાવી પોતાની પાસેના ટેબલ ઉપર મુકાવીને તે અમલદારને એકસો સીકા ઈનામ આપ્યા. લુકાસે દાંત ભીસ્યા. સુલતાન તે જોઇને હસ્યો.

"જીતનાર, તારી જીતને તું એબ લગાડેછે!" જુવાન ગ્રીકે કહ્યું.

"અને તું આવા ટીકા કરીને તારૂં બુરૂં કરેછે" ગુસ્સાથી માહમદે જવાબ આપ્યો. તેજ પલે ગ્રાંડનોતારસ અને તેની છોકરીને ત્યાં લાવવામાં આવ્યાં.

"જેની સામે તું વધારે વાર બચાવ કરી ન શકે તેની સામે કતલ શા માટે ચલાવી?" મોટાનોતારસને દાખલ થતો જોઇને સુલતાને ગુસ્સાથી પુછ્યું.

"અમને જીતવાની આશા હતી." તેણે જવાબ દીધો.

"આજે લડવામાં જે જે અમીરો હતા તેમના નામ મને લખી આપ." ઇરીન તરફ જોતાં સુલતાને મોટાનોતારસને હુકમ કર્યો.

"મારો બાપ પોતાની આબરૂને એમ કરીને બદનામ નહિ કરે." લુકાસે કહ્યું.

"ચુપ!" મહમદે બુમ પાડી.

"નહિ, મારા કુટુંબની ગેરૈ આબરૂની કીમતે મ-

હેરઆની મેલવવા હું માંગતો નથી." તે અમીરી જુવાને કહ્યું

"નશીબને આપણે તાબે થવું જોઇએ." નોતારસે પોતાના છોકરાને ધીમેથી કહ્યું.

"આપણી જીંદગી બચવવાની કોશેશ–"

"આપણી આબરૂને ખરચે નહિ!" તે જુવાન બોલ્યો.

"ચુપ!" સુલતાન બોલ્યો. "અમીર ઉમરાવોના નામ મને લખી આપ" મોટોનોતારસ ટેબલ તરફ ચાલ્યો.

"પિતા, હું વિનંતી કરૂં છું કે, આપણા નામને બટો ન લગાડો! અરે એના કરતાં મરવાનું વધારે પસંદ કરો! આપણા પૂર્વજોને સંભારો! થોડો વિચાર કરો! પિતા કાંઇ વિચાર કરો!"

મહમદ હસ્યો. નોતારસે તેના બોલવા ઉપર કાંઇ ધ્યાન ન આપ્યું. તેણે તે પુરૂં કીધું અને ધુટણ મંડીએ પડીને સુલતાનને આપ્યું.

"અરે ઇશ્વર! આ કામને માટે મારા બાપને ક્ષમા કરજે!" લુકાસ બોલ્યો.

"યુનાનીઓની બે આબરૂનો આજે દિવસ છે!" ઈરીન ધીમે સાદે બોલી.

"સુંદરી, તું શું કહે છે?" મહમદે હસતાં પુછ્યું. "અહીં આવ, પાસે આવ, તું ભલે ધિક્કાર આપતી હશે તે પણ સારૂંજ છે!"

"જેણે તારી જીંદગી બચાવવામાં મદદ કરી છે તેને અપમાન ન કર;" લુકાસ ગુસ્સાથી બોલ્યો. અને જો બે સિપાઇઓએ તેને પકડી રાખ્યો ન હતે તો પોતાની બહેનની મદદે જતે.

"તારો ઉપકાર માનુંછું," ગ્રાંડ ડયુક તરફ જોઇને સુલતાન બોલ્યો. "તારા અને તારા છોકરાને ખાતર તે ગમે તેવો ઉચીત છે તોપણ તને માનથી નવાજીશ. પણ સુંદર ઇરીન મારી સુલતાના થશે!"

"કદી નહિ, કદી નહિ!" સિપાઇઓના હાથમાંથી જોર કરી છુટી જતાં લુકાસ બોલ્યો. ઇરીનને હીજડાઓ સુલતાનના કોચ ઉપર બેસાડવા લઇ જતા હતા ત્યાં આવ્યો. ઇરીન તેને બાઝી પડી. ગ્રાંડ ડયુક પણ પોતાના છોકરાંઓના સાહાસથી અજાયબ થયો.

"આ બેઉને તાબે કરો," ગુસ્સાથી મોટા ગ્રીક તરફ જોઇને સુલતાને કહ્યું, "નહિ તો પછીહું વેર લઇશ. લડાઇના તમે કેદી છો અને તેથી મારા ગુલામ છો. તેનો ઉપયોગ હું ગમે તેમ કરીશ."

"મોટા સુલતાન," ગ્રીકે ઘુટણ મંડીએ પડીને કહ્યું. "બીજી કોઇ બાબતમાં તમે કહો તેમ કરવાને તૈયારછું, પણ આ બાબતમાં તો હું કાંઈ કરી શકતો નથી. મારા જીવ કરતાં મને બેઉ છોકરાં વધારે વહાલાં છે. મારી છોકરીથી હું છુટો પડી શકતો નથી."

સુલતાને પોતાના માણસોને ઇસારત કીધી. તેમણે બેઉ બાપ દીકરાને મજબુત પકડી રાખ્યા અને ઇરીનને ઘસડીને તખત આગલ લઇ ચાલ્યા.

"દુષ્ટ–રાક્ષસ આજ રીતે તું તારૂં વચન પાળે છે?" છુટી જવાની કોશેશ કરતાં લુકાસ પુકારી ઉઠયો.

મહમદે તેના બોલવા ઉપર કાંઇ ધ્યાન ન આપ્યું. જ્યાં તે કુમારીકા બેઠી હતી ત્યાં તે ગયો, અને તેનો હાથ પકડીને તેને ધીરજ આપવા લાગ્યો. તેને કેટલીક લાલચો દેખાડી, પણ તે કુમારીકાએ તેની ઉપર કાંઇ

ધ્યાન ન આપ્યું. સુલતાને તેની કમર ઊપર હાથ નાંખી ને તેને પોતાની છાતીમાં દાબી. એક આંખમાં તે તેનાથી છુટી થઇ અને થોડે દુર જઇ પોતાના કપડામાં સંતાડેલું એક બારીક ખંજર કાઢીને પોતાની છાતીમાં મારી જમીન ઉપર પડી. સુલતાને સિંહના જેવી બુમ પાડી. અને તલવાર કાઢીને તે બાપ દીકરાને મારવા વાસ્તે ઉઠ્યો પણ તેના મોટા વજીરે તેને અટકાવ્યો. સુલતાને તે બેઉને સિક્ષા કરવાનું કહ્યું, વજીરે ઈસારત કરવાથી સિપાહીઓ તેમને ચોકમાં લઈ ગયા અને પહેલા પુત્રને બાપની નજર આગલ મારી નાખી પછી બાપનો પ્રાણ લીધો.

—:o:—

પ્રકરણ ૧૫ મું.

જેનીઝેરીસોનો બલવો.

ખલીલની ચોથી વાત વધારે ધ્યાનથી સાંભળવામાં આવી પણ હજી તો છેલા શબ્દો પુરા થાય છે એટલામાં અમીનાએ જોરથી બારણું ઉઘાડી નાંખ્યું અને "મારા મહેરબાન!-જેનીઝેરીસો-જેનીઝેરીસો!" એમ બોલતી અંદર દોડી આવી.

દોલતખાન પાશાએ ઉભા થઇને પુછ્યું, "શું તે ભયંકર લશકરે બલવો કીધો છે?"

"નામદાર મોટા વજીર સાહેબની તરફથી હમણા જ કાસદ આવ્યો હતો," અમીના બોલી, "તેણે કહ્યું કે. તમને એકદમ બોલાવે છે. તે બીજાઓને ચેતાવવા ગયો છે."

"સરકાર મને લશકર સોંપવા માંગેછે." ચહેરા ઉપર મગરૂબી લાવીને તે બહાદુર લડવૈયો પાશા બોલ્યો. "પણ હમણા હું ચાકરી નથી તેથી મારૂં પોતાનું લશકર નથી તેમજ મારા મદદનીશ અમલદારો પણ સાથે લેવા વાસ્તે નથી!"

"હું તમારા મદદનીશ તરીકે આવવાને તૈયાર છું," એકદમ ઉઠી અને દોલતખાન પાશા તરફ જઇને ખલીલે કહ્યું, "મારી તલવાર મને પાછી આપો અને હું મગરૂબી નથી કરતો પણ જ્યારે ત્યાં મારૂં કામ પડશે ત્યારે મને તમે જોશો!"

"અને હું પણ તૈયાર છું," લુકાસવાસીલો બોલ્યો.

"અને હું પણ તૈયાર છું," જુલીઅને કહ્યું.

આ બધું એક પલમાં બન્યું. ઇસમીલ્ડા મુર્છીત થઇ ગઇ. તેને અમીના તેના ઓરડામાં લઇ ગઈ. પાશાની છોકરીઓ ગભરાઇ ગઇ પણ જુલીખા તો શાંત દેખાઇ. દોલતખાન પાશા શુરો લડવૈયો હતો. તે સરદારની પદવી ભોગવતો હતો.

"હું તમારી માંગણી કબુલ કરૂં છું." તે બોલ્યો, "અને જેવા તમે હાલમાં દેખાઓછો તેવાજ ચાલશો તો દોલતખાન પાશા નિમકહરામ નથી."

જુલીખાં આગલ આવીને બોલી, "મામા. મને પણ તમારી સાથે શહેરમાં લઇ જાઓ. ઇશ્વર જાણે મારા વહાલા પિતાજીનું શું થયું હશે!"

"ઠીક છે દીકરી, તું પણ સાથે આવજે." દોલતખાને કહ્યું અને પોતાના ગુલામોને બોલાવીને તે ત્રણે જુવાનોના લઇ લીધેલા હથીઆરો તમને પાછા અપાવ્યા અને પછી પોતે કપડા પહેરવા ગયો. આટલા વખત આ

ત્રણે જોડાંઓને વાત કરવાનું ઠીક થયું. તે બેઉ બહેનો પોતાના પ્યારાઓ માટે રડવા લાગી. જુલીખાંએ તેમને હીમત આપીને શાંત કરાવી. થોડી વારમાં પાશા પાછો આવ્યો. અને પાંચે જણા મછવા તરફ ચાલ્યા. પાશા, જુલીખાં, ખલીલ અને તેના ગ્રીક મિત્રો વારા ફરતી મછવામાં બેઠા અને મછવો હંકાર્યો. ખલીલ જુલીખાંની બાજુમાં બેઠો વાતો કરતો હતો. એકાએક વાતો કરતો તે અટકી પડયો. તેની નજર પોતાની તલેશમાતી વીંટી જે પાશાએ પહેરી હતી તેની ઉપર ગઇ.

"મહેરબાની કરીને વીંટી મને પાછી આપશો?" વીંટી તરફ જોતાં ખલીલ ધીમે સ્વરે બોલ્યો.

પાશા ચોંકયો. પહેલી રાતના તેના મનમાં જે શક આવ્યો હતો તે પાછો આજે આવ્યો. તેણે ખલીલ સામે જોઇને પુછયું, "આ વીંટી તમારી પાસે કેમ આવી તે તમે મને નહિ કહો? ખરેખર હું માનુંછું કે–"

"મેં કહ્યું છે તેના કરતાં કાંઇ વધારે ઓછું માનવાને કરણ નથી," ખલીલ વચ્ચમાં બોલી ઉઠયો.

"અજબ છે!" એમ કહી તે વીંટી ઉતારીને તેને આપી. તેણે તે આંગલી ઉપર પહેરવાને બદલે પોતાના કપડાના કોઈ છુપા ગજવામાં સંતાડી.

તેઓ આખરે કીનારે આવી પહોંચ્યા.

"તમે તમારા પોતાના રહેઠાણ તરફ જશો અથવા તો મોટા વજીરને ત્યાં જશો એટલામાં આ જુલીખાંને તેના બાપને ત્યાં મુકીને આવીશ" ખલીલે જમીન ઉપર ઉતર્યા પછી કહ્યું.

"પહેલાં હું મારે ઘેર જઇશ," પાશાએ કહ્યું. અને ત્યાંથી મારે અને આ બહાદુર ગ્રીકો વાસ્તે ઘોડા-

ઓ તૈયાર કરાવીશ. ત્યાં તમે આવજો. કોણ જાણે આ-
રાતમાં શા શા બનાવો બનવાના છે?"

"ધાસ્તી ના ખાઓ. હું જે બોલ તમારા બંગલા
માં બોલ્યો છું તે પાલીશ." એટલો જવાબ આપીને ખ-
લીલ જુલીખાંને લઇને ચાલતો થયો. તેઓ બે ત્રણ ર-
સ્તાઓ પસાર કરીને કાદીયાસકરના ઘર આગલ આ-
વી પહોંચ્યા. તેણે જુલીખાંને કેટલીક ભલામણ આપી
અને પછી તે તલેશમાતી વીટી તેને પહેરાવી. તેણીએ
પોતાનો બુરખો ઊઘાડીને ખલીલે તેને જે કાંઇ કહ્યું હ-
તું તેને વાસ્તે ઉપકાર માન્યો. ખલીલે તેને એક ચુમી
લીધીને ચાલતો થયો. દોલતબાન પાશાના ઘર તરફ અ
થવા મોટા વજીરનાં મહેલ તરફ જવાને બદલે એક બી-
જોજ રસ્તો તેણે પકડયો.

હવે આપણે દોલતબાન પાશા તરફ ફરીએ. તે-
ઓ ત્રણે જણા પાશાના ઘર તરફ ચાલ્યા અને દશ મી
નીટમાં તો ત્યાં આવી પહોંચ્યા. તેણે પોતાના માણસો
ને હથીઆર બંધ થવાનો હુકમ આપ્યો અને જેનીઝેરી-
ઓ તેના ઘર ઊપર હુમલો કરે તો બચાવ કરવાનું કહ્યું.
પોતે ઘોડા ઊપર સ્વાર થઇ બેઉ યુનાની સાથે નિકલ્યો.

જેનીઝેરીસોનું લશકર આશરે ૪૦ હજારનું હતું.
જ્યારે કોઇ નવો રાજા રાજ ઊપર બેશે ત્યારે તમને બ-
ક્ષીસો મળતી. તેથી તેઓ નવા રાજાને ગાદી ઊપર બે-
સાડવાને ખુશી થતા. જો રાજ કર્તા વૃદ્ધ હોય અથવા
આજારી હોય તો તેને ના લાયક ગણતા. જો મોટા વ-
જીરથી કાંઈ તેમની સામે પગલું ભરાયું તો તેઓ એ-
કદમ બલવો કરતા.

દોલતબાન પાશા મોટા વજીરના મહેલમાં ગયો

અને હજી સુધી ખલીલ આવી ન પહોંચ્યો તેથી અજા-યબ થવા લાગ્યો. મોટા વજીરના મહેલમાં બીજા ઘણા અમલદારો આવ્યા હતા. બેઉ યુનાનીઓ આગલા ઓરડામાં રહ્યા અને પાશા અંદરના ઓરડામાં ગયો. ત્યાં તેને માલમ પડ્યું કે, જેનીઝેરીસોએ પોતાની છાવણી બાહાર એક કાગલ માર્યું હતું અને તેની ઉપર પોતા-ની માંગણીઓ લખી હતી. તે આ પ્રમાણે હતી: 'સુ-લતાન શલીમને ગાદી ઉપરથી ઉઠાડી મુકવો. અને કાદી-યાસકરને મારી નાંખવો.' કોન્સ્ટનટીનોપ્લમાં થતા ખુનોનું તેમને બદલો મલ્યું હતું.

"રાજધાનીમાં આજ લાંબો વખત થયો ધાસ્તી ફેલાઇ રહીછે તેમાં તો શક નથી." એક વૃદ્ધ દરબારી બોલ્યો. "તે કામ કરનારને કાદીયાસકર હસન એફેન્ડી હજી સુધી શોધી કાઢી શક્યો નથી તેને જેનીઝેરીસોને સ્વાધીન કરી આપવો."

"યા અલ્લાહ?" તે બોલનાર તરફ ગુસ્સાથી જો-ઇને દોલતખાન બોલ્યો, "હસન એફેન્ડી મારો પાસેનો સગો છે તે શું તમે જાણતા નથી?"

"હું તે જાણું છું, પણ જો તે મારો સગો ભા-ઇ હોય તોપણ તેને મરવા આપવાને હું ના પાડું નહિ."

"સુલતાને તેને આઠ દિવસની મુદત આપી છે કે, તેમાં તેણે તે ઘાતકી કામ કરનારને શોધી કાઢવો." પા-શા બોલ્યો.

"પણ જેનીઝેરીસો તો સુલતાનને મારી નાંખવા માંગે છે તેથી તેનો હુકમ ક્યાં રહ્યો?" તે દરબારી બો-લ્યો.

"આપ નામદારે મને બોલાવી મંગાવ્યોછે," દો

સતખાને મોટા વજીર તરફ જોઇને કહ્યું "તમારી પાસે પચાશ હજારથી વધારે સૈન્ય છે. મને તમની પાસે જવા દો. તેઓ મને ઓલખેછે.–"

"નેક પાશા," મોટો વજીર બોલ્યો, "તમારી બહાદુરી હું જાણું છું. પણ મેં જુદી જુદી પલટનોના જમાદારો પાસેથી સાંભલ્યું છે કે. તેઓ પણ જેનીઝેરીસો જેવા છે. આખું શહેર કાદીયાસકરની સામે છે, તેથી તેને મરવું તો પડશેજ."

બીજા પણ માન પામેલા દરબારીઓએ તેને ટેકો આપ્યો. આખરે સરકારી ફાંસીગરને કાદીયાસકરનો જીવ લેવા મોકલવાનો ઠરાવ થયો. સુલતાનના મહેલમાંથી તેને બોલાવી મંગાવવામાં આવ્યો અને તેને હુકમ આપીને રવાના કર્યો.

કાદીયાસકર પોતાના ઓરડામાં બેશીને પોતાના અમલદારો અને જાસુસો તરફથી આવેલા કાગલો વાંચતો બેઠો હતો. ફાંસીગર દાખલ થયો.

"હું ઘણોજ દલગીર છું કે, જેને ઘણા વરસ થયા હું ઓલખું છું તેની ઉપર આજે હાથ ચલાવવો પડેછે. પણ લાચાર છું. તમે જેમ પારકાના ચાકર છો તેમ હું પણ છું."

"મારા નશીબને તાબે થવાને હું તૈયાર છું." કાદીયાસકરે દલગીરીથી કહ્યું, "પણ મારે મારી પત્નિ તથા પુત્રીને મલવું છે."

"મને હુકમ તરતનો મલેલોછે, તથી તેમને અહીં બોલાવી લ્યો."

કાદીયાસકરે પોતાની સ્ત્રી તથા પુત્રીને પોતાની પાસે બોલાવી મંગાવી. ચાર દિવસે પોતાના પિતાને મલ-

વાથી જુલીખાં ખુશી થઇ. તેણે ફાંસીગરને જોયો ન હ-તો. તેની માતાએ તેને જોતાં ચીશ પાડી. જુલીખાં તેને જોઇને રડવા લાગી.

"મારા પતિને મારી પાસેથી છીનાવી ના લેઓ" તેની સ્ત્રી બોલી, "અમને થોડો વખત આપો. અમે સુ-લતાનના પગ આગળ–"

"પ્રાણ પ્યારી કલ્પાંત કરવું બંધ કર." તે બો-લ્યો. "બધું ફોકટ છે. મારા નસીબને હું તાબે થઈશ. હું મરીશ."

"તમે મરશો ! વહાલા પિતા !" જુલીખાં બો-લી પણ તરતજ ગંભીર થઇ ફાંસીગરની સામે જોઇને પુછ્યું, "તમે કોના હુકમથી અત્રે આવ્યા છો? બોલો-જલદી બોલો.

"નામદાર મોટા વજીરના હુકમથી." તે ફાંસીગ-ર બોલ્યો.

"મારી વહાલી પુત્રી, તું શા વાસ્તે વખત લગા-ડે છે. મારા ભાગ્યને તાબે થવા દે." કાદીયાસકર બોલ્યો.

"તમે ખરૂં બોલો છો !" ફાંસીની દોરી તૈયાર કરીને તે બોલ્યો. "વખત મફતનો જાય છે."

"મને છેલી વખત મલી લ્યો." તે બોલ્યો.

"સબુર કરો !" દઢ અવાજે જુલીખાં બોલી. પછી તે ફાંસીગર તરફ જોઇને બોલી. "આ વીટી જે કાંઇ સતા ધરાવતી હોય તેનાથી હું તમને હુકમ કરૂં છું કે જતા રહો !" એમ કહી તેણીએ તે વીંટી દેખાડી. તે જોઇને ફાંસીગર ચોંક્યો. તેણે તે વીટી બરોબર તપાસી.

"જાઓ !" દરવાજા તરફ આંગલી દેખાડી તે બોલી, "તમે જાણો છો કે, હવે અહીં તમારૂં કામ નથી."

તે નમીને ચાલતો થયો. દરવાજા અંદરથી બંધ કરવામાં આવ્યા અને અજાયબ થયલાં માત પિતાને જુલીખાં ભેટી પડી.

પ્રકરણ ૧૬ મું.

ત્રણ બાણો.

જે વખતે ફ્રાંસીગર કાદીયાસકરને ત્યાં ગયો હતો તેજ વખતે ખલીલ જેનીઝેરીસોની છાવણીના મુખ્ય દરવાજા આગલ ગયો હતો. આ ઠેકાણે માંગણીઓનો કાગલ મારવામાં આવ્યો હતો. પહેલાં તો ખલીલે તે ફાડી નાંખવાનો વિચાર કર્યો પણ પછી શાંત થયો. તેણે દરવાજો અફાલ્યો. ચોકી કરતા સિપાઈએ તે કોણ હતો તે પુછ્યું.

"મને તમારા આગા સાથે કામ છે." ખલીલે દૃઢતાથી જવાબ દીધો, "અને તમે મને તેની પાસે લઇ જશો?"

"આજ રાતે છાવણીમાં દાખલ થવાનો કોઇને હુકમ નથી." તે બોલ્યો.

"તે હું જાણું છું. પણ મને દાખલ કરો નહિ તો તમારા મુવેલા શરિર ઊપર થઇને મારે ચાલી જવું પડશે." ખલીલ બોલ્યો. તેણે પોતાની તલવાર ખેંચી કાઢી. તે સિપાઇની પાસે બંદુક તથા તલવાર હતી પણ તેતેનો ઊપયોગ કરી ન શક્યો. તે તેના રોબથી અંજાઇ ગયો.

"આગલ ચાલો મહેરબાન!" તે બોલ્યો, "જયાં દીવો બલે છે ત્યાં આગાનો ઓરડો છે."

"જો તેં મને અટકાવ્યો હત તો ખરાબ પરીણામ

નિપજતે, પણ તું સારી રીતે ચાલ્યો તેથી તને ઇનામ આપવું જોઇએ. લે આ કોથલી તારા સોબતીઓ સાથે મજા કરજે." તે સિપાઈએ તે લીધી. તેને તે સોનાના સીક્કાઓથી ભરેલી લાગી. તે અજાબીથી તેની તરફ જોતો ઉભો. ખલીલ આગલ ચાલ્યો. ત્યાં તેને બીજો સિપાઈ મલ્યો. તેણે તે કોણ હતો તે પુછયું નહિ. તેણે વિચાર્યું કે, દરવાજેથી તે આવ્યો છે તથી કોઇ કામ વાસ્તે આવ્યો હશે. તે દીવાનખાનામાં દાખલ થયો. તેને જોઇને બધા જણા ચોંક્યા. તેઓ તેની તરફ અજાયબીથી જોવા લાગ્યા. તે આગાની પાસે ગયો અને બોલ્યો. "તમે બલવાખોર જેનાઝેરીસોની સરદારી લીધી છે એ વાત ખરી છે?"

"આ સવાલ પુછવાનો તમને શો હક છે તે જાણ્યા પછીજ જવાબ આપવામાં આવશે." આગા બોલ્યો.

"તમારા સવાલનો જવાબ નહિ અપાય." આગા તરફ કરડી નજરે જોઇને ખલીલે કહ્યું.

"તમે અમારી મંડલીમાં એકદમ દાખલ થયા અને તમને ઓલખ્યા વગર અમે જવાબ આપીએ તે અશક્ય છે," તે આગા બોલ્યો.

"અને હું કહું છું કે, તમને કોઇ પણ સવાલનો હું જવાબ નહિ આપું." ખલીલે કહ્યું, "મારી મતલબ જોઇએ તે હશે પણ હું સાચવીશ. પણ તમે તમને ના લાયક કામ કીધું છે. જે સુલતાન તમારી ઉપર દહાપણથી રાજ ચલાવે છે તેની સામે તમે બલવો કર્યો છે. શું બહાદુર માણસ ઉધ્ધતાઇથી પોતાના જીવનું જોખમ ખેડે છે?"

ખલીલના બોલવાથી ને આગા અને તેના સરદારોના મનપર અસર થઇ. તે અજાણ્યો હતો એમ તેઓ ભુલી ગયા. તેમના મનપર થયલી અસર ખલીલ પામી ગયો. તેણે તેનો લાભ લીધો. તે બોલ્યો—"તમે સઘલા તમારી પદવી માટે મગરૂર છો. અને અરે આગા ! કાલે તમને હું રસ્તામાં મલું અને તમારી તરફ ધીક્કારથી આંગલી કરીને કહું કે, આ માણસ ચાર્લીશ હજાર લશકરનો સરદાર નહિ પણ ગુલામ છે' તો તમે મને મારવાને તલવાર કાઢશો. તમે તમારા સિપાઇઓની મરજી પ્રમાણે ચાલનારા ગુલામ છો ! શું આ તમને લાયક છે ! નામદાર આગા ! મારા આ શબ્દો તમને એકલાને લાગુ પડતા નથી પણ આ બીજા જે અમલદારો બેઠા છે તેમને લાગુ પડે છે. તેઓ પણ પોતાના હાથ નિચેના માણસોના કહેવા પ્રમાણે ચાલનારા છે."

ખલીલના શબ્દોથી તેમની ઉપર ઘણીજ અસર થઈ. તેઓ મનમાં સમજ્યા કે તેઓ સરદાર નહિ પણ ગુલામો છે. છટાદાર ભાષણ અને અમીરી ચાલ ચલણ સાથે બીજી કોઇ ઉમદા ચાલ ખલીલમાં દૃષ્ટે પડતી હતી. આગો કાંઇ બોલ્યો નહિ, પણ તેનાથી બીજો સરદાર ધીમે સ્વરે બોલ્યોઃ—"અલા અકબર ! આ જુવાન માણુસના બોલવામાં સચાઇ છે !" બીજો બોલ્યો "આ અજાણ્યો ખરૂં કહેછે." ત્રીજો બોલ્યોઃ—"ઇશ્વર એક છે અને તેનો પેગંબર મહમદ છે ! જો કે પેગંબર સિવાય આટલા દહાપણથી બીજો કોઇ બોલી ન શકે તોપણ આ જુવાનમાં તેનો અંશ ઉતરેલો લાગે છે."

"એમજ છે," આખરે આગો બોલ્યો, "આ જુવાન મુસલમાનનું કહેવું ખરૂંછે. પણ મને અને સ-

વાત પુછવા દો. કોન્સ્ટનટીનોપલમાં કેટલોક વખત થયો ભયંકર તેમજ છુપા ખુનો થાયછે. તે વિષે શું એ ના પાડી શકશે?"

"કોઇ પણ તે ના પાડી નહિં શકે," ખલીલ વચ્ચે બોલી ઉઠયો. "પણ તમે તે વિષે શું કર્યું છે? તમારા ચાલીશ હજાર માણસે તે ખુલું કરી આપ્યું છે?"

"અમે કાંઈ છુપી પોલીશના અમલદાર નથી."

"ત્યારે તે ફરજ કાંઇ સુલતાને બજાવવી ન જોઇએ, જો તમે તેને ગાદી ઉપરથી ભ્રષ્ટ કરવા માંગો છો" ખલીલ બોલ્યો.

"તે બધાનો ઉપરી છે તેથી દરેક ચીજને. જવાબદાર છે," આગાએ જવાબ દીધો.

પણ સુલતાનમાં ઇશ્વરનો અંશ છે તેથી થોડા વખતમાં સારૂં થશે.' ખલીલ બોલ્યો.

"આ જુવાન માણશ ખરૂં બોલે છે," એ ત્રણ અમલદારો બોલી ઉઠયા.

"અરે આગા તમે ડાહ્યા છો," ખલીલ બોલ્યો, "અને તમે સમજોછો કે, તે બાબત વિષે સુલતાન ઉપર ઠપકો રાખવો ન જોઈએ. પણ સુલતાને તમારી ઉપર રાખવો જોઇએ.

"સુલતાનની સામે અમે ગેરવાજબી રીતે સામે થયા તે હું કબુલ કરૂંછું." શરમથી આગાએ કહ્યું.

"અને તેજ પરમાણે મોટા વજીર વિષે થવું જોઇએ."

"તે પણ ખરૂં! આગા બોલ્યો, "પણ કાદીયા સદર!" "હા, હવે તે વિષે વિચાર કરીએ," ખલીલ બોલ્યો આ બધાનો તે જોખમદાર છે એમ હું કબુલ ક

રતો નથી પણ બીજો કોઇ તેમ કહેતા હું કહેવાને તૈયારછું કે પોલીશના વડા તરીકે તે જોખમદાર છે. તમે જાણુતા નથી કે સુલતાને આ ભયંકર કામ કરનારને શોધી કાઢવાને તેને આઠ દિવસની મુદત આપી છે? આજે ચોથી રાતછે અને તેણે થોડી ઘણીક ખબર મેલવીછે અને તમે જો તેને આજેજ મારી નાંખશો તો તે પણ તેની સાથેજ નાશ પામશે અને બધું અંધારામાં રહેશે. તેને ચાર દિવસ જીવવા દો અને પાંચમે દીવસે બધું ખુલું થશે. તમારા માણસોને બલવામાંથી પાછાં ફેરવવાનું તમારા હાથમાં છે અને તમે તેમને ફેરવો."

ખલીલે જેવું બોલવું બંધ કર્યું કે, તરતજ "અલા મોટા છે!" એવી બુમો બધાએ પાડી. તે આગો અને તેના સરદારો વિચારમાં પડ્યા. જેનીઝેરીસો જ્યારે બલવો કરતા ત્યારે ઇનામ મેલવવાની આશા રાખતા અને હમણા પણ તેમજ હતું. તેઓને સોનું કયાંથી આપવું તેનો વિચાર થઈ પડયો. ખલીલ તેમના મનનો હાલ પામી ગયો.

"જો તમે અને તમારા સીપાઇઓ આ વાજબી તકરારો નહિ સાંભલો તો ધમકીઓ સાંભલવી પડશે," ખલીલે કહ્યું "સાંભલો, હું કહુંછું તે ખોટું નથી. સુલતાન સલીમ બહાદુરછે. જ્યારે મહમદ બીજાએ કોન્સ્ટનટીનોપ્લ જીતી લીધું ત્યારે ખ્રોસ્તી શહેનશાહે પોતાની દોલત સંતાડવાને ભોંયરૂ બનાવ્યું હતું તે તો તમો જાણોછો. બાદશાહી મહેલથી તે બ્લેકરનેશના દરવાજા સુધી તે હતું. તે દરવાજો કયાં હતો તે તમે જાણોછો? જ્યાં હાલ તમારા સીપાઇઓની છાવણી છે ત્યાંજ હતું. ચોંકો તે ખરૂં છે!—આ ઇમારત તે ભોંયરાની ઉપર છે

અને તે બાદશાહી મહેલ સુધી છે. હવે એક બોલ સાંભલી લ્યો! સુલતાનના હુકમથી દારૂ નિચે ભરી રાખવામાં આવ્યુંછે તે હુકમ આપે એટલી વારછે. પણ તે ડાહ્યો તથા દયાલું છે. તમે બધા તમારા ચાલીશ હજાર મગરૂર સિપાઇઓ બધા તેની ઊપર છો."

થોડી વાર સુધી બધા ચુપ થઈ રહ્યા. આખરે આગો બોલ્યો, "તમે કોણ છો? અને આ બધું કહેવાનો તમને શી સતા છે?"

"આગા, તમારા કાનમાં એકજ શબ્દ સાંભલો અને પછી વિચારો કે મને સતા છે." ખલીલે કહ્યું.

ખલીલે તેના કાનમાં કાંઇ કહીને તેને ચુપ રહેવાની ઇશારત કરી. તે આગો બોલ્યો, "તમારા વચન મારા માથા ઊપરછે. મારા બધા ખજાનાને ભોગે પણ જેનીઝેરીસોને પાછા વાલીશ. ખલીલ તમે જાઓ અને એક કલાકમાં ત્રણ બાણો આકાશમાં ચહડશે જે જેનીઝેરીસોને પાછા ફરવાની નિશાણી છે."

"બહુ સારૂં! અને તમારી સભ્યતા માટે તમને ઇનામ આપવું જોઈએ." એમ કહી ખલીલે પોતાના કપડામાંથી ઝવેરાતની પેટી કાઢી અને તે ઊઘાડીને આગાના હાથમાં આપી. તેના તેજથી બધા અંજાઇ ગયા. ખલીલ ચાલતો થયો.

ગ્રાંડ વજીરને ત્યાં થયલા મેલાવડા તરફ હવે આપણે ફરીએ. વાંચનારને યાદ હશે કે, ફાંસીગરને તેઓએ કાદીયાશકરનો જીવ લેવા વાસ્તે મોકલ્યો હતો. તેને મોકલ્યા પછી સભાએ ઠરાવ કીધો કે, જે લશકર આપણી તરફ છે તેની પાસે દોલતખાન પાશાને મોકલવો. દોલતખાન પાશા તૈયાર થયો. સભા વિખરાઇ ગઈ અને

ગ્રાંડ વજીરે પોતાના રક્ષણ માટે મહેલની આસપાસ થોડા માણસો રાખ્યા. દોલતખાન પોતાના ગ્રીક મિત્રોની પાસે ગયો. ત્યાં ખલીલ આવ્યો ન હતો. તેણે તેને વિષે પુછયું. પણ કાંઇ ખબર મલી નહિ. ત્રણે જણા અજાયબ થયા- શું તે બીકનો માર્યો ન આવ્યો ? પોતાનું વચન તો તે તોડે એવો ન હતો. તેઓએ ખાત્રીથી વિચાર્યું કે, તેની ઉપર કાંઇ આફત આવી પડી હશે. તેની વધારે રાહા ન જોતાં તેઓ જવા નિકલ્યા. સૌ પોતંપોતાના ઘોડા ઉપર બેઠા અને આગલ ચાલ્યા. મોટા વજીરના મહેલની બહાર આસરે દશ હજાર લશકર તૈયાર ઉભું હતું. દોલતખાન પાશા તેમની તરફ ગયો. ચોકી કરતા સીપાઇએ સલામ કરી. પાશાએ તેમના સરદારને મલવાની ઇચ્છા જણાવી. થોડી વારમાં સરદાર બીજા નિચેના સરદારો સહીત ત્યાં આવી પહોંચ્યો. દોલતખાને પોતાને મલેલો પરવાનો તેને આપ્યો. તે વાંચીને નમ્યો અને પોતાના સૈન્યને તૈયાર થવાનું રણશીંગુ કર્યું. તરતજ લશકરના માણસો જેઓ છાવણીમાં હતા તેઓ બહાર આવ્યા. જેઓ બેદરકારીથી આમતેમ ફરતા હતા તેઓ એકઠા થયા અને થોડીવારમાં તો પોતપોતાના ઓધા પ્રમાણે ઘોડે ચઢીને ઉભા. તેઓ દીલમાં ખુશી ખુશી થતા હતા. જાણે લડાઇમાં દુશમનોને જીતવા જવું હોય એવા ખુશી તેઓ દેખાતા હતા. દોલતખાન પાશા લશકરમાં જાણીતો હતો અને જ્યારે તેમના સાંભલવામાં આવ્યું કે, તેને તેમની ઉપર સરદાર તરીકે નીમવામાં આવ્યોછે ત્યારે તેઓ ખુશીની બુમો પાડવા લાગ્યા. લશકરનો સરદાર ઘોડા ઉપર બેશીને કહેનો કે, દોલતખાનને સરદાર નીંમવામાં આવ્યો છે અને

બોસતાનજીઆચી (જલ્લાદ) કાદીયાસકરનું માથું કાપવા ગયોછે. તેની જગા ઉપર કોટવાલ તરીકે ભરોસાદાર નીમાસે. લશકરને એ પ્રમાણે સમજાવવાને દોલતખાન પોતે પણ ચાલ્યો. તણે સમજાવ્યું કે, જેનીઝેરીસો ફકત કાદીયાસકરના મોતની રાહા જુવેછે; કારણકે, છુપાખુનોમાં તેમના લશકરનાં કેટલાક જુવાન માણસો પણ સપડાઇ ગયા હતા. અને હવે હસન એફેન્ડી કાદીયાસકરનું નામ નાશ પામશે. લશકર આ સાંભળીને ખુશી થયું અને જેનીઝેરીશોની સામે કુચ કરવા તૈયાર થયું તેનો સરદાર દોલતખાનની આગલ આવ્યો અને આપ્રમાણે કહ્યું —આપ જનાબેઅલીને જણાવવાની હું રજા લઊંછું કે, લશકર તૈયાર છે. કાદીયાસકર હસન એફેન્ડીનો જીવ લેવાને ફાંશીગર ગયોછે તે સાંભળીને તેઓ ઘણા ખુશ થયાછે તેઓ તમારી મરજી પ્રમાણે કરવાને ઘણા ખુશીછે."

"બહુ સારૂં." પાશાએ કહ્યું. "પોતાની તરફ નીમકહલાલ રહેલાઓને ઇનામ કેમ આપવું તે નામદાર સુલતાન શારી રીતે જાણેછે."

"પણ હું ધારૂંછું કે મોટો વજીર કાદીયાસકરનો જીવ લેવા નહી આપે." તે સરદારે કહ્યું.

"એથી ઉલટુંજ," પાશા બોલ્યો, "તેણે તેનો જીવ લેવાને ફાંસીગરને મોકલ્યો છે. કદાચ તે કામ કીધું પણ હશેજ. તેને મારી નાંખવા પછી તેનું માથું કાપીને સોલીમનીઆના મેદાનમાં ઉભું કરવાનો હુકમ છે."

"ત્યારેતો બધું સારૂં થશે." સરદારે કહ્યું "પણજો તેમ નથયું તો મારા ધારવા પ્રમાણે આપ જનાબેઅલીની જીંદગી જોખમમાં છે."

"હું ફરીથી કહુંછું કે, ફાંસીગરને મોટો વજીર

હુકમ આપી ચુકયો છે." પાશાએ કહ્યું, "તમે જાણુતા નથી કે, કાદીયાસકર મારો પાસેનો સગો છે? તેના મોત વાસ્તે તો હું સામો થયો હતો પણ ફાવ્યો નહીં. તેથી તમને હું ખોટું સમજાવીશ ? "

"મારા મહેરબાન હું સંતોષ પામ્યોછુ" તે સરદારે કહ્યું. "હવે હું તરતજ"—

"સબુર કરો ! હું મારી મેળેજ લશકરને તે ખબર આપું કે તેથી તેઓ સંતોષ પામે." એમ કહી તેણે લશકરની વચ્ચમાં ફરીને તેમને ફરીથી ધીરજ આપી.

"સીપાઇઓ !" નવો કમાન્ડરઇનચીફ દોલતખાન પાશા બોલ્યો, "મેં જે તમને કહ્યું છે તેનો જામીન હું પોતેછું. આપણે બલવાખોરોની સામે હમણા જઇશું અને સુલેમાનીઆના મેદાનમાં કાદીયાસકરનું માથું ભાલાની અણી ઉપર મુકેલું તમે ત્યાં જોશો. મારૂં બોલેલું જો ખોટું પડેતો મારૂં પોતાનું માથું તૈયાર છે."

સૈન્યમાંથી ખુશાલીના અવાજો નીકલ્યા. બધું સૈન્ય તેના હુકમ નિચે કુચ કરવાને તૈયાર થયું. દોલતખાન આગળ ચાલ્યો. સૈન્યે કુચ શુરૂ કીધી. દોલતખાન પાશાની સાથે કેટલીક તોપો હતી.પણ જેનીઝેરીસો પાસે તે મુદલ નહતી તેથી તેમની છાવણીનો દરવાજો ઊઘાડવો તેમને સહેલ હતો. દોલતખાન તેમને વચન આપેલે રસ્તે લઇ ગયો. ત્યાં સૌથી પહેલો દોલતખાન આજુ બાજુ જોવા લાગ્યો પણ કાદીયાસકરનું માથું ક્યાં પણ દેખાયું નહીં. તેણે આંખો ચોળી ચોળીને જોયું પણ એનુંએજ. તેણે વિચાર્યુંકે ઘડપણને લીધે તેની આંખો નબલી પડી ગયાથી એમ થયું હશે તેથી તેણે લુકાસ તથા જુલીઅનને પુછયુંકે, જલાદે કાદીયાશકરનું માથું કયે ઠેકાણે મુકયુંછે. તેઓએ

આસપાસ જોઇ ખાત્રી કીધા પછી જવાબ આપ્યો કે, ત્યાંતો કાંઈ દેખાતું નથી. બે સરદારોએ આવીને તેની પાસે કાદીયાસકરનું માથું ક્યાં હતું તે દેખાડવાની માગણી કરી. દોલતખાન પાશા ગભરાયો–તે શુરો સિપાઇ છતાં ગભરાયો. આખરે હીંમત લાવી બોલ્યો, " મેં તમને ઠગ્યા નથી. ગ્રાંડ વઝીરે જલાદને મોકલ્યો તે વખતે હું પાસે હતો."

" મારા મહેરબાન, લશકર ઊતાવળુ થાય છે. જુઓ તેના પોકારો સાંભળો." બુઢા સરદારે કહ્યું.

સૈન્યમાં બુમ પડી, " કાદીયાસકરનું માથું નહીં તો પાશાનું માથું! " સૈન્યે પોતાની હાર મુકી દીધી. તેઓ વધારે આગળ આવ્યા. વધારે બુમો પડી.

દોલતખાને મરવાની ખુશી દેખાડી. પણ બેઉ યુનાનીઓ તલવાર ખેંચીને તેની બાજુએ જઈ ઊભા. દોલતખાને તેમને પાછળ જવા કહ્યું, પણ તેમણે માન્યું નહીં. લશકરમાથી વળી પોકાર ઉઠ્યો, કે દોલતખાનને બેઉ યુનાનીઓ સુદ્ધાં મારી નાંખો.

" સબુર કરો!" તેમની વચમાં એક ઘોડેસ્વારે આવીને બુમ પાડી.

તે ખલીલ હતો. " આ બધાનું કારણ શું?" ક્રોધાતુર નજરે તે બોલ્યો.

બધાની આગળ ઉભેલો ગુસ્સે થયલો લડવૈયો બોલ્યો, " એનું કારણ અમને ઠગવામાં આવ્યા છે—ઠગનારાઓના અમે જીવ લઈશું અને પછી જેનીઝેરીસો સાથે જોડાઇ જઇશું!"

" ચુપ!" સ્વચ્છ અવાજે ખલીલ બોલ્યો, "તેઓ હવે બળવાખોર નથી. તેઓ સુલતાનની વફાદાર રૈયત છે."

"આ વળી બીજી યુક્તિ !" તેજ લડવૈયો બોલ્યો.

"હું કહું છું કે તે ખરૂં છે ! જેનીઝેરીસો હવે બળવાખોર નથી, તેઓને પાછા ફરવાની નિશાની જુઓ."

જે વખતે ખલીલ બોલ્યો તે વખતેજ આકાશમાં ત્રણ બાણો ચઢેલા દેખાયા.

પ્રકરણ ૧૭ મું.

મછવામાં.

હા—જેનીઝેરીસોને પાછા ફરવાની નિશાની બધા સૈન્યે જોઈ. ખલીલ જેવો એક અપ્રસિદ્ધ માણસ તે ખબર લાવ્યો તેથી તેમનામાં અજાયબી ફેલાઇ.

"તમે સુલતાન તરફ જે નિમકહલાલી દેખાડી છે તેનો તમને બદલો મળશે," સૈન્ય તરફ ફરીને ખલીલ બોલ્યો, "થોડીવાર તમે બળવાખોર થયા તે ભુલી જવામાં આવ્યું છે. અને તમે જેવા તમારી છાવણીમાં જશો કે, તમને બક્ષીસો મળશે."

"પણ કાદીયાસકરનું શું થયું ?" કેટલાકો બોલી ઉઠયા.

"કાદીયાસકર હજી જીવતો છે. તેને મોત લાયક નથી," ખલીલ બોલ્યો. "તે પોતાની ફરજ બજાવતો જાય છે અને હાલ જેવો તે અપ્રસિદ્ધ છે તેવોજ થોડા દિવસમાં તે પ્રસિદ્ધ થશે. વધારે હું કાંઇ કહેતો નથી. તમને તમારી છાવણીમાં જવાનો હુકમ થયો છે. જે સ નાધારીની તરફથી મને આ ખબર પહોંચાડવાનો હુકમ થયો છે તેની તરફનું એટલુંજ કહેવું છે."

સૈન્ય સંતોષ પામ્યું. દોલતખાનપાશા સરદારને લશકર સોંપીને ત્યાંથી ચાલતો થયો. ખલીલ, બે સુના

નીઓ અને તેના અંગ રક્ષકો તેની સાથે ગયા. થોડે દુર ગયા પછી તેણે પોતાનો ઘોડો એકદમ ઉભો રાખ્યો અને ખલીલ તરફ ફરીને બોલ્યો, "ભાઈ ખલીલ, મારી જીંદગી વાસ્તે હું તમારો આભારી છું. પણ આ બધો છુપો ભેદ શું છે?"

"શું છુપો ભેદ?" તે જુવાન તુર્કીએ પુછ્યું.

"પહેલું તો," અડધા શકમંદ અડધા માનના દેખાવે પાશાએ પુછ્યું, "મારો સગો કાદીયાસકર હજી જીવતો કેમ છે?"

"જલ્લાદમાં પોતાનો હુકમ બજાવવાની હીમત નથી"

"અને જેનીઝેરીસોનો બળવો કેમ બંધ પડયો?"

"એક સાદી વાત જેમેં તેમના આગાને કહી તેથી," ખલીલે જવાબ દીધો, "જે તેણે માની—તે વાત એ હતી કે, તેની છાવણી નીચે ભોંયરામાં દારૂના પીપો ભરેલા છે અને તે તેને અને તેના માણસોને છાવણી સુદ્ધા ઉરાડી મેળવાને પુરતા છે."

"અજાયબ જુવાન માણસ! કેવી સમય સુચકતા!"

"મહેરબાન, મુગા રહો! ભીતોને પણ કાન હોય છે. આગો માત્ર બનાવટથીજ નરમ પડી ગયો એવું જાહેર થશે તો તે એકદમ તમારી ઉપર ધસી આવશે. અને કદાપી વેર લેશે,"

"એતો ખરૂંજ!" પાશાએ જવાબ દીધો "પણ તમે હમણાં સૈન્યને કહ્યું કે, કાદીયાસકર જે હાલ અપ્રસિદ્ધ છે તે થોડા દિવસમાં પ્રસિદ્ધ થશે, એ શું?"

"એ વળી બીજી બનાવટ," હસતાં હસતાં ખલીલે જવાબ દીધો, "અને તેથી તો જોઇએ તેવી અસર થઇ. કાદીયાસકરને મળેલા હુકમ પ્રમાણે હવે બાકી

ચાર દિવસમાં તે ભયંકર ભેદ ખુલ્લો થશે અને તેથી તે પ્રસિદ્ધ થશે."

"બરોબર છે" પાશાએ જવાબ દીધો. "પણ સૈન્યને જે ઇનામનું કહ્યું તે? તે પણ શું બનાવટ? કારણ કે, નહિતો એક કલાકની અંદર તેઓ બળવો કરશે."

"શું આપણો સુલતાન બદલો વાળે એવો સખી નથી?"

"તમે ખરેખર એક હુશીઆર સતાવાળાનું કામ કર્યું છે. આજની રાતે તમે તમારા સુલતાનની સેવા બજાવી છે. ચાકરીનો બદલો કાંઈ સાધારણ—"

"હું તે જાણું છું" ખલીલે કહ્યું. "અને તે બદલે આપ નામદારે આપવો જોઇએ."

"કઈ જાતનો?" પાશાએ અજાયબ થઇને પુછ્યું "બોલો! મને કહો!" "મને અને મારા મિત્રોને વિષે ખબર કઢાવી મંગાવો. ત્યાં સુધી તમારા ઘરમાં રહેવા આપો—"

"કબુલ! તે તમને કોણ ના પાડે છે!" પાશા બોલ્યો, "પણ પહેલાં મારે ગ્રાંડ વજીરને ત્યાં જવું જોઈએ અને તેને આ બધા—"

"મોટા વજીરને જેનીઝેરીસોના પાછા ફરવાની ખબર પડી ચુકી છે." ખલીલે જવાબ આપ્યો "જેવો હું તેના મહેલ આગળથી આ ઘોડા ઉપર બેશીને જતો હતો, તેવોજ તે પોતે સુલતાનના મહેલમાં જવા ની કળ્યો હતો. માટે આપ આપના બંગલામાં જઇને સુખેથી નિંદ્રા લ્યો."

પાશાએ પોતાના એડીકાંગોને રજા આપી અને

પોતાના તમેલા તરફ ઘોડા હાકવા વિચાર કર્યો. ખલીલે કહ્યું, " તમે ત્યાં જઇને ઘોડા આપો અને હું જે મુસાફરે ભલમનસાઇથી આ ઘોડો આપ્યો છે તેને પાછો આપીને કીનારા આગળ આવું છું."

પાશા અને જુલીઅન તથા લુકાસ ચાલતા થયા અને બીજી બાજુ ખલીલ ચાલ્યો. બે ત્રણ ગલી પસાર કર્યા પછી તે એક એકાંત ગલી આગળ આવી પહોંચ્યો. અહીં તે ઘોડા ઉપરથી ઉતર્યો. તે ઘરના છાપરામાંથી સ્વચ્છ પોશાક પહેરેલો એક ઘોડાવાળો નીકળી આવ્યો.

" ચુપ, એક બોલ નહિ!" ખલીલે કહ્યું "માત્ર મારા સવાલનો જવાબ આપજે. સાદક મેં તને કહ્યું તે બરોબર સમજ્યો ?"

" બરોબર " તે માણસ જે પોતાનું કામ બરોબર સમજતો હતો તેણે જવાબ આપ્યો.

" તારી સાથે સોંપેલા માણસોને લઇને તને કહ્યું છે તે જગાએ બરોબર નજર રાખજે. અને નિશાણ થતાં શું કરવું તે પણ બરોબર સમજ્યો છે ના? ઠીક. નિશાણ ક્યાં છે?"

" આ રહી " એમ કહી માણસે તેને કાંઇ આપ્યું.

" હવે તારૂં કામ નથી જા " ખલીલે કહ્યું, અને તે માણસ ઘોડા ઉપર બેશીને ચાલતો થયો. ખલીલ કાદીયાસકરના ઘર તરફ ગયો અને ત્યાં ચોકી કરતા સિપાઇને એક બીડેલું કાગળ આપીને જવાબની રાહ ન જોતાં તે ચાલતો થયો. તે કીનારા આગળ આવ્યો જ્યાં પાશાનો મછવો પડયો હતો. થોડી વારમાં પાશા અને બેઉ યુનાનીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. બધા જણને

લઇને મછવો પાછો પાશાના બંગલા તરફ હંકાર્યો. રસ્તામાં પાશાએ ખલીલનાં ઘણાં વખાણ કર્યાં. તેમના પ્યારની આડે ન આવવા કહ્યું. પોતાની બેઉ છોકરીઓ બેઉ યુનાનીઓને પરણાવવાની કબુલાત આપી. તેમને પોતાના માત પિતાની મરજી પુછાવાની રજા આપી. ખલીલને જુલીખાંના માત પિતાની રજા પુછવાની પરવાનગી આપી. લુકાસ અને જુલીઅનની ખુશીનો પાર રહ્યો નહિ. જુલીખાં પાછી કાલે આવશે એમ ખલીલે પાશાની ખાત્રી કરી. પાશાએ મશકરીમાં તે વાત ઇસમીલ્ડાને કહીને હસાવવાનો પોતાંનો વિચાર જાહેર કર્યો, પણ ખલીલે તેને વાર્યો પાશાને તેણે દાખલા દલીલથી તે વાત તેની પાસે ન કહેવાને સમજાવ્યો. પાશાને પણ તે ખરૂં લાગ્યું. પોતાની સ્ત્રી ઇસમીલ્ડા સદ્‌ગુણી અને પતિવૃતા હતી એમ તેના મનમાં હતું. તે તેણે કહી દેખાડયું. ખલીલ અને તેના બેઉ મિત્રોએ તે માન્યું હોય તેમ ડોકું ધુણાવ્યું. તેઓ ત્રણે જણા ઇસમીલ્ડા કેવી હતી તે તો જાણતા હતા. આખરે તેઓ બંગલા આગલ ઉતર્યા ત્રણે જણને તેમના ઓરડામાં મોકલ્યા પછે પાશા ઇસમીલ્ડાના ઓરડામાં ગયો, જયાં તેણે આપ વડાઇની વાતો કરી. ઈસમીલ્ડાએ જુલીખાં વિષે પુછ્યું. તેના જવાબમાં પાશાએ એટલુંજ કહ્યુ કે, તેના પિતાને ઘેર મુક્યા પછી તેનું શું થયું તે ખબર નથી. આ સાંભલી તે મનમાં ઘણીજ ખુશી થઈ.

બીજે દિવસે સાંજના મોટા વજીરને ત્યાંથી એક અમલદાર દોલતખાન પાશા વાસ્તે માનનો ચાંદ અને બેટો લઇ આવ્યો. તેના ગયા પછી થોડીવારે જુલીખાં પણ પોતાના બાપના મછવામાં ત્યાં આવી પહોંચી.

પ્રકરણ ૧૮ મું.
મેજબાની.

પાશાએ કેટલાક પરોણાઓને આજે નોતર્યા હતા. બાગમાં માંડવા બાંધીને બધે ઠેકાણે રૂશનાઇ કરવામાં આવી હતી. સાંજ પડતાં બધા પરોણાઓ આવવા લાગ્યા. પાશા ખલીલ અને તેના બેઉ મિત્રોને પણ ત્યાં લઇ ગયો હતો પાશાએ તેમને પોતાની છોકરીઓ અને ભાણેજ તરફ ઓછું ધ્યાન આપવાને તેણે કહ્યું હતું. ગઈ રાતના બનાવ વિષે જો પુછવામાં આવે તો બહુ થોડુંજ કહેવું એમ કહેવામાં આવ્યું. ખલીલે કહ્યું કે, અમેતો એટલુંજ કહીશું કે, પચાશ હજાર લશકર જોઇને તેમનો આગો ધાસ્તી ખાઈ ગયો હતો. પાશા ખલીલની આવી નમ્રતા જોઇને ખુશી થયો. તે તેમને બાગમાં લઇ ગયો ત્યાં પોતાની સ્ત્રી, બેઉ દીકરીઓ, અને ભાણેજને પોતાની પાસેજ રાખ્યાં હતાં. પણ જ્યારે બધા પરોણાઓ આવી પહોંચ્યા હતા ત્યારે તેમને મુકીને તે તેમની વચમાં ભેલાઇ ગયો. લુકાસ અને જુલીઅનને પોતાની પ્યારીઓ સાથે વાત કરવાની છુટ મળી. ખલીલે જુલીખાંને એક બાજુ લઇ જઇને કહ્યું, "મારી વહાલી જુલીખાં, આપણે બેઉએ વધારે વાર સાથે રહેવું ન જોઇએ. ઈસમીલ્ડા મને જુએછે. મેં તને કહ્યું છે." જુલીખાંએ જવાબ દીધો, "હું તે જાણું છું. પણ તમે આટલા વખતમાં જે કાંઈ કીધું છે તેનો બદલો હું કેમ વાલીશ તે જાણતી નથી." ખલીલે મીઠાસથી કહ્યું. "પ્યારી, તારો પ્યાર આપીને તેં બધો બદલો વાલી નાખ્યો છે. પણ હવે જા. ઈસમીલ્ડાથી

મારે છુપાવું જોઇએ." એમ કહી ખલીલ ત્યાંથી ચાલતો થયો. તે ઇસમીલ્ડાથી દુરનો દુર રહ્યો. તેના મનમાં કેટલાક વિચારો ઉત્પન થયા. વિચારમાં ને વિચારમાં તે કેટલોક આગલ નિકલી ગયો. તે ઝાડની નિચે ફરતો હતો એટલામાં કોઇ દરવાજો ઉઘડવાનો અવાજ તેને કાને પડયો. તે એકદમ ચોંકયો પોતે ઝાડોની ઘટામાં હોવાથી બધું જોઇ શકતો. તેણે એક માણસના આકાર ને પોતાની પાસેથી જતો દીઠો. અજવાલાથી જોયું તો તે માણસ પેલો હથીઓપીઅન ગુલામ હતો. તે તો આગલ ચાલ્યો ગયો પણ ખલીલતો તે જે રસ્તે આવ્યો હતો તેજ તરફ ગયો. ત્યાં તેના જોવામાં એક દરવાજો આવ્યો, આ દરવાજા આગલથી આખા બાગનો દેખાવ દેખાતો હતો. ખલીલે પેલા ગુલામ તરફ નજર ફેરવી તો તે બાગમાં બાંધેલા માંડવાઓના ખંડોમાં ડોક્યું કરતો દેખાયો. ખલીલે તે શું કરતો હતો તેની દરકાર ન કરતાં પેલું બારણું ધકકેલ્યું. અંદરની બાજુ તે તરતજ ઉઘડી ગયું. ખલીલ વગર આનાકાનીએ અંદર દાખલ થયો. પાછું બારણું જેમ હતું તેમજ બંધ કર્યું. ત્યાં જુએછે તો પેલા લાકડાના બારણા આગલ તે ઉભો હતો. જરા વારમાં તો પેલો ગુલામ પાછો આવ્યો. તેના હાથમાં બે શીશાઓ અને કેટલુંક ખાવાનું હતું. તેણે ખલીલને મુદલ દીઠો ન હતો. પણ ખલીલની તો તેની ઉપગ તરતજ નજર પડી હતી, તેણે તે ખાવાની ચીજો નિચે મુકી અને પાછો ફર્યો કે, તરતજ તેની નજર ખલીલ ઉપર પડી. તેણે પોતાની તરવાર ખેંચી. તેજ પલે બીજી તરવાર પણ દીવાના અજવાલામાં ચમકી, તે ખલીલની હતી. આગલી રાતે લશક

રમાંથી આવ્યા પછી પાશાએ તેમની પાસેથી હથીઆર છીનવી ન હેતાં લીધા.

"ખબરદાર!" ખલીલે કરડાઈથી બુમ પાડી. પેલો ગુલામ તરતજ ડરી ગયો. પોતાની ચોરી ખુલી થઈ ગઇ તેથી તે શરમાઈ ગયો હોય તેમ નિચું જોઇ રહ્યો. ખલીલે પોતાનું બોલવું શરૂ કર્યું, "સાંભલ, અને મારો હુકમ વગર આનાકાનીએ બજાવ. યાદ રાખજે કે, મારૂં ઇનામ મોટું છે— પણ શિક્ષા ભયંકર છે. હું હુકમ કરૂં છું કે—"

તરતજ બહારથી ચીશો સંભલાઇ. ખલીલ બોલતો ચુપ થઇ ગયો. પોતાની જુલીખાંને કાંઇ થયું કે, શું? એવો તેને વેહેમ પડયો. ગુલામને લાંજ પડતો મુકીને તે બહાર નિકલ્યો. પેલા ગુલામે તેની પાછલ દરવાજો ઘણાજ જોરથી બંધ કર્યો. તે જયાંથી બુમો આવતી હતી તે તરફ દોડયો, બુમો દરીઆ તરફથી આવતી હતી. દોલતખાન પાશાની મેજબાની લઈને એક બુઢો પાશા પોતાના મછવામાં પાછો બેસવા જતો હતો એટલામાં તેનો પગ લપસી ગયો અને તે પાણીમાં પડી ગયો. સ્ત્રીઓએ ગભરાઇ જઇને બુમો પાડી હતી. પેલા બુઢા પાશાના ગુલામોએ તેને તરતજ બહાર કાઢી લીધો પણ તે બેશુદ્ધ થઈ ગયો હતો. એક પછી એક બધા પરોણાઓ જતા રહ્યા. બાગમાં હવે તો માત્ર દોલતખાનપાશા, ઈસમાલડા, તેની બેઉ છોકરીઓ જુલીખાં, બેઉ યુનાનીઓ અને ખલીલ એટલાજ જણા રહ્યા. નિચે ગાલીચા ઉપર બધા એકઠા થઇને બેઠા અને પાશાએ ખલીલને તેની એકાદ ઈતિહાસીક વાર્તા ચલાવવાનો હુકમ કર્યો. ખલીલે વાત શરૂ કીધી.

પ્રકરણ ૧૯ મું.

ખલીલની પાંચમી વાર્તા.

મારી વાર્તા ઈ. સ. ૧૪૮૩, અને મુશલમાની સન ૮૮૮માં શરૂ થાયછે. તે વખતે ફ્રાંસના ડોફીની પ્રાંતના સાસનેજના કીલામાં શાહજાદા જેમને કેદ કીધો હતો. મહમદગીજનો તે નાનો છોકરો હતો. બાપના મરણ પછી પોતાના ભાઇ બયાજીદ સાથે તણે લડાઇ કીધી તેમા તે હાર્યો. તે નાશી ગયો પણ થોડા વખ્તત પછી પકડાયો અને તેને હુપલા કીલામાં કેદ કરવામાં આવ્યો. તે ઘણોજ સુંદર હતો. જે લોકો તેની સાથે વાત કરતાં તેઓ તેના વખાણ કરતા.

સાસનેજના કીલાના હાકેમની છોકરી ફીલીપાઇના હેલીના હતી. તે ઘણીજ રૂપાલી હતી. તે સોળ વરસની હતી. તેની સાથે પરણવાને ઘણા ઘણા ઉમરાવો તલપી રહ્યા હતા. પણ તેના પિતાએ તેને વાસ્તે આલબરટીડીમોરેસ્ટલ નામના જુવાન અને પૈસાદાર જુવાનને શોધી કાઢયો હતો તે ઘણોજ દુરાચારી હતો તે તે છોકરી જાણતી હતી, તેથી પોતાના બાપના તે વિચાર સામે હતી.

તે છોકરી જેમની ઉપર મોહી પડી હતી અને જેમ તેનેજ ચહાતો હતો. તેમને ધમનો અટકાવ આડે આવતો નહિતો તેઓ પરણી પણ ગયા હતે. જેમ ફકત નજર કેદ હતો તેથી તે છુટો ફરતો. તે હાકેમ પણ તેની તરફ ઘણુંજ હેત રાખતા. હાકમ આસપાસના ગામડાઓમાં ફરવા જતો ત્યારે આ બેઉ જણને વધારે છુટ મળતી અને તેથી તેમનો પ્યાર ઘણોજ વધ્યો. એક દિવસે સાંજના પિતાએ પુત્રીને પાસે બો-

બાવીને કહ્યું કે, કાલે આલબરટી આવનાર છે માટે તેની પાસે બેસજે અને સાંજના તારા લગનની ક્રીયા થશે. પુત્રી તેની સામે થઇ. પિતાએ તેને ઘણીજ સમજાવી પણ તે એકની બે થઇ નહિ. હાકમ ચાલ્યો ગયો અને છોકરી ચોધાર આસુંએ રડવા લાગી. જરા વારમાં તે તરફ કોઈ આવતું જણાયું. તે જેમ હતો. તેણે તેના રડવાનું કારણ પુછ્યું.

"આ દુનીઆમાં મારે વાસ્તે સુખ મુદલ સરજ્યું નથી." ફીલીપાઇના રડતી રડતી બોલી.

"તને દુખ કોણ આપી શકે?" શાહજાદાએ પુછ્યું.

"મારા પિતાના મનમાં એવોજ વિચારછે કે, મારા સુખને વાસ્તે તે કાળજી રાખેછે. તે મને કાઊંટ સાથે પરણાવવા ઇચ્છે છે."

"શું કાઊંટ સાથે પરણવવાને? નહિ કદી નહિ." જેમ બોલ્યો. "ફીલીપાઇના, હું તને ચહાઊંછું. તારી તરફના મીઠા સબ્દોની હું આશા રાખુંછું"

"પ્યારા હું તારીજછું." એટલો જવાબ આપીને છોકરી શરમાઇ ગઇ. જેમે પોતે રાજ કેમ ખોયું તે બધું તેની પાસે કહી બતાવ્યું. અરસ પરસ બીજી કેટલીક વાતો થયા પછી તેઓ છુટા પડયા.

બીજે દિવસે કીલામાં બપોરના પરોણાઓ આવવા લાગ્યા. જમતી વખતે હાકેમે જેમને પોતાની એક બાજુ. અને ધારેલા જમાઇ કાઊંટને બીજી બાજુએ બેસાડયો. કાઊંટની જોડે ફીલીપાઇના બેઠી હતી. કાઊંટ તેને પ્યારના વચનો કહેતો પણ તે તથી કંટાળતી હતી. આખરે કાઊંટે બેઉ પ્યાર કરતા જોડાની સંધાતી દૃષ્ટી જોઇ લાધી.

"રાજકુમાર. જેદેશ તમે છોડ્યો તેની સાથે બરાબરી ન કરીશકે એવા દેશમાં તમે કેમ રહી શકોછો?" ક્રાફ્ટે પુછયું.

"હું અત્રે એક બંધીવાનછું તેથી તે બાબત મને ફરીયાદ કરવાનું કાંઇ કારણ નથી." જેમે કહ્યું.

"પણ મેં સાંભળ્યુંછે કે, આપનામદાર ગાયન અને ચિત્રવિદ્યામાં ઘણાજ ચતુરછો. પણ સિકાર જે તમારી વહાલી રમત તેનો તમને અટકાવછે."

"મને અહીં કંટાલો મુદલ આવતો નથી. અને તેથી સ્વદેશ પાછા જવાને હું ખુશી નથી"

"પણ મહેરબાન, જે સુંદર સ્ત્રીઓને તમારા વગર મુદલ નહોતું ચાલતું તેતો તમારા વિયોગથી બળી મરતી હશે."

"નહિ નહિ એવું કોઇ નથા? જો કોઇ હોયતો તે મારી બહેન હોવી જોઇએ."

"પણ વર્તમાન પત્રોમાં તો એવુંછે. ગ્રાંડ માસ્તર ડીએબ્યુસન જેને તમારી માતા અને સુંદર સ્ત્રીને સારી હાલતમાં રાખવાને પેન્સ મળેછે તેણે એટલા ઉપરથી સંતોષ નહિ પામીને તમને સારી હાલતમાં રાખવાને તમારી માતા અને સ્ત્રી પાસેથી લાંચ લાધી છે."

"તમારી સુંદર સ્ત્રી!" ફીલીપાઇના મનમાં બોલી, તેનો ચહેરો ફીકો પડી ગયો શાહજાદાએ તે દીઠો. તે ઘણોજ ગુસ્સામાં આવી ગયો.

"ખ્રિસ્તી કુતરા! મને લગતી બાબત વિષે બોલવાથી ચુપ રહે! તારી નિચ નિંદાથી એક મોટા રાજકુંવરનાં નામને અપવિત્ર ન કર"

"નાસ્તીક કાફર, મને અપમાન કરવાને તું શું

સમજેછે!" એમ કહી જે ઠેકાણે જેમ હતો તે ઠેકાણે ગયો.

"અપવિત્ર ડુકર ખાઉ, ઓસમાનથી તારી નિચ સંગત ધિક્કારે છે."

આલબરટીએ હાથ ઉંચકીને શાહજાદાના ગાળ ઉપર એક મુક્કી જોરથી મારીને કહ્યું, "તારા ભાઇ ... સેથી તો તું નાશી ગયો હતો પણ એક ખ્રિસ્તીના ... કાથી તને કેવું જોર આવેછે તે જોઇએ."

શું કરવું તેના વિચારમાં રાજકુમાર પડ્યો. એ ... રડામાં બધા શાંત થઇને બેઠા હતા. એક ... એમ ચાલ્યું. બીજીજ પલે રાજકુંવરે તરવાર મ્યાનમાંથી કાઢી, હવામાં ફેરવી. કાઉંટ આલેબરટીનું માથું જમીન ઉપર પડ્યું. બીજા પરોણાઓ તે મુસલમાન કેદીને મારવા ઉઠ્યા પણ કીલાના હાકેમે તેમને શાંત પાડ્યા. તેનો બરોબર ઇનશાફ કરી તેને ઘટતી શિક્ષા થશે એમ તેમની ખાત્રી થવાથી તેઓ વિદાય થયા. જેમની પાસેથી હથીઆર લઈ લેવામાં આવ્યા અને તેના પોતાનાજ ઓરડામાં તેને કેદ કરવામાં આવ્યો. પોતાની કેવી હાલત હતી તે તેને હવે માલમ પડ્યું. ખ્રિસ્તી કાયદાને વશતે પડ્યો હતો. તેના મનમાં બધે ઠેકાણે અંધકાર અંધકાર વ્યાપી રહ્યો હતો, પણ એક ઠેકાણે માત્ર એક ઠેકાણેજ—દુરથી એક દીવાનું અજવાળું હતું. તે દીવો શીલીપાઇના હતી. તેણીએજ તેના હૃદયમાં વાસો કર્યો હતો. ઓરડાની બહાર ચોકીબાન જાગૃત રહીને ચોકી કરતો હતો.

મધરાતને સમે ભીતમાં આવેલું લાકડાનું એક છુપું બારણું ઉઘડ્યું, અને હાથમાં દીવો તથા ગાંસડી લઇને એક ઊંચો સ્ત્રીનો આકાર દાખલ થયો. તે શીલી-

પાઇના હતી. પોતે લાવેલી ગાંસડીમાંના કપડાં પહેરી તેને નશાડી મુકવા તે આવી હતી. તેણે તેને પોતાની બધી ગોઠવણ કહી. પોતાના બાપની વીટી જેને કીલાના બધા ચોકીબાનો જાણતા હતા, તે તે ચોરી લાવી હતી.

"રાજકુંવર, જે રસ્તો તમને અજાણ્યો છે તે રસ્તે મને આવેલા જોઇને તમે અજાયબ થશો."

ફીલીપાઇના, તારા દીલાસાની મને આ જગાએ જરૂર છે તેથી હું આશ્ચર્ય પામતો નથી"

ફીલીપાઇનાએ તેને ઊંચા વર્ગના ખેડુતનો પોશાક પહેરવા આપ્યો. રાજકુમારે તેને પોતાની સાથે આવવા કહ્યું પણ તે તેણે કબુલ ન કર્યું રાજકુમારે પોતે પરણેલો હતો તે વાત કબુલ કરી. પણ જો તેની સ્ત્રી મરી જાય તો તેની સાથેજ પરણવું એવું તેની પાસેથી વચન માંગ્યું. છોકરીએ તો એટલુંજ કહ્યું કે, જેને હું ચહાઊંછું તને મુકીને બીજાને પરણવાની નથી એક બીજાને મલીને તેઓ છુટા પડયા.

મોરેસ્ટલ શહેરમાં રાજકુવરને ઓલખવામાં આવ્યો અને તેને પાછો કેદ કરવામાં આવ્યો. લોર્ડ બોકલીમીના કીલામાં તેને લઇ જવામાં આવ્યો. ત્યાં તેની ઉપર વધારે ચોકશી રહી. ફ્રાંન્સ, હંગરી, પોપ, અને નેપ્લસના રાજાઓ તુર્કી ઉપર ચઢાઈ કરવા માગતા હતા. તેઓ જેમને છુટો કરવા ચહાતા હતા. પણ ડીએબ્યુસનને સુલતાન તરફથી મોટી કીમતની લાંચ મલી હતી તેથી તેણે ભંગાણ નાખ્યું.

ઇ. સ. ૧૪૮૮ માં જેમને પોપના સ્વાધીનમાં આપવામાં આવ્યો સુલતાન તરફથી પોપને કેટલીક બક્ષીસો મલી.

તે વખતનો પોપ ઇનોસન્ટ સાતમો હતો. તેણે જેમની પદ્વી, બુદ્ધી અને દુર્ભાગ્યને લાયક રીત રાખ્યો. તેના મરણ પછી પ્રખ્યાત પોપ એલેકઝાન્ડર બોરજીઆ થયો. તેણે જેમને સેંટ એનજેલોના કીલ્લામાં કેદ કર્યો. પણ ઇ. સ. ૧૪૯૪ માં ફ્રાન્સના શહેનશાહ આઠમાં ચાર્લ્સે ઇટાલી ઉપર ચઢાઈ કરી. પોપે તેની સાથે સુલેહ કરી. રાજાએ જેમને પોતાના સ્વાધીનમાં લેવાની પોતાની ઇચ્છા જણાવી આ રાજાનું દીલ જેમના દુર્ભાગ્યની વાત સાંભળીને ઘણું દલગીર થયું હતું. તેથી તેણે આ ક્રુર પોપના હાથમાંથી તેને છોડાવવાને વધારે સારૂં વિચાર્યું. નેપલસમાંથી જેમને પોતાના સ્વાધીનમાં લીધો અને રોમ શહેરમાં પોતાના સૈન્યના થોડા ભાગ સાથે રાખ્યો, અને નાશી ન જવું એવું તેની પાસેથી વચન લીધું.

પોપ એલેકઝાન્ડરને સુલતાન તરફથી મલતું લવાજમ હવે બંધ થયું. તેથી તેણે કાંઇ યુક્તિ કરવાનો ઠેરાવ કર્યો. તેણે જેમને મારી નાખવાની રજા સુલતાન પાસે મંગાવી. જે વખતે પેલો રજા માંગવા ગયલો માણસ રજા લઇને રોમ પાછો ફર્યો તેજ વખત ઇજીપ્તના સુલતાન તરફથી એક છુપો કાસદ કેટલાંક ઓચરીઆ લઇને રોમમાં આવી પહોંચ્યો. તે કાગલોમાં તેની સ્ત્રીના મરણના સમાચાર હતા. ઇજીપ્ત સાથેનો તેનો સંબંધ આથી છુટી ગયો હતો. પણ એજ બનાવથી ફીલીપાઇના સાથે તેનો સંબંધ વધારે બંધાયો. તેનેથી છુટા પડે તેને દશ વરસ થયા હતા અને તેથી તેણી વિષે તેને એટલીજ ખબર હતી કે તે જીવે છે અને હજી સુધી પરણી નથી. રાજકુમાર આ ખબરથી ઘણોજ ખુશી થ

યો. રાજકુમારે તેજ દહાડે હસન નામના પોતાના એક નિમકહલાલ ચાકરને પોતાની વીંટી અને કાગળો આપીને સાસનેજના કીલા તરફ રવાના કર્યો. કીલાનો બુઢો હાકેમ મરણ પામ્યો હતો અને સુંદર ફીલીપાઇના હેલીના દલગીરીમાં પોતાનો વખત કહાડતી હતી. જેમ તેના દીલમાંથી ખસ્યો નહતો તે હમણા એક નવ જુવાન સ્ત્રી થઇ રહી હતી. તેની સુંદરતા એવીને એવી રહી હતી, પણ ચહેરો ફક્ત ફીક્કો પડી ગયો હતો. હસને તેણીને જેમનો સંદેશો કહ્યો. તે તરતજ જેમની પાસે જવાને તૈયાર થઇ. પોતાના એક વિશ્વાસુ ચાકરને કીલ્લો સોંપીને એક દાસી સાથે લઇને નિકળી. ફ્રેંચ રાજકરતાના રક્ષણ નિચ જે ઘરમાં રાજકુમારને રાખવામા આવ્યો હતો ત્યાં તે આવી પહોંચી. તેના આવી પહોંચવાની ખબર હસન કહેવા આગળ ગયો. ફીલીપાઇનાને એક સુંદર ઓરડામાં બેસાડવામાં આવી થોડીવારમાં હસન પાછો આવ્યો. તેણે ખબર આપીકે રાજકુમાર આજારીછે અને નામદાર પોપ હમણાજ તેને જોઇ ગયાછે. તે હમણા બરઊંઘમાંછે. તેનો ચાકર તેને ઊઠાડવાની હીમત કરી શકતો નથી. આ સાંભળીને તે બોલી "શું રાજકુમાર આજારી છે? અરે ત્યારે તો મારા વહાલાની સેવા બજાવવાની ફરજની વખતે હું બરોબર આવી પહોંચીછું. મને તેના ઓરડામાં લઇજા —મારા શિવાય તેની બરાબર ચાકરી કરી શકશે નહિં." હસન નાપાડી ન શક્યો. તે તેને ઓરડામાં લઇ ગયો. રાજકુમાર તુર્કી રીતના કોચ ઉપર સુતો હતો. તેના માથા આગળ બેશી થોડીવાર તેની તરફ જોઈ રહી. પછી તે બોલી, "અફસોસ! કેવો બદલાઇ ગયોછે! દુઃખ બિચી

ખાનુ અને અપમાનથી તેકેવો બદલાઇ ગયોછે તોપણ એ મને કેવો વહાલો લાગેછે—આખી દુનિઆમાં સૌથી વહાલો મને એજછે." આ પ્રમાણે જ્યારે તે દલગીરીમાં હતી ત્યારે જેમ્મે આંખો ઊઘાડી, તેનો ચહેરો ખુશી પ્રફુલીત થઇ રહ્યો. બીજીજ પળે બેઉ ભેટી પડયાં તેણે પોતાની પ્યારીને ચુંબન કર્યું.

"પ્યારી શીલીપાઇના!" તે બોલ્યો, "જે દહાડે આપણે વચનથી બંધાયા તેજ દિવસે મને આશા હતીકે આપણે પાછા મળીશું અને આપણી આશા પૂર્ણ થઇ."

"મારી છાતીમાં પણ તેવોજ વિચાર હમેશ આવતો હતો. પણ જેમ તમે આજારી છો—ઘણાજ આજારી છો! ખરેખર તમે ઘણુંજ દુ:ખ ખમ્યું છે!" તે ધીમેથી બોલી

"હા અલ્લા જાણેછે કે મેં કેટલું ખમ્યું છે. તું આવીછે તેથી હવે મને જલદીથી સારૂં થશે."

"તમારી તંદદરોસ્તી પાછી લાવવાને હું મારૂં બનતું કરીશ."

"તારા જેવી સહચરીના સહવાસથી મને જલદીજ ફાયદો થશે." આ પ્રમાણે વાતચીત થયા પછી બેઉ જણા સાથે જમ્યા. થોડીવાર રહીને જેમ્મે કહ્યુંકે આજની ખુશીથી હું ઘણોજ ઊશકેરાઇ ગયોછું. પેલી મેજ ઉપર દારૂની શીશી પડીછે તે પોપે મહેરબાની કરીને ખાશ પોતાના દારૂમાંથી મોકલીછે તે લાવ કે હું પીઊં."

શીલીપાઇના ઉઠી. સોનાના પ્યાલામાં દારૂ રેડીને લાવી અને જેમના હાથમાં પ્યાલો આપ્યો. જેમ તરતજ તે પી ગયો. તરતજ—તરતજ પ્યાલો તેના હાથમાંથી પડી ગયો. તે પોતે પણ કોચ ઉપર પડયો. આહાહા!

કેવો દુઃખ ભર્યો દેખાવ! તેનામાં આવો ફેરફાર જોઇને ફીલોપાઈના ગભરાઇ ગઈ. તેણે તેને સુધીમાં લાવવાને ઉપાયો કર્યા પણ નિષ્ફળ! તેની છાતી ઉપરથી ખાત્રી થઇ ગઈ કે, તે મરી ગયોછે.

પોપ એલેકઝાંન્ડર છઠો જે પ્રાણઘાતક ઝેરથી પોતાને અણગમતા પાદરીઓને મારીનાખતો હતો તેજ ઝેર તેણે જેમને દારૂમાં નાખીને આપ્યું હતું. જેમના ભાઇ સુલતાન બયાજીદે તેને છુપો પરવાનો મોકલ્યો હતો અને તેથી તણે આ કામ કર્યું. પણ તે કેવે વખતે? જે વખતે બધા દુઃખમાંથી છુટીને તે સુખી થવાની તૈયારીમાં હતો તવે વખતે!

ઘણો વખત થઇ ગયા છતાં દરવાજા ન ઉઘડવા થી તેના ચાકરોમાં ગભરાટ થઈ રહ્યો. આખરે હસન આ ચુપકીથી બીધો. જમવાને વખતે તે ઓરડામાં પેઠો. તે ધીમે પગલે આસપાસ જોતો દાખલ થયો. સવારના તેણે જે ઓરડામાં બે વહાલાંઓને રાખ્યા હ-હતા ત્યાં કેવો દુઃખદાયક દેખાવ હતો!

જેમને કોચ ઉપર પાસું ફેરવીને સુવરાવ્યો હતો. તેના ભવા ઉપર ફુલોનો સણગાર તે દુઃખીનારે કીધો હતો, જે ફુલો ફુલદાનીમાંથી લીધા હતા. તેની બાજુમાં ફીલીપાઇના પોતાનો ચહેરો તેની તરફ કરીને સુતી હતી, કે જેથી મરતી વખતે પોતાના વહાલાનો ચહેરો પોતે પૂર્ણ રીતે જોઇ શકે. તે ઘ'ડીગાર થઈ ગઇ હતી. તેની પાસે સોનાનો પ્યાલો પડયો હતો અને મેજ ઉપર દારૂની સીસોઇ ખાલી હતી.

પ્રકરણ ૨૭ મું.
રાતનું બીજું સાહસ કામ.

ખલીલની વાર્તા જ્યારે પુરી થઇ તે વખતે મધ્ય રાત થઇ હતી. બધાએ તેની વાત ધ્યાનથી સાંભળી. બધાની ઉપર જુદી જુદી રીતની અસર થઈ. વાર્તાની ઊપર વિચાર કરતા થોડીવાર બધા ચુપ બેઠા. આખરે પાશાએ વાત છેડી. તે બોલ્યોઃ—"અભાગ્યા જેમને મારી નાખવાને પોપ એલેકઝાંન્ડર બોરજીઆએ એવા તે ક્યા ઝેરનો ઊપયોગ કર્યો હતો? તે વિષે હું અજાયબ થાઊંછું!"

"મેં તે પ્રખ્યાત બોરજીઆ વિષે ઘણું વાંચ્યું છે," લુકાસ બોલ્યો, "તોફાના નામની સ્ત્રીએ તે શોધી કાઢ્યું હતું તેથી તેને "તોફાનાનું પાણી કહેતા હતા."

"અને તે શાનું બનેલું હતું તે તમે જાણોછો?" પાશાએ આશ્ચર્ય પામીને પુછ્યું.

"તે પણ આપ નામદારને હું સમજાવીશ." લુકાશ બોલ્યો. "સોમલના અર્કને થોડા પાણીમાં નાખીને તેનું બનાવતા. આ પાણી રંગ અને સ્વાદ વગરનું હોવાથી માલમ પડતું નહતું. દારૂ સાથે ભેળીને તે આપવામાં આવતું. આ ઝેર ફકત બોરજીઆનું કુટુંબ બનાવતુ હતું. તેઓ તે મોટી રકમે વેચતા હતા."

"તમે કહોછો તે બધું જો ખરૂં હોયતો બોરજીઆનું આખું કુટુંબ દુષ્ટ હોવું જોઈએ. પણ હું ધારૂંછુ કે, બોરજીઆના કુટુંબ સાથે તે ઝેર પણ નાશ પામી ગયું હશે." પાશાએ પુછ્યું.

"તેમ નથી." લુકાસે જવાબ દીધો. "દુર્ભાગ્યે તે ઝેર એટલું તો સેહેલાઇથી બનેછે કે બીજા કેટલાક કુ-

ગાલોએ તે બનાવ્યું હતું. મારા વાંચવામાં"—

અહી લુકાસ બોલતો અટકી પડયો: તેની આંખો ખલીલની આંખો સાથે મલી હતી અને તે વિષે આગળ વાત ચાલે તેમાં તે ખુશી નહતો એમ તે દેખાતો હતો.

"તમે શું કહેવા જતા હતા?" પાશાએ પુછયું, "કે તમારા વાંચવામાં—"

"એવું આવ્યું છે કે સેંટપીટરસબર્ગની દરબારમાં પણ બોરજીઆનું ઝેર જાંણીતું છે." લુકાસે કહ્યું.

"ઇતિહાસ અને લોક વાયકા જે કહેછે તે બધું જો ખરૂં હોયતો રૂશિઆના શેહેનશાહો ઝેરથી માર્યા જાયછે." પાશાએ કહ્યું,

"તેમાં કાંઇ શક નથી. રૂશિઆના દરેક દશ રાજ કરતા એ નવ તો જોર જુલમથી માર્યા જાયછે. બોરજીઆનું ઝેર જો થોડું થોડું આપે તો માણસ ધીમે ધીમે ઘસાતો જાયછે અને અને વધારે આપે તો એકદમ નાશ પામી જાયછે. જેમ અને રીસ્રીપાઇનાની બાબતમાં પણ તેમજ બન્યું હતું." લુકાસ બોલ્યો. વળી પાછી તેની અને ખલીલની નજર એક થઇ. હવે લુકાસ વધારે નહિ બોલે એવી તેણે ઈસારત કીધી. પાશાની આતુરતાને શાંત પાડવા વાસ્તે તેણે એટલો ખુલાસો કીધો હતો.

જુલીખાં ખલીલના મનનો હાલ પામી ગઇ કે તે બાબત ઉપર વધારે વાત ચીત કરવાને તે ખુશી નથી તેણે દોલતખાન પાશાને કહ્યું કે, હવે સુવાનો વખત થઇ ગયો છે. ખલીલની વાત સાંભળવાને પાશાતો આખી રાત બેશી રહે પણ તે એકથી બીજી વાત કરતો નહતો તેથી પોતાની ભાણેજીએ આપેલી યાદથી ઉઠયો. તેઓ બધા બગલા તરફ ચાલ્યા. પાશા સૌની આગળ ચાલ્યો.

તેના જમણા હાથ તરફ ઇસમીલ્ડા ચાલતી હતી અને ડાબા હાથ તરફ જુલીઆ ચાલતી હતો. તેની પાછળ લુકાસ અને જુલીઅન ગુલનેર અને પૈઝાની બાજુએ ચાલતા હતા. સૌની પછવાડે ખલીલ એકલો ચાલતો હતો. બંગલામાં દાખલ થતી વખત લુકાસનો હાથ પકડીને ખલીલે તેના કાનમાં કહ્યું, "તમે આજે જુલીઅનના ઓરડામાં જજો અને જુલીઅનને તમારા ઓરડામાં જવા દેજો. મારૂં એટલું માનજો."

પછી તરતજ જુલીઅનનો હાથ પકડીને કહ્યું "લુકાસ અને તમે ઓરડો અદલ બદલ કરજો. પાશા આજે કેફમાં છે તેથી તે કાંઈ જાણશે નહિ."

પછી પાશા તેમને સૌ સૌના ઓરડાઓમાં લઇ ગયો. ખલીલ પોતાના ઓરડામાં દાખલ થયો. પાશાએ તેને બંધ કર્યું. પછી જુલીઅનના ઓરડામાં લુકાસ ગ- ગયો અને લુકાસના ઓરડામાં જુલીઅન ગયો, પણ પાશા એ બધું બરોબર છે જાણી દરવાજા બંધ કર્યા. તે પોતાના ઓરડા તરફ ચાલ્યો.

જેવો ખલીલે તેને ચાલી જતા સાંભળ્યો કે પેલું છુપું બારણું ઉઘાડયું અને જુલીઅનના ઓરડામાં દાખલ થયો. લુકાસ તેને જોઇને પહેલાં તો ઘણોજ અજાયબ થયો પણ પછી તેના શબ્દો યાદ આવ્યા.

ખલીલ બોલ્યો, "મારા મિત્ર સાંભળો. મારી વચમાં નાબોલતા. મારા કહેવા પ્રમાણે કરવાને તૈયાર થાઓ.

લુકાસે કહ્યું, "બોલો તમારા કહેવા પ્રમાણે હું કરીશજ."

ખલીલ બોલ્યો, "બરોબર બોલ્યા! તમે મારા ઓરડામાં જઇને બેસો. ત્યાં અમીના મને તેડવા આવશે.

તેણીને તમે કહેજો કે, પાશાએ પોતેજ તમને ઓરડામાં મુક્યા અને મારે વાસ્તે કહેજો કે, કયા ઓરડામાં મુક્યો તે માલમ નથી. અને પછી ઇસમીલ્ડા તરફ તમારો પ્યાર જાહેર કરજો—"

"શું?" લુકાસ પોકારી ઉઠયો, "ગુલનેર તરફ નિમકહરામ થાઉં?"

"નહિ," ખલીલે જવાબ આપ્યો, "થોડીવાર વાસ્તે જુઠું ડોળ ઘાલવું. તમારા અંતઃકરણમાંતો તમે ગુલનેરનાજ રહેશો. અમીનાને લાંચ આપીને વશ કરજો. તમારી પાસે સોનાના સીક્કા છે?"

"પુષ્કળ," લુકાસ બોલ્યો.

"સારૂં!" ખલીલ બોલ્યો. "અમીના તમને ઇસમીલ્ડાના ઓરડામાં લઇ જાય એવી યુકિત કરજો. ત્યાં ગુલનેરને ધિકકારજો. તમને પાછા આવતાં એક ગુલામ મળેતો તેનાથી બીહતા ના પણ દગાથી સંભાળજો, પણ તમે તેની આગળ ચાલતા ના."

"તમારા કહ્યા પ્રમાણે કરવાને મેં વચન આપ્યું છે તેમાં તો ફરક નહિ પડે. પણ મિત્ર ખલીલ, મને કહો કે, બાગમાં જ્યારે ઝેર વિષે વાત ચાલતી હતી તે વખતે તમે નાખુશ કેમ હતા." લુકાસે પુછ્યું.

"વખતને બંધ બેસતી તે વાત ન હતી તેથી," ખલીલે કહ્યું, "અને હવે તમે મારા ઓરડામાં જાઓ. પણ એક શબ્દ વધારે સાંભળી જાઓ. કાંઇ પણ કારણસર તમારા હથીઆર છોડતા ના."

લુકાસ ખલીલના ઓરડામાં ગયો અને ખલીલે છુપું બારણું બંધ કર્યું. તરતજ બારણાની કળમાં કુંચી ફેરવાતી સંભળાઇ અને અમીના છુપાવી દાખલ થઈ.

"સાહેબ, માફ કરજો." અમીનાએ કહ્યું, "મારા દાખલ થવામાં કાંઇ ભુલ થઇ છે."

"ભુલબુલ કાંઈ નથી." લુકાસ બોલ્યો. "અને કદાચ થઇ હોયતો તે મને તો ફાયદાકારક થઇ પડી છે."

"અલા અલા," અમીના આશ્ચર્ય પામતી બોલી "તમે શું બોલો છો?"

"તમે તે સમજી જશોજ." લુકાસ બોલ્યો, "જયારે તમે મને પહેલો વહેલો અહીં લાવ્યા ત્યારે તમારી સુંદર શેઠાણી ઇસમીલ્ડાની મુલાકાત કરાવવા વાસ્તે લાવ્યા હતા. પણ પેલી સપાટ જે સાદરી પર પડી હતી. અમીના યાદ છે?"

"સાહેબ, તે ભયંકર વખત હું કેમ ભુલી શકીશ!" અમીનાએ જવાબ દીધો.

"પણ હવે તમારે મને સુંદર ઇસમીલ્ડા પાસે લઇ જવો જોઇએ." અમીનાના હાથમાં ત્રણ ચાર સોનાના સીકકા મુકતાં લુકાસ બોલ્યો. "હું કેવા છુટા હાથનો છું તે તમે પછી જોશો."

"પણ તમેતો ગુલનેરને ચાહો છો તે?" અમીના બોલી.

"ગુલનારને તો પરણવા વાસ્તે પસંદ કરેલી સ્ત્રી તરીકે ચાહું છું. પણ તમારી શેઠાણી વાસ્તે તો પ્યારે જુદોજ છે!"

"પણ ત્યાં હું તમને દાખલ કેવી રીતે કરૂં?

"તમે ચાહોતો તે તમારા હાથમાં છે. મને ત્યાં લઇ જાઓ અને તેની આગળ દાખલ કરો, પછી જે પ્યાર મેં ગુલનાર આગળ નથી દેખાડયો તે બધો તેને સોંપીશ."

અમીના વિચારમાં પડી. તેને લાંચતો મળી ચુકી હતી, પણ હવે કરવું કેમ? લુકાસ ઉતાવળ કરવા લાગ્યો, "અમીના જલદી કરો. મારૂં મન તેને મળવાને ઘણું તલપે છે."

"પણ પાશાનો વિચાર કર્યો?" અમીનાએ છટકી જવાનો ઉપાય શોધ્યો.

"તમે અહીં આવ્યા છો તેથી પાશા ઈસમીલ્ડા-પાસે નહિ હોય એમ ખુલેખુલું દેખાય છે."

"પણ પાશા કોઇ ચોકસ વખતેજ આવે છે એમ નથી. તતો પોતાની મરજી થાય ત્યારે ચાલી આવે છે. જો તમે મુસલમાન હતે તો જાણુતે કે, જનાનખાનામાં કોઇ પણ વખતે આવવાનો કાયદો છે."

"બધું જોખમ હું મારે માથે ખેંચી લેવાને તૈયાર છું. ભલી અમીના, હવે વધારે વાર ખોટી થયા વગર તમે મને ત્યાં લઇ જશો એવી હું તમારી વિનંતી કરૂં છું."

"બધું લેતાં નુકશાનતો નથી એકને બદલે બીજો છે. ત્યારે હવે ગુંચવાવું શા માટે." અમીનાના મનમાં બોલી.

"તમે મનમાં શું વિચાર કરો છો?" અધીરાઇથી લુકાસે પુછ્યું.

"તમે સૌથી ઉદાર તેમજ ખુબસુરત જુવાન છો મારી પાછળ આવો." અમીનાએ કહ્યું. તે આગળ ચાલી. ઘરમાં બધું શાંત હતું. તેઓ ઇસમીલ્ડના આગલા ઓરડા આગળ આવી પહોંચ્યા. અમીનાએ બારણું ઉઘાડયું. લુકાસને અંદર દાખલ કરીને તે ધીમેથી બોલી, "તમે અંદર જાઓ, અને તમે કહ્યું છે તેમ બ

સમીલ્ડાને વશ કરો!"

લુકાસ અંદરના ઓરડામાં દાખલ થયો. ઇસમીલ્ડા ગાદી ઉપર પડી હતી. તણે તેને દાખલ થતો જોયો. ઇસમીલ્ડાએ આશ્ચર્યની બુમ પાડી. પહેલાં તો તે ચીરડાઇ ગઇ. પોતે જેને ચહાતી હતી તેને લાવવાને બદલે બીજાને લાવી તેથી અમીનાને ઠપકો આપવા વિચાર કર્યો પણ પછી લુકાસની સુંદરતા અને શરીરના બાંધાએ તેનું મન લલચાવ્યું.

"સુંદર સ્ત્રી" લુકાસ તેની આગળ જતાં બોલ્યો "અવર્ણનીય સુખ ભોગવવાને કેવા ન ધારેલા બનાવથી હું અત્રે આવી શકયો છું."

"સાહેબ, તમે જાણતા નથી કે, મારા ઓરડામાં પેસવું એ કેવું ભય ભરેલું કામ છે?" ઇસમીલ્ડા બોલી "પણ તમે ન ધારેલો બનાવ કયો કહો છો?"

આજે નામદાર દોલતખાન પાશાએ કેફ વધારે કર્યો હતો એમ કહું તો, આપ બાઇ સાહેબ મને માફ કરશો એવી આશા છે." લુકાસ બોલ્યો.

"અલા તે માફ કરે!" ઇસમીલ્ડાએ હાથ જોડીને કહ્યું "આપણે બધા નબળા પ્રાણી છીએ."

"ખરી વાત છે." લુકાસે જવાબ આપ્યો.

"પણ પેલા બનાવ?" ઇસમીલ્ડાએ પુછયું.

"અમારા ઓરડામાં મુકવા જતાં પાશા મારો અને મારા મિત્રનો ઓરડો ભુલી ગયો અને તેથી અમને એક બીજાના ઓરડામાં મુકવા લાગ્યો. મારા મિત્ર ખલીલે તેને ઘણો સમજાવ્યો પણ તે સમજયો નહિ."

"ખલીલે તેને સમજાવ્યો?" ઇસમીલ્ડાએ પુછયું તેનાથી આ બોલ ઓચીંતા નિકળી ગયા હતા. તે મ

શ્રમાં બોલી:–"હા, તે મને ચહાય છે!"

"હા, ખલીલે ઘણું બી સમજાવ્યું. આખરે અમે વચ્ચે પડયા રખેને પાશા ગુસ્સે થાય."

"અને પછી શું થયું?" ઇસમીલ્ડાએ પુછ્યું. જોકે તે ખલીલને ચહાતી હતી તોપણ તેની નજર લુકાસના સુંદર શરીર ઉપર હતી.

"ઓરડામાં બેઠે મને થોડી વાર થઇ એટલામાં બારણું પાછું ઉઘડયું અને અમીના દાખલ થઇ. તે કો ઇને શોધવાને ત્યાં આવી હતી. આજની રાત સુધીતો ગુલનેરને હું ચહાતો હતો પણ બાગમાં મેં તમારો સું દર ચહેરો જોયો ત્યારથીજ મારૂં મન તમારી ઉપર લા ગી રહ્યું હતું. પણ અમીનાને જોઇને મારી તે જીજ્ઞાસા પુરી થવાની મને આશા આવી. મને પહેલ વહેલાં તે તમારીજ મુલાકાત વાસ્તેજ લાવી હતી–"

અમીના દાખલ થઇ તેને તમે તમારો મનસુબો ક હ્યો અને અહીં લાવવાની વિનંતી કરી!"

"હા, અને તે ડોસીને માફ કરશો એવી આશા છે. મેં તેને ઘણી ધમકાવી છે."

ઇસમીલ્ડાએ તરત કાંઇ જવાબ ન આપ્યો: લુકા સ વાસીલોના સુંદર દેખાવ ઉપર તે જોઈને વિચારમાં પડી. તે જુવાન ગ્રીક એકદમ તેની ઉપર કેમ આશક પડી ગયો અને સુંદર ગુલનેરને છોડી દીધી તેનો પણ તેને વિચાર થયો.

"તમે મને બધું સાચું કહ્યું?" ઇસમીલ્ડાએ પુ છ્યું. "તમે મને ખરેખર ચાહો છો?"

"આહાહા! તમે જો ચહેરા ઉપર બુરખો ના ખ્યો હતતો મને એમ થતે નહિ. પાશા કેવો સુખી છે

કે જે તમારા જેવી સ્ત્રીનું સુખ ભોગવે છે!"

ઇસમીલ્ડાએ લુકાસને પોતાની બાજુમાં બેસવાની ઇસારત કરી. તે થોડે દુર બેઠો. જાણે પોતે તેની સુંદરતાથી આશ્ચર્ય પામ્યો હોય તેવો દેખાયો. ઇસમીલ્ડાએ તેને પોતાનો હાથ આપ્યો. તેની ઊપર ચુંમી લીધી.

"મારે વિષે ખલીલે તમારી પાસે કોઈ વખત કાંઇ કહ્યું છે?" ઇસમીલ્ડાએ પુછ્યું.

"હા, પહેલી વખત જ્યારે તમને બુરખા સહિત જોયા તે વખતેજ તમારા સીધા કદના તેણે વખાણ કર્યાં. અને આજે સાંજના ખુલ્લા ચહેરાના દર્શનથી જો તેનું હૈયું નરમ હોયતો તે તમારી ઉપર આશક પડી જવો જોઇએ."

"ખલીલે મારી સાથનો પોતાનો સંબંધ જાહેર કર્યો નથી! ઇસમીલ્ડાએ મનમાં વિચાર્યું. પછી લુકાસને કહ્યું," અમે સ્ત્રી જાત વખાણ વધારે પસંદ કરીએ છીએ–લુકાસ, તમારા મિત્ર જુલીઅને કાંઇ કહ્યું?"

"તેણે પણ ખલીલની પેઠેજ કહ્યું!" લુકાસે કહ્યું, "પણ તમે મારી ખાત્રી નહી કરો કે, અમારા ત્રણેમાંથી મેંજ તમારો પ્યાર મેળવ્યો છે?"

"તેમાં કાંઇ શક છે?" શરમથી નીચું જોતાં ઇસમીલ્ડા બોલી. "તમને આ બંગલામાં પહેલ વહેલા તો મેં દાખલ કીધા. અમીનાએ તમારા રૂપના એટલા તો વખાણ કર્યા કે- તમને મળવાને મારો જીવ કેટલા દીવસ થયા હતો. તમે ખાત્રીથી માનજો કે, તમારા મિત્રો, ખલીલ અને જુલીઅનને હું ગણકારતી નથી. મને તો ફકત તમેજ વહાલા છો!"

લુકાસ તેની આગળ ધુટણ મંડીએ પડયો અને

ઇસમીલ્ડાએ તેની તરફ લાંબો કરેલો હાથ ચુમ્યો. તે પાછો ઉભો થઇને પાછળ હઠતાં બોલ્યો;–"સુંદર ઈસમીલ્ડા, તમારા માયાળુ શબ્દો અને હાવ ભાવથી હું તમારે વશ થઇ ગયો છું."

પાશાની સ્ત્રી લુકાસને એક નજરે જોઇ રહી. તેણીએ તેને ઓચીંતો પોતાની છાતી સાથે દાબવાનો વિચાર કર્યો. પણ શરમથી તે અટકી.

"લુકાસ, મારો પ્યાર જો એક ફાંટા તરીકે હોય તો તમે મારે વિષે શું ધારો? "

"હું તેમ કદી પણ માનતો નથી."

"તમારી એવી ખાત્રી છે તો તમારો ઉપકાર માનું છું, તમે મારા મન ઉપરથી એક બોજો હલકો કર્યો બીજાની સ્ત્રી છતાં તમારી તરફ પ્યાર દેખાડું છું તેથી તમે મારે વિષે બુરૂં ના લાવતા."

"તમારે વિષે બુરૂં લાવું? નહિ, વહાલી ઇસમીલ્ડા! પણ મને કહો આપણી ઉપર ભય આવી–"

"તે વિષે તમારે ગભરાવું નહિ. અહીં એક છુપો રસ્તો છે, જ્યાંથી પાશાના ખજાના વાળા ઓરડામાં જવાય છે. તે રસ્તે નશાડી શકું."

તરતજ પાસેના ઓરડામાંથી કોઇના ઉતાવળે પગે ચાલવાનો અવાજ આવ્યો, અને અમીના ગભરાઇ ગયલી દાખલ થઇ.

"સારૂં થયું કે, નાશી જવાના રસ્તા વિષે મેં તમને હમણાજ સમજણ આપી. તમે તે રસ્તે નાશી જાઓ." મખમલી પડદો ખસેડી છુપું બારણું ઉઘાડતી ઇસમીલ્ડા બોલી. લુકાસ બહાર નિકળ્યો. દરવાજો પાછો બંધ થયો. પડદો સરખો થયો અને પાશાને મલ

બાને ઈસમીલ્ડા ઉઠી. તે અંદર દાખલ થયો હતો.

પ્રકરણ ૨૧ મું.

કુંચી.

જે ચાલમાં લુકાસ દાખલ થયો તેમાં લોખંડના ફાનસમાં બતી હજી બળતી હતી. તે આસપાસ જોતો ચાલ્યો. ખલીલે તેને ગુલામ વિષે આપેલી ચેતવણી હજી યાદ હતી. તે ગુલામની ઓરડી આગળ આવી પહોંચ્યો. અંદર બાંક ઉપર ભર ઊંઘમાં સુનો હતો. તેને ઉઠાડવા વગર તે આગળ ચાલ્યો. તેણે બીજા માણસને પોતાની સામે આવતો દીઠો. તે ખલીલ હતો. બેઉ જણ તરત જ મળ્યા. લુકાસે તેના કાનમાં કહ્યું કે, તે સીધી સુતો હતો. ખલીલ બોલ્યો, "ત્યારે તો આપણું કામ વધારે સહેલાઇથી થશે. ચાલો મારી સાથે આવો." તેઓ બેઉ તેની ઓરડીમાં દાખલ થયા. ખલીલે પોતાની તલવાર ખેંચીને તેના માથા ઉપર પકડીને તેને ઢંઢોળીને ઉઠાડ્યો. તેણે પોતાની આંખો ઉઘાડીને જોયું તો ઉઘાડી તલવારે ખલીલને દીઠો.

"કંગાળ ગુલામ!" તે જુવાન તુર્કી બોલ્યો, "તું જાણે છે કે, તું મારા હાથમાં છે. બધું કબુલ કરવાનો વખત હવે પાસે આવ્યો છે. કેટલીક બાબતોએ મને આટલી વાર સુધી અટકાવી રાખ્યો હતો-"

"તમે કોણ છો?" ગુસ્સે થઇને ઇથીઓપીઅન ગુલામે કહ્યું. "તમે માત્ર એક છોકરા છો. પણ પહેલાં થીજ કોઇ ન સમજાય એવી સતા તમે મારી ઉપર ધરાવતા આવ્યા છો-"

"વેરનું હું સ્વરૂપ છું." ખલીલ વચ્ચે બોલ્યો. "મને સતા છે તોપણ તારી ઉપર દયા કરવાની

ઇચ્છા છે. ”

“ બોલો, સાહેબ, તમે મારી પાસે શું માગો છો ” નરમ પડી જઇને તે ગુલામ બોલ્યો.

“ ઉઠ, ” ખલીલે કહ્યું, “ તારી તલવાર એકબાજુ મુકી દે અને હું કહું તે કર. ”

તે ગુલામ ઉઠયો. કોઇ મોટા ઓધેદાર માણસને જોઇને જેવી ધાસ્તી ભરાય એવી રીતે તે ધ્રુજતો હતો. તેણે તે ચુનાની તરફ નજર નાખી. ખલીલે પથરની સીડી તરફ આંગલી કરીને તેને ચાલવા કહ્યું. તે નીચે ઉતર્યો. લાકડાના બારણા આગળ આવી પહોંચતાં તે ગુલામ વધારે ધ્રુજવા લાગ્યો. ખલીલની મતલબ તે જાણી ગયો હોય એમ લાગ્યું. અહીંથી બાગમાં નિકળવાનો દરવાજો હતો. ખલીલે તે બાગમાં જવાના દરવાજાની કુંચી માગી.

“ આ રહી, મહેરબાન ” કુંચી આપતાં ગુલામે કહ્યું. “ પણ જો પાશા મારી પાસે તે માગશે તો ? ”

“ તારે કહેવું કે, તે ખોવાઇ ગઈ. ” ખલીલે જવાબ આપ્યો. “ અને ઘણું કરીને તો થોડા વખતમાં હું પોતેજ તેનો ખુલાશો પાશાને કરીશ. ”

“ તમે મારી જીંદગી બચાવવા માગતા હોતો તેમ કરજો. આ કુંચી મારા માથા સમી છે. ” કાલાવાલા કરતાં સીદ્દીએ કહ્યું. “ પાશા મારા ઉપર વેર લીધા–”

“ હું તને બચાવીશ. ” તે કાંપતા ગુલામના હાથમાંથી કુંચી લેતાં ખલીલે તેને ધીરજ આપી. “ મારે મોઢેથી ખુલાસો થાય ત્યાં સુધી તારે મારા હુકમ પ્રમાણે ચાલવું તેની જામીનગીરી આ કુંચી છે. ”

“ દરેક બાબતમાં હું તમારે તાબેજ થયો છું. ”

ગુલામે કહ્યું "આપણી વચ્ચે બનેલી વાત ચીતનો એક શબ્દ પણ મેં બહાર પાડયો નથી, તોપણ તમે મારી સાથે સખતાઇથી ચાલો–"

"બસકર!" ખલીલે કહ્યું, "હું તને કહું ત્યાં સુધી તારે મુદલ કોઇની પાસે વાત કરવી નહીં. આ લાકડાનું બારણું ઉઘાડ!"

આ છેલ્લા બોલ ખલીલ વધારે જોસથી બોલ્યો હતો. તેણે તે છુપા દરવાજા તરફ આંગળી કરી ને તેને હુકમ કર્યો હતો. ગુલામતો થંભ થઇ રહ્યો. તેનામાં હાલવા ચાલવાની શક્તિ ન રહી.

"તે દરવાજો ઉઘાડ!" વધારે સતાધારીના હુકમે ખલીલ બોલ્યો. "જો મારો હુકમ તેં ત્રીજી વખત ન માન્યો તો તારૂં માથું કાપી નાખીશ!"

"હું તમારા હુકમને તાબે છું, પણ મારા ધણીનો મારે તેથી કોપ ખેંચી લેવો પડશે અને તેથી મારે તમારા ઉપર વધારે આધાર રાખવો પડશે.

"જેનો હુકમ તું કબુલ કરે છે તે તારૂં રક્ષણ કરશે. માટે તેને વધારે સખત કરવામાં કાંઇ માલ નથી."

ગુલામને આ પ્રમાણે ખાત્રી મળવાથી હીમત આવી. તેણે ભીતમાં આવેલો લોખંડનો એક દાંડો દાબ્યો. તેને કોઇ ચીજ સાથે અટકાવી મુકીને પછી તે દરવાજા તરફ ચાલ્યો અને તેને હાથે ઉચકીને ફેરવી નાખ્યો. તેજ વખતે ત્રણે જણને કાને ઇસમીલ્ડાના ઓરડામાંથી તે તરફ આવવાનો દરવાજો ઉઘડવાનો અવાજ સંભળાયો.

"પાશા!" ધીમે સ્વરે ગુલામ બોલ્યો.

"મારી વહાલી ઇસમીલ્ડા, મને સ્વપ્ન આવ્યાથી મારો ખજાનો મારે જોવો જોઇએ." પાશાનો વાત કરવાનો અવાજ આવ્યો.

"બીતોના!" ખલીલે ધીમેથી કહ્યું, "કાંઇ વાત કહેતોના–ચુપ રહેજે! યાદ રાખજે તારી જીંદગી મારા હાથમાં છે! વફાદાર રહેજે–બીતોના!"

"અને કુંચી વિષે?" ધાસ્તી ભરેલે અવાજે ગુલામે પુછ્યું.

"પાશાને કહેજે કે તે ખોવાઇ ગઇ. તને કાંઇ ઇજા થશે તો હું બચાવીશ. લુકાસ ચાલો!"

ખલીલ અને લુકાસ બેઉ પોતાના ઓરડાના છુપા દરવાજા આગળ જઇ ઊભા. ગુલામે દરવાજો બંધ કરવાને વખત ન લગાડયો. પાશાએ ઇસમીલ્ડાના ઓરડાનું બારણું પુરૂં નહોતું ઉઘાડયું નહિતો શું થાયછે તે તેને બધું માલમ પડતે.

"મારા શીરતાજ એક ખાલી સ્વપ્ન ઉપરથી તમે શા વાસ્તે મફતની મહેનત કરોછો?" ઇસમીલ્ડાએ કહ્યું. ખાત્રી રાખજો કે તમારો ખજાનો સલામત છે. શું કારામશરૂર વફાદાર નથી? ઓરડામાં પાછા ચાલો. મારી છાતી ઉપર માથું મુકીને સુખમાં નિદ્રા લ્યો."

"નહિ નહી, સ્વપ્નછે તે આગમચેતી કરેછે. તારે જોઇએ તો તું રહે અથવા મારી પાછળ આવ. કારામશરૂર જેની તું ભલામણ કરેછે તે વફાદાર છે કે નહી તે મારે જોવુ છે."

તે ગુલામનું નામ કારામશરૂર હતું. તે પોતાના શેઠ શેઠાણીને મળવા આગળ આવ્યો, અને તેમની પાસે ધુટણુ મંડીએ પડયો.

"કારામશરૂર ઉઠ." પાશાએ કહ્યું, તું સાવધ છે અને તેથી હું ઘણો ખુશીછું. આગલા વખતમાં નાગો અને સર્પોને ખજાનાની ચોકી વાસ્તે રાખતા. તું પણ

ખરેખર ચોકી ઊપર છે તેથી ખુશીછું. પણ તારી તલ-વાર કયાં છે? તે તારી પાસે કેમ નથી રાખી?"

"નામદાર પાશા માફ કરો!" દોલતખાનના પગ આગળ બીજી વાર પડીને તે બોલ્યો." મારી તલવાર મારી ઓરડીમાં છે. જે દેખાય એમજ પડી છે."

"દેખાય એમજ!" પાશાએ ગુસ્સાથી કહ્યું, "અરે તેથી તો ઘણા ઉલટા બનાવો બનતા મેં સાંભ-લ્યા છે. દુશમનને મારવાને બદલે દુશમન તેજ તલવાર થી આપણને મારી જાયછે."

"આ પહેલીજ વખત છે, અને તેથી આપ જ-નાબેઅલી માફ કરશો." ગુલામે અરજ કીધી.

"જનાબેઅલી દયાલુ છે અને માફ કરશે." ઇસ-મીલ્ડા ગુલામ તરફ જોઇને બોલી, અને તેજ વખતે પોતાના પતિને ફુસલાવવા લાગી.

"ચાલો આપણે જોઇએ કે, એની તલવાર તૈયાર છે કે નહિ?" પાશા તેની ઓરડી આગળ જતાં બો-લ્યો. "યા અલ્લાહ! એના ઓરડામાં આ શું જોઊંછું? ખોરાક અને શીશીઓ? નિચ ગુલામ! આ બધું તેં વાડીમાંથી ચોર્યું છે એમ મારી ખાત્રી થાય છે! વા-ડીમાં દાખલ થવાનો તને હુકમ નથી તે છતાં તું થયો! જે ચીજો તારા જેવા ગુલામ માટે નથી તે તેં લીધી!"

કારા મસરૂરે ઇસમીલ્ડા તરફ જોયું. પાછો પાશા ને પગે પડયો.

"કંગાલ!" ગુસ્સે થયલો પાશા બોલ્યો, "તારો વાંક મોટો છે. તું જાણે છે અને તેથી તારે શિક્ષા ખ-મવી પડશે!"

"મારા વ્હલા પતિ! કદાચ તમે ધારોછો એવો

અપરાધી કારામસરૂર નહિ હોય! ઇસમીલ્ડાએ કહ્યું. "તેને ખુલાશો કરવા દો. અમીના જે તેના વાસ્તે ખોરાક લાવેછે તેણે કદાચ તેને આ બધું આપ્યું હશે!"

"જો અમીનાએ આ બધું આપ્યું હોય તો તેપણ અપરાધી છે." પાશા બોલ્યો. "લુચ્ચા ગુલામ, આ તને પહેલી વખત કેફ કરતાં મેં જોયો નથી."

"મારા વહાલા પતિ! ખરૂં પુછો તો મેં પણ આપણા વિશ્વાસુ કારાને કેફી ચીજો તેનો થાક ઉતારવાને ઘણી વખત આપી છે."

"ત્યારે તેં પણ ખોટું કર્યું!" પાશાએ કહ્યું. "પણ જ્યારે તું એને વાસ્તે કાલાવાલા કરેછે ત્યારે એની જીંદગી હું બચાવીશ. પણ કાલેજ એને ગુલામના બજારમાં વેચવા મોકલાવી આપીશ કે, જેથી મારા જેવો સારો ધણી ખોવાનો એને પસ્તાવો થાય. ઉઠ, નિચ ગુલામ,—અને જે કુંચીથી દરવાજો ઉઘાડીને તેં ચોરી કરી તે કુંચી હવે મારે હવાલે કર. તે તારી પાસે વધારે વાર રાખવામાં લાભ નથી.

ઉઠવાને બદલે ગુલામતો નિચુ જોઇને ધુંટણીએ પડયોજ રહ્યો.

"કુંચી આપ! પાશાએ બુમ પાડી. હજી પણ ગુલામે કાંઈ જવાબ ન આપ્યો.

"તું સાંભળેછે કે? ઇસમીલ્ડાએ કહ્યું. "નામદાર જનાબેઅલીને કુંચી આપી દે. અને તેમની દયા ઊપર વિશ્વાસ રાખ!"

"નામદાર, તે કુંચી મારી પાસે નથી!" ધીમે સ્વરે તેણે જવાબ આપ્યો. "આતું શું બોલેછે?" જમીન ઉપર પગ અફાળીને પાશા બોલ્યો. "શું તું મારી

મશકરી કરેછે. ? બાગના દરવાજાની કુંચી કયાંછે ",

" તે ખોવાઇ ગઇછે, " તે બોલ્યો.

"કુંચી ખોવાઇ ગઇ!" પાશા તપી જઇને બોલ્યો. "જો ઇસમીલ્ડા આ કેવાનો આપણે વિશ્વાસ કર્યો હતો!"

"પણ કુંચી કયાં ખોવાઈ ગઇ?" પાશાએ પુછયું. "દરવાજો બંધ છે? બોલ."

"હા, મહેરબાન!" ગુલામ બોલ્યો.

"ત્યારે તો તે અંદરજ પડી ગઈ હોવી જોઇએ."

"જે વખતે આપ નામદાર આ તરફ આવતા હતા તે વખતે હું કુંચીજ શોધતો હતો." ગુલામે જવાબ આપ્યો.

"આ શો છુપો ભેદ છે તે વિષે મને ખબર નથી પડતી." પાશાએ કહ્યું.

"કોણ જાણે તારો વિચાર કાંઇ દગો ફટકો કરવાનો હશે તો? માટે ઉઠ, અને તારી ઓરડીમાં દાખલ થા." પાશાએ આ પ્રમાણે કહીને પોતાની તરવાર કાઢી તે જોઇને ઇસમીલ્ડાએ ચીશ પાડી કે, તેના દેખતાં તેને મારી ન નાખતા. પાશાએ પોતાનો ઇરાદો એવો નથી એવી તેની ખાત્રી કરીને ગુલામની તરવાર લઇ લીધી. પછી તે બોલ્યો:– કારામસરૂર! સાંભલ, તારા કલાક બાકી થોડા છે. હું મારા માણસોને તેડવા જાઊંછું"

"મારા મહેરબાન ખાવીંદ, તમારી વફાદાર સ્ત્રીના થોડા શબ્દો સાંભલો!" ઇસમીલ્ડા બોલી; "કારા હમણા ઘેનમાં છે અને તેથી તેને થોડા કલાકની મહેતળ આપો. એટલા વખતમાં એ તમને પુરતો ખુલાશો કરશે."

"ભલે તેમ કરીશું," પાશાએ કહ્યું, "ત્યારે તને થોડા કલાકની ફુરસદ આપુંછું. અને જ્યારે હું પાછો ફ

રૂ ત્યારે મને કુંચી વિષે પુરતો ખુલાશો કરશે તો ઠીક છે નહિતો ફાંસીની દોરી તારી ગરદન ઉપર પડશે."

એમ કહીને દોલતખાન ત્યાંથી બહાર નિકલ્યો. કારામસરૂરની ઓરડીનું બારણું બંધ કર્યું અને ઉપરથી અડગરો દીધો. પછી પાશા ઈસમીલ્ડા તરફ જોઇને બોલ્યો, "મારો ખજાનો બરોબર છે કે નહિ તે આપણે જોવું જોઇએ. આ નિચ મારી સાથે દગો તો નથી રમ્યો?"

હવે આપણે ખલીલ તથા લુકાસ તરફ ફરીએ. તેઓ પોતાના ઓરડાના પેલા છુપા દરવાજા આગળ ઉભા હતા. અહીંથી તેઓ કાંઇ જોઇ શકતા ન હતા, પણ વાતો પુરતી રીતે સાંભળીને દંગ થઈ ગયા હતા. જ્યારે દોલતખાન પાશાએ પોતાનો ખજાનો જોવાનો વિચાર ઈસમીલ્ડાને કહ્યો ત્યારે ખલીલ જરા આગળ આવ્યો. આ ઠેકાણેથી પાશા તેમજ ઇસમીલ્ડા તેને દેખાતાં હતાં. પાશા લાકડાના દરવાજા આગળ આવ્યો. બાગમાં જવાનો દરવાજો બંધ હતો કે નહી તેની ખાત્રી કીધી. તે બરોબર બંધ જોયા પછી પાશાએ લોખંડી કડો દાબ્યો. દરવાજો ઉઘાડયો અને પોતાના ખજાના વિષે ખાત્રી કીધી. આ વખતે ખલીલની આંખે એક નવાઈ જેવો દેખાવ પડયો.

પાશા પોતાનો ખજાનો સહીસલામત જોવાને જે વખતે વાંકો વળ્યો હતો તે વખતે ઇસમીલ્ડા તેની પાછલ ઉભી હતી. દીવાનું અજવાળું તેના ચહેરા ઉપર પડતું હતું. તેનો ચહેરો જીવતી ડાકણ જેવો વિકાલ દીસ્યો. તેણીએ પોતાના હાથો ઊંચા.કર્યા. પોતાના ભરથારને ધકકો મારતી હોય તેમ દેખાઈ. ખલીલે પોતાની

છુપી જગાએથી દોડવાનો વિચાર કર્યો, પણ તેજ પળે પાશાએ દરવાજો બંધ કર્યો. તે બોલ્યોઃ—અલ્લાનો હું આભાર માનું છું કે, મારો ખજાનો સલામત છે." તે પાછો ફર્યો. ઇસમીલ્ડાએ પોતાનો અસલ દેખાવ ધારણ કર્યો. આ બધું ખલીલે જોયું. તે માથાથી તે પગ સુધી ધ્રુજ્યો. પાશાએ પાછું ફરતાં ઈસમીલ્ડાને કહ્યું:—"મારા પ્રાણ! મારા હૈયાના હાર! તારા ઓરડામાં ચાલ. મને ઊંઘ આવેછે"

અરે ઇશ્વર! પાશાને તેના પ્રાણ(!) તેને શું કરવા જતા હતા તે વિષે જરાપણ શક આવ્યો હતો તે અથવા તેનાહૈયાનો હાર(!) તેને વિષે કેવો ધિક્કાર દેખાડેછે તેને વિષે તેણે જરાપણ જોયું હતે તો—તરતજ મછવો તૈયાર કરતે અને ઇસમીલ્ડા ને બોસફરસને સ્વાધીન કરતે. પણ તેતો તદન અજાણ હતો. ઈસમીલ્ડા જેવી સ્ત્રી પોતાને મલીછે તેથીતો તે વડાઈ લેતો. ખલીલે પાશા અને તેની સુંદર સ્ત્રીને જતાં દીઠા. તેમણે દરવાજો બંધ કર્યો. હવે ખલીલે ધીમે સ્વરે પણ ઝડપથી લુકાસને ઇસમીલ્ડા સાથે શું બન્યું તે પુછ્યું.

લુકાસે, પહેલા અમીના સાથે અને પછી ઈસમીલ્ડા સાથે થયલી વાત કહી સંભળાવી. તુર્કીએ તે ધ્યાનથી સાંભળી.

"અને હવે, મારા વહાલા ખલીલ," લુકાસ બોલ્યો, "તમે મને ઈસમીલ્ડા આગળ મોકલ્યો તેનું અને પેલા સીધ્ધી તરફ જે ચાલ ચલાવી તેનું કારણ કહેશો?"

"મારા વહાલા લુકાસ, હમણા નહિ," ખલીલે જલદીથી જવાબ આપ્યો. "જરા ધીરજ રાખો. એટલું તો ખાત્રીથી માનજો કે' હું સારા વાસ્તે કરૂં છું—તમને જલદીથી માલમ પડશે."

ખલીલે તેને સમજાવીને જુલીઅનવાળા ઓરડામાં સુવા મોકલ્યો. ખલીલે તેના ઓરડાનું છુપું બારણું બંધ કર્યું. ખલીલ પોતાના ઓરડામાં જવાને બદલે દાદર ઉતર્યો અને બાગમાં જવાના દરવાજા આગળ આવ્યો. પેલી કુંચીથી દરવાજો ઉઘાડયો. તે આસપાસ જોતો આગળ ચાલ્યો. સવારનું ઝઝકળું પડવા માંડયું હતું પણ ત્યાં કોઇ નહતું. તેણે ગજવામાંથી એક બંડલ કાઢયું. આ બંડલ તેને આગલી રાતે તેના ચાકર સાદકે આપ્યું હતું. તેની ઉપરથી કાગળ ફાડી નાખ્યું. અંદર એક પેટી હતી. આ પેટી ઉઘાડી અંદરથી કાળા રંગનો એક દડો કાઢયો. તે તેણે પોતાના સઘળા જોરથી ઉંચે ફેંકયો દડો ઝાડોની ઘટા વટાવીને બીજી બાજુ પડયો અને તરતજ એક કડાકો થઇ આશમાની રંગની વરાળ નીકળી. જે તરફ પોતે દડો ફેંકયો હતો તે તરફજ ખલીલે પોતાની નજર રાખી અને થોડીવારમાં ત્રણ માણસ છુપાતા છુપાતા ત્યાં આવ્યા. સાદક સૌની આગળ હતો. બીજા બે સીધ્ધી ગુલામો હતા. ત્રણેજણા ખલીલને ઘણાજ માનથી નમ્યા; ખલીલે ચુપ રહેવા ઇશારત કરી પોતાની પાછળ આવવા કહ્યું. તે તેમને ગુલામના ઓરડા આગળ લઇ ગયો. તેનો દરવાજો ઉઘાડયો અને બધા અંદર દાખલ થયા.

"મેં તને કહ્યું હતું કે, અણીની વખતે હું તને બચાવીશ." ખલીલ બોલ્યો. "તેં પાશાની કુંચી વિષે બરોબર ખાત્રી ન કરી, તેથી તેના ગુસ્સા આગળ ઇસમીલ્ડાના કાલાવાલા રદછે. આ માણસો સાથે જા, તેઓ તને સલામત ઠેકાણે લઇ જશે."

ગુલામે તેની સામે શક તેમજ ધાસ્તીથી જોયું:

ખલીલ બોલ્યો:—"હું તારી સાથે દગો નથી રમતો. જો મારે તારો જીવ લેવો હોય તો અહીં મને કોણ અટકાવે એમ છે? અમે ચાર હથીઆરબંધ છીએ. તું એકલો વગર હથીઆરે છે. એમની સાથે જા. તું એમનો કેદી છે. વખત આવે જો તું મારા સવાલનો જવાબ આપશે તો તારી જીંદગી સલામત છે."

સાદક અને તેના ગુલામોની સાથે જવાને તે ગુલામે હવે આનાકાની ન કરી. પાશાના ગુસ્સાના વેરમાં મરવાના કરતાં તેમની સાથે જવું વધારે સારૂં લાગ્યું. ખલીલે તેનો દરવાજો બહારથી બંધ કર્યો અને તેમને બાગને રસ્તે મોકલી તે દરવાજો પણ પાછો બંધ કર્યો. પછી તે પોતાના ઓરડામાં સુવા ગયો.

આ બનાવ બન્યા પછી એક કલાકે, ઇસમીલ્ડા પાશાને પોતાના ઓરડામાં ઊંઘતો મુકીને ગુલામના ઓરડા આગળ આવી. તેણીએ કળ ફેરવીને દરવાજો ઉઘાડયો અને ધીમે સ્વરે બોલી:—"નિમકહલાલ મશરૂર, બહાર આવ! મને વફાદાર રહેનારને હું છોડીશ નહિ એમ તો તું જાણેછે!" કાંઇ જવાબ નમળ્યો. "તે સુતો છે!" એમ મનમાં બોલીને તે અંદર દાખલ થઇ. પણ જયારે ત્યાં તે ન દેખાયો ત્યારે તે કેવી અજાયબ થઇ હશે? તે ગુલામ કયાં ગયો, કેવી રીતે ગયો, તેને કાંઇ ચોરી ગયું કે કેમ? એવા સેંકડો વિચાર તેના મનમાં આવવા લાગ્યાં. નહિતો અમીનાએ તો તેને નસાડી ન મુકયો હોય? શું તેને શેતાન ઊપાડી ગયો હશે? દરવાજો પાછો બંધ કરીને પાછી તે પોતાના ઓરડામાં ગઇ અને બીછાના ઉપર સુતી.

કેટલોક વખત જવા પછી પાશા ઉઠયો. તેને પો-

ભાની કુંચી વિષેજ ખાત્રી કરવી હતી. તે પોતાના ગુલામોને બોલાવવા ગયો. પાશાના ગયા પછી ઇસમીલ્ડાએ અમીનાને બોલાવી. તેને મશરૂરના ગુમ થવા વિષે પુછયું તે તદન અજાંણી હતી. તેને તે ક્યાંથી ખબર હોય

થોડી વારમાં પાશા બે ગુલામોને લઇને ત્યાં આવ્યો. એકના હાથમાં લાલ રેશમી દોરી હતી. ઇસમીલ્ડાને સાથે લઈને પાશા પગઠીઆ ઊતર્યો. તેઓ બધા તેના ઓરડા આગળ આવી પહોંચ્યા. તેણે એક ગુલામને દરવાજો ઉઘાડવા હુકમ કર્યો. ગુલામે દરવાજો ઉઘાડયો. તેઓ અંદર દાખલ ન થયા. પાશાએ કહ્યું, "કારામસરૂર! બહાર આવ! તારા ધણી આગળ ખુલાસો કર!"

"જલદી આવ!" ઇસમીલ્ડા બોલી, "નહિતો હવે મારી તરફના કાલાવાલાની આશા ના રાખતો."

"કેવો નિમકહરામ ગુલામ છે!" અમીના ધીમે સ્વરે પણ પાશાથી સંભલાય એવી રીતે બોલી. "શામાટે તે આપણા માયાળુ શેઠના પગ આગળ નથી પડતો?"

પાશાએ પોતાનો ગુસ્સો દેખાડયો પણ અંદર હોય કોણ જે જવાબ આપે. તેણે ગુલામોને અંદર જઇને તે ઇથોપીઅનને પકડી લાવવાનો હુકમ કર્યો. તેઓ અંદર ધસ્યા, પણ ગુલામને પકડી લાવવાને બદલે આસપાસ જોવા લાગ્યા. પાશા ઉઘાડી તરવાર હાથમાં લઇને અંદર ધસ્યો તો તેપણ અજાયબ થયો. અમીના અને ઇસમીલ્ડા પણ અંદર આવી તેમણે કહ્યું કે, એ કોઈ ભુત પ્રેતનું કામ છે. પણ પાશાએ કહ્યું કે, નહિ, કોઈ દગાબાજનું કામ છે. તે બહાર નિકળ્યો.

"મારા મહેરબાન આપ શું કહો છો?" ઈસમી-

લ્ડા બોલી, "આ કોણે કર્યું ? તમે કોની ઉપર શક લાવોછો ?"

પાશાના મગજમાં પણ તે સવાલ થતો હતો. તે બોલ્યો, "હું જાણતો નથી કે, આ કોનું કામ છે !"

તેઓ બધા નિચે ઉતર્યા અને બાગમાં જવાનો દરવાજો બંધ છે કે નહિ તે વિષે ખાત્રી કીધી. પછી અમીના અને ગુલામોને તે બાબત વિષે મુંગા રહેવાનું કહીને તમને જવાની રજા આપી. પછી તેણે પોતાના ખજાનાની ખાત્રી કરવાનો વિચાર કર્યો. તેણે દરવાજો ઉઘાડયો અને પોતાના ખજાના વિષે ખાત્રી કર્યા પછી બોલ્યો, "ખજાનો સલામત છે. પણ મસરૂરના ગુમ થવાનો એક માર્ગ મને દેખાય છે. પેલા બે જુવાન માણસો જેના ઓરડામાં છુપા બારણા છે તેઓ—"

"તેઓને તે બારણા વિષે ખબરજ કેમ પડે ? વળી તેમને મસરૂર સાથે સંબંધ પણ કયાંથી હોય ?" ઇસમીલ્ડા બોલી.

"ખરી વાત," પાશાએ કહ્યું, "તેઓ ભલા ઊંચી મન શકિતના—બહાદુર—" "તેમાં કાંઇ શક નથી." ઇસમીલ્ડા બોલી, "પણ તમારો આજનો બનાવ ભુલી જવો જોઇએ.

દોલતખાન પાશા ગુંચવાયો હતો. ઇસમીલ્ડાએ રમત ગમતની હજારો વાત કહી પણ તેના ધ્યાનમાં ઉતરી નહિ. ઈસમીલ્ડા ગમે તેમ કરીને તે જુવાન તુર્કીને મળવા ચહાતી હતી. તેણીએ આખરે બોસફરસ ઉપર ફરવા જવાનું કહ્યું. પાશાને વાત પસંદ પડી.

પાશાએ પોતાના એક સૌથી વિશ્વાસુ ગુલામને તે જગાનો રખેવાળ ઠરાવ્યો. આ ગુલામ ઇસમીલ્ડાનો વિશ્વાસુ ન હતો.

પ્રકરણ ૨૨ મું.

બોસફરસની સેહેલ.

પાશાએ ત્રણે મિત્રોના ઓરડા ઉઘાડયા અને પોત વિચારમાં હોવાથી લુકાસ અને જુલીઅનના બદલાયલા ઓરડાનું ભાન ન રહ્યું. પાશાએ પોતાના કુટુંબ સાથે બોસફરસ ઉપર સેહેલ કરવા આવવા તેમને કહ્યું ત બોલ્યો; "ઘણાખરા મોટા અમલદારો સહેલ કરવા નિકળેછે અને તમે જો અમારી સાથે હો તો ગામમાં જાહેર થાય કે. તમે મારી સાથે રહોછો અને મારી છોકરીઓસાથે પરણવાની ઉમેદ વારી કરોછો. તેમ જણાવવા હું માગતો નથી તેથી તમે બાગમાંથી બહાર જઇને બીજે કીનારે બેશો ત્યાં હું મછવામાં આવીને તમને બેસાડીશ. અને આપણે સાથે સેહલ કરીશું."

તેમણે તે પ્રમાણે કરવા વચન આપ્યું. જમ્યા પછી ત્રણે જણા બાગને રસ્તે બહાર નિકલ્યા. જે ખેતરમાં ખલીલે ફેંકેલો દડો પડયો હતો ત્યાં આવ્યા પછી ખલીલે પોતાના મિત્રોથી છુટા પડવાની રજા માંગી મુકરર કરેલે ઠેકાણે તેમને આવી મલવા જણાવ્યું અને તેમનાથી છુટો પડયો. તેઓ દેખાતા બંધ થયા ત્યાં સુધી તેમની પાછળ જોયું અને પછી ઝાડોની ઘટા તરફ ચાલ્યો. સાદક તેની સામે ગભરાયલે ચહેરે આવી ઉભો ખલીલ તરતજ પામી ગયો કે, કાંઇ ખરાબ બનાવ બનેલોછે તે ઘુટણ મંડીએ પડયો. ખલીલ જલદીથી બોલ્યો, "મારે વિષે તું શું ખરાબ ખબર લાવ્યોછે? મારા પિતા–મારા ભાઇઓ–મારી બહેનો–"

"મારા મહેરબાન, તેઓ સૌ સારીપેઠે છે." સાદક બોલ્યો, "પણ–"

"ગભરાયછે શામાટે, ખુલ્લાશાથી બોલ." ખલીલે કહ્યું, "શું હું તારી તરફ ક્રુરતાથી ચાલું છું?

"સૌથી માયાલુ અને સારા નામદાર શેઠ!" સાદક બોલ્યો, "મારાથી ગફલતી થઇછે. તે ઇથીઓપીઅન"

"શું! કારામસરૂર? તે હમણા સાત મીનારા વાલા કીલ્લામાં કેદ નથી?"

"આપ નામદારના હુકમ પ્રમાણે તે હતે. મસરૂર નાશી ગયોછે."

"અરે અલા!" ખલીલ ક્રોધાતુર થઇને બોલ્યો, "જો આ તારી ગફલતીથી થયું હશે તો—"

"મારા મહેરબાન, મને બચાવો! બચાવો!" સાદક હાથ જોડી કાલાવાલા કરતો બોલ્યો, "અલા જાણે છે કે, એમાં મારી ગફલત મુદ્દલ નથી. મારા મમાલુ ધણીના હુકમથી હું આડો કેમ ચાલું?"

"નહિ, સાદક! તું મારો નિમકહલાલ ચાકર છે." શાંત પડતાં ખલીલે કહ્યું, "આ કેમ બન્યું તે મને કહે."

"અમે ધારતા હતા તેમ હું અને બીજા ગુલામો તે ઇથોપીઅનને મજબુત બાંધીને લઈ જતા એટલામાં તેણે એક જોસનો આંચકો માર્યો અને અમારા હાથ માંથી છુટી જઇને જે દોરડાથી તને બાંધ્યો હતો તે તોડી નાખ્યો. અમે તરવારો બહાર કાઢી. પણ ઈબ્લીશની સામે અમારો શો ઉપાય! તેણે બેઉ ગુલામોને નિચે નાખી દીધા અને મને કપાલ ઉપર આ જખમ કર્યો. આ પ્રમાણે મસરૂર નાશી ગયો."

"બીજા ગુલામો ક્યાં છે?" ખલીલે પુછ્યું.

"જ્યારે અમે સુધીમાં આવ્યા ત્યારે તરતજ પોલીશના અમલદારોની આગલ ગયા અને તેને મસરૂર

ના દેખાવનું વર્ણન આપીને તેને પકડી કાઢવાનું કહ્યું. પછી અમે આ તરફ આવ્યા. હવે આપ નામદાર બીજો શો હુકમ કરોછો તે સાંભળવાને અમે અત્રે આવ્યા છીએ."

"આ કામ ગફલતીથી નહી પણ તમારા હીચકારા પણાથી થયું છે. તે એકલાની સામે તમે ચાર હથીઆરબંધ હતા. પણ હું તમને માફ કરૂંછું. પણ તું જાણતો નથી કે, પરીણામ કેવું ખરાબ નિપજ્યું છે. મસરૂરને કેદ કરવું કેવું અગત્યનું છે તે તું જાણતો નથી. આજ અથવા આવતી કાલે તે પાછો પકડાવો જોઇએ. તમારે એકત્ર મેહેનતથી તેને શોધી કાઢવો! પણ જો તે બીજે દેશ જતો રહ્યો હશે તો? અથવા ક્યાં જંગલમાં છુપાઈ રહ્યો હશે તો?

"સાહેબ તે હું અગાઉથીજ જાણતો હતો, અને તેથી પોલીસના ઘોડે સ્વારોને જુદી જુદી દીસાએ મોકલવામાં આવ્યા છે."

"તારી એટલી હુશીઆરી જોઇને તારો બધો વાંક હું માફ કરૂંછું. પણ સાદક, આ બધું કામ તેં છુપી રીતે કર્યું છે કે નહિ?"

"હા, મારા મહેરબાન! અતિશય છુપી રીતે! કાદીયાસકરના સ્વારોને તો મેં મારે નામે કહ્યું છે, પણ ખાસ લશકરને–"

"સારૂં!" ખલીલ વચમાં બોલી ઉઠયો, "તે હુશીઆરીનું કામ કર્યું. આજ રાતે તું મને ખબર આપવા આવજે કે, તે પકડાયો કે નહિ."

"અને આપ નામદાર બીજો કાંઈ હુકમ ગુલામને ફરમાવો છો?"

"હા." ખલીલે કાગલનો કટકો આપતાં કહ્યું, "શહેરમાંથી ગાંધીની દુકાને જઇને આ ચીજો લઇ આવજે. આજ રાતના તને હું મલીશ."

સાદક કાગલ હાથમાં લઇને તેને નમ્યો. ખલીલ તરતજ ચાલતો થયો. પોતાના ગ્રીક મિત્રો જ્યાં ઉભા હતા ત્યાં ગયો. પાશાનો મછવો પણ ત્યાં આવી પહોંચ્યો. ત્રણે જણા તેમાં બેઠા. મખમલી ચંદવામાં બેઠક ઉપર ઇસમીલ્ડા, ગુલનેર, થૈઝા અને જુલીખાં બેઠી હતી. તેઓએ બુરખા નાખી લીધા હતા. ૮ ગુલામો મછવો હંકારતા હતા. તેઓ ફરતા ફરતા બોસફરસના ડાબા કીનારા આગલ આવી પહોંચ્યા. ત્યાં મછવો ઉભો રાખીને પાશાએ શરબત લાવવાનો હુકમ કર્યો. શરબતના પ્યાલાં ભરવામાં આવ્યા અને જેવો ખલીલ તે પીવા ગયો કે, તેણે અજાયબીની ચીશ પાડી. તેણે પ્યાલું નિચે મુકી દીધું અને મછવામાંથી કીનારા ઉપર કુદી પડયો. એક ઝાડીમાં તે દાખલ થયો તે આસપાસ જોવા વગર આગળ ચાલ્યો. આશરે બસો વાર સમચોરસ વાડીમાં તે દાખલ થયો. બાગમાં રંગબેરંગી ફુવારા ઉડતા હતા અને તેમની પાસે કેટલીક સુંદર સ્ત્રીઓ બેઠી હતી. તેઓ બધી જુવાન હતી. ત્યાં કોઇ પુરૂશ ન હોવાથી તેઓ બુરખા વગર બેઠી હતી. ખલીલ ત્યાં દાખલ થયો. તેને જોઇને તેઓ થોડી વાર સુધી તો સ્તબ્ધ બની ગઇ. બુરખા નાંખવા ભુલી ગઈ. ખલીલ પણ તેમને જોઈ રહ્યો. તરતજ ઝાડીમાં ખડખડાત થયો. ખલીલ તલવાર કાઢીને તે તરફ દોડયો. ઝાડીમાં એક માણસ વગર હથીઆરે દોડતો હતો અને તેની પાછલ એક જણ હથીઆરબંધ હતો. તેઓ કારામસ-

ફર અને ખલીલ હતા મળવામાં બેઠે બેઠે તે ગુલામને ઝાડીમાં દીઠો હતો. તે તેની પાછળ લાગ્યો હતો એમ આપણે ઉપર જોયું. તેની અને ખલીલની વચ્ચે થોડુંજ છેટું હતું. ગુલામ બોસફરસ તરફ દોડયો જતો હતો. શું તે નદીમાં પડવા જતો હતો? ખલીલે તેને તાબે થવાની બુમ પાડી પણ તેણે તે સાંભળવાને બદલે નદીમાં પડતું મુકયું. ખલીલે તરવાર નાખી દીધી અને મસરૂર પાછો ઉપર આવે તે રાહ જોતા ઉભો. પણ તેતો કાંઇ આવ્યો નહિ. ખલીલે વિચાર્યું કે, તે ડુબી ગયો હશે. થોડી વાર રાહા જોયાપછી ખલીલે તરવાર ઊચકી ને મ્યાંનમાં નાખી અને ધીમે પગલે કીનારે કીનારે ચાલવા લાગ્યો. તેણે સામેથી આશરે વિશ માણસોને આવતા જોયા. તેઓ ઉઘાડી તરવારે તેની તરફ આવતા હતા. તેમાં કેટલાક કાળા અને કેટલાક સફેત હતા. એક માણસ સૌની આગળ ચાલતો હતો તે શેઠ હતો. બાકીના બધા ચાકર અને ગુલામો હતા. શેઠે ભપકા ભરેલો પોશાક પહેરેલો હતો. દેખાવ ઉપરથી તે કોઇ મોટો અમલદાર લાગતો હતો. તે ક્રોધાતુર દેખાતો હતો અને પોતાની સ્ત્રીઓ આગળ અને પોતાના ખાનગી ભાગમાં જે જુવાન પુરૂશ પેઠો હતો તેની ઉપર વેર લેવા માગતો હતો. ખલીલ તેને મળવા સામો ગયો. પાસે આતાં ખલીલે તેમને ઉભા રહેવાની ઇસારત કરીને કહ્યું;— "નધારેલા બનાવથી હું દાખલ થયોછું અને તેનું કારણ હું તમને સમજાવીશ. પણ મારે તમને કયે નામે બોલાવવા?"

ખલીલની આવી ચાલ અને શબ્દોથી તે ઓધેદાર આશ્ચર્ય થતો ઉભો રહ્યો. ને ઓધેદાર બોલ્યો;—"મારૂં

નામ રામીપાશા છે. તમારો ખુલાશો હું સાંભલીશ પણ તે થોડોજ ઉપયોગનો થશે."

"આપ સાહેબને નામથી હું ઓળખું છું." ખલીલે કહ્યું, "તમે પ્રખ્યાત રાજદ્વારી અને નામદાર સુલતાન સલીમના વફાદાર અમલદારછો. મારૂં સાંભળો. અહીંથી થોડે દુર મારા મિત્રો મછવામાં બેઠા છે. અમે તમારા બાગની બહારની બાજુ છાયામાં ખાવા બેઠા. ઓચીંતો મેં એક અપરાધીને દીઠો. કાયદાના હાથમાંથી છટકી ગયો છે. હું તેની પાછળ લાગ્યો. તેથી તમારી વાડીમાં દાખલ થવું પડયું પણ મને તમારી સ્ત્રીઓ તરફ નજર કરવાને થોડોજ વખત મલ્યો. હું તેની પાછળ લાગેલોજ રહ્યો અને તેણે બોસફરસમાં પડતું મુકયું."

"તમારી વાત સાચી છે," રામીપાશાએ કહ્યું કારણ કે ગુલામી પોશાક પહેરેલા એક સીધ્ધીની પાછળ લાગેલા અમે તમને જોયા—"

"જો તમે નામદારે તેને થોડા કલાક અગાઉ ચાકરીમાં ન રાખ્યો હોયતો તે છુપી રીતે દાખલ થનાર છે." ખલીલે કહ્યું.

"તે એક દાખલ થનાર હતો." રામીપાશા બોલ્યો, "પણ તેથી બીજાએ દાખલ થવું ન જોઇએ. પણ જુવાન માણસ તમે કોણછો?"

"મારા મહેરબાન, તમારા કાનમાં એક શબ્દ સાંભળો અને પછી વધારે સવાલ પુછવાની અગત્ય નહિ પડે."

રામીપાશા, જે તે જુવાન તુર્કની અમીરી ચાલ અને બોલવા ચાલવાની છટાથી આશ્ચર્ય પામ્યો હતો તે નાપાડી નશકયો. તેણે પોતાના ચાકરોને ત્યાંજ ઉભા રહેવાની ઈસારત કરીને પોતે ખલીલ આગળ આવ્યો;

ખલીલે તેના કાનમાં કાંઇ વાત કહીને તરતજ ચુપ રહે-વા વાસ્તે ઇસારત કરવા આંગળી નાકે વળગાડી. તે આંગળી ઉપર પેલી તળેશમાતી વીટી પહેરેલી હતી, જે વીટીએ બે જીવો, એટલે લુકાસ અને કાદીયાસકરના બ-ચાવ્યા હતા. ખલીલે જે કાંઇ શબ્દો તેના કાનમાં કહ્યા હતા તે રામીપાશા પહેલાં તો માનવા આનાકાની કરવા લાગ્યો તેના ચહેરા ઉપર ધિક્કાર સ્પષ્ટ દેખાતો હતો, પણ જે વખતે ખલીલની વીટીની ઉપર તેની નજર પ-ડી કે તેણે ખલીલની વાત માની.

"એકપણ શબ્દ નાબોલતાં." હુકમ કરતા અવાજે ખલીલે કહ્યું, "તમારા ગુલામો સાથે પાછા જાઓ. ત-મારા અંત:પુરમાં દાખલ થવા વાસ્તે મારી માફી સ્વી-કારો. અને મારા છુપા શબ્દો વિષે ચુપ રહેજો !"

એમ કહીને ખલીલ ઝાડીને રસ્તે ચાલતો થયો. પોતે જ્યાં દોલતખાન વગેરેને મુકયા હતા ત્યાં તે આવી પહોંચ્યો. તેણે નિચે પ્રમાણે પાશાને બોલતાં સાંભળ્યો, "આપણો જુવાન મિત્ર ખલીલ એકદમ કયાં ગયો ?"

"મારા મહેરબાન, તમારો જવાબ આપવાને આ રહ્યો." ખલીલે ઝાડીમાંથી બહાર આવતાં કહ્યું.

"તમે એકદમ કયાં જતા રહ્યા ?"

"ઝાડીમાં મેં એક કાળો સાપ દીઠો તેની પાછળ ગયો." ખલીલે કહ્યું ઈસમીલ્ડા, ગુલનેર અને થૈર્ઝાએ ચીશ પાડી, પણ જુલીખાંને તો તેના બોલવામાં અલં-કાર હોય એવું દેખાયું.

"એક કાળો સાપ ?" પાશાએ કહ્યું, "આપણા દેશમાં તો લીલા અને પીળા રંગના સાપ છે પણ કાળો સાપ તો મુદલ દીઠામાં નથી આવ્યો !"

"આ દેશમાં બધી જાતના સાપ થાય છે." ખલીલે કહ્યું.

"તમે તે સાપને પકડયો?" પાશાએ પુછયું.

"નહિ, તે બોસફરસમાં કુદી પડયો." ખલીલે જવાબ આપ્યો.

"શું તે એક મોટો કાળો સાપ હતો?" ઇસમીલ્ડા બોલી.

"નહિ નહિ, તે મોટો નહતો." ખલીલે કહ્યું. "પણ સ્ત્રીઓની વચ્ચમાં એવી વાત કરવી ન જોઇએ; તેથી આપ જો હુકમ કરો તો વાત ફેરવીએ.

"ચાલો આવી ભયંકર જગાએથી આપણે જતા રહીએ." ઇસમીલ્ડાએ કહ્યું! પાશાએ ગુલામોને ઇસારત કરી. તેઓએ મછવો હંકાર્યો.

પછી પાશાએ ખલીલની વાર્તા સાંભળવાનો પોતાનો વિચાર જાહેર કર્યો. તેને બધી તરફથી ટેકો મળ્યો: ખલીલે પણ હા પાડીને વાર્તા ચલાવી.

પ્રકરણ ૨૩ મું.

ખલીલની છઠી વાર્તા.

સતરમી સદીને છેડે એક ઘણોજ અજાયબ જેવો બનાવ બન્યો હતો. એક સુંદર સાંજે ગ્રીસ દેશના સીઓ નામના બેટના કીનારા ઉપર બે આશક માશુક ઉભાં હતાં. એક મછવો ત્યાં બાંધેલો હતો અને થોડે દુર એક વહાણ પડેલું હતું. જુવાન આશક ગ્રીક જાતનો આશરે ૨૫ વરસનો હતો અને સ્ત્રી જે પણ ગ્રીક હતી તે ૧૯ વરસની હતી. પુરૂશ તેને કાંઇ સમજાવતો અને સ્ત્રી તેનાથી છુટા પડવા માટે રડતી હતી.

"ઇરીન, તું શામાટે દલગીર થાય છે?" તે ગ્રીક ખલાસીએ કહ્યું, "શું મારા પ્યારનો તને ભરૂંશો નથી?"

"અરે મેન્યુઅલ!" કુમારીકા બોલી, "મને તારો ભરૂંશો છે. પણ દરીઆના ભયથી હું જાણીતીછું તેથી દલગીરછું."

"દરીઆના કામમાં પુરતો માહીતગારછું." પોતાના સુંદર વહાણ તરફ મગરૂરીથી જોતો મેન્યુઅલ બોલ્યો.

"તું ભયની તો દરકાર કરતો નથી તે ખરૂં છે." ઇરીન બોલી, "પણ જે વખતે તારૂં વહાણ તોફાનમાં ખડક તરફ ઘસડાઇ જતું મેં દીઠું તે વખતે હું આપણા વડાની આગળ ગઈ—"

"તે વખતનો તો હું ઉપકાર માનુંછું!" મેન્યુઅલ વચ્ચમાં બોલ્યો, "તેમ થવાથી તો આપણી ઓળખાણ થઇ."

"તે ખરૂં છે. મારી તમારી સાથે ઓળખાણ થવાથી હું પણ ખુશીછું. આપણા વડાની હું ભત્રીજી થાઊં તેથી મારી ઉમરની બીજી છોકરીઓ મારી અદેખાઇ કરેછે, પણ તમે મનેજ ચાહોછો, અને મારો તમારી ઉપરજ પ્યાર છે."

"હું આ મુસાફરી પુરી કર્યા પછી જ્યારે મારા હાથમાં પૈસા આવશે ત્યારે તમારા કાકા એવેદીક આગળ આવીસ અને તમારા હાથની માગણી કરીશ."

"અને પછી તો તમે મુસાફરી કરવા મુદલ નહિ જાઓની?" ઇરીન બોલી, "પણ તે લુટારો જે આ આપણા બેટા ઉપર રાતની વખતે ઉતરી આવેછે તે તમને હરકત કરશેતો?"

"તેનું વહાણ કાંઇ મારા વહાણથી મોટું તેમજ વધારે માણસો વાળું નથી ! પણ ઇરીન, હવે હું રજા લઊંછું."

એક બીજાની રજા લઇ તેઓ છુટા પડયા જુવાન ગ્રીક નાખુદો તે છોકરીને એક ચુમી લઇને પોતાના મછવામાં બેઠો.

આ વાતને એક મહીનો થઇ ગયો. પેલા લુટારાએ પડોશના ટાપુ ઉપર કરેલા હુમલાની ફરીઆદો સીઓના ટાપુ ઉપર આવી. વાલીએ (વડો પટેલે) સીઓના ટાપુ ઉપર પોતાનું રહેવાનું રાખ્યું હતું. તેણે પોતે આ લુટારાને પકડવાનો વિચાર કર્યો. તેના નશીબે જોર કર્યું. કારણ કે લુટારાના વહાણે કાઢી મુકેલો એક ખલાશી તેને આશ્રયે આવ્યો. તે બોલ્યો, "જે નાખુદાના હાથ નીચે હું હતો તેના વહાણમાં ગ્રીક અને મુસલમાન બેઉ જાતના ખલાશીઓછે. ગ્રીક તે વેપાર ધિક્કારે છે અને મુસલમાનના ધર્મમાં જો કે તે વિષે ના લખીછે તો પણ પૈસા મેલવાને વાસ્તે તે કરેછે."

"છોકરા," શાંત ચહેરે પટેલ એવેદીક બોલ્યો, "જોતું તારો આગલો શેઠ અમારા હાથમાં આવે એવો રસ્તો બતાવશે તો ઇશ્વર તને ક્ષમા કરશે."

"ઇશ્વર તો ક્ષમા કરશે, પણ માણસો ક્ષમા કરશે ?" તેણે પુછયું.

"કોઇબી રીતે તેને તું અમારા હાથમાં લાવી શકીશ ?" "હા"

"ઇશ્વરના સોગન ખાઇને હું કહુંછું તારી જીંદગી હું બચાવીશ એટલુંજ નહિ, પણ જે વખતે તે લુટારો અમારા હાથમાં આવશે તે વખત તને પાંચહજાર સીક્કા આપીશ."

"ત્યારે સાંભળો," તે ખબાશી બોલ્યો. "આજથી સાતમે દહાડે આ બેટની દક્ષીણ દીશાએ તે ઉતરવાનો છે. ત્યાંના પૈસાદાર ખેડુતોને તે લુટશે."

"ઠીકછે ત્યારે હું મારૂં બનતું કરીશ."

જે દિવસે લુટારા આવવાના હતા તેને આગલે દહાડે પટેલ એવેદીકે, કેટલાક માણસોને હથીઆર બંધ થઈને તે તરફ જવાનો હુકમ કર્યો. ત્યાંથી થોડે દુર સરોવરની વચ્ચમાં એક કીલો બાંધેલો હતો. આ કીલામાં પૈસાદાર તેમજ ગરીબ ખેડુતોએ પોતાની દોલત મુકી.

તેજ સાંજના સુંદર હરીન પોતાના કાકાની બારીમાં બેઠે બેઠે દરીઆ તરફ જોતી હતી. તેણે દુરથી એક બતી આવતી દીઠી. તેણે તે પોતાના પ્યારાના વહાણની બતી તરીકે ઓળખી. તે પોતાના વહાલાને મળવા કીનારા તરફ દોડી. થોડીવારમાં તે તેને આવી મળ્યો.

"હરીન તેં મારી નિશાણી ઓળખી ?"

"હા, અને આપણે પાછા મલ્યા. પણ અફસોસ! થોડીવારમાં આપણે છુટા પડવું પડશે. તમે કયારે હંકારી જશો ?"

"પ્યારી થોડાવખતમાંજ હું પાછો હંકારી જઈશ. પણ હવે વખત પાસે આવેછે. ફકત થોડાજ અઠવાડીઆની વારછે અને હું તારા મગરૂર કાકાની આગળ આવીને તારા હાથની માંગણી કરીશ."

"આતુરતા કરતાં કડવાસથી તમે વધારે બોલોછો." પોતાના પ્યારાના ભાર મુકીને બોલેલા શબ્દોથી બીહીને હરીન બોલી, "મારો હાથ જોરથી નદાબો. તમારા મનમાં કાંઈ ખરાબ વિચાર હોય તેનાથી હું બીહુંછું."

"નહિ, હરીન, તું ભુલેછે." મેન્યુઅલ જલદીથી બોલ્યો. "તને પાછો ક્યારે મળીશ તેનો મને વિચાર થાયછે."

"ત્યારે તમે આજ રાતનાજ હંકારશો કે?"

"હા, આજ રાતનાજ. પણ બે ત્રણ દિવસ સુધી મારે આ બેટના કીનારા આગળજ રહેવું પડશે."

"મેન્યુઅલ તમારા ઉપર હું પ્યાર રાખુંછું તેથી તમને કહુંછું કે, બે દિવસ સુધી આ ટાપુ મુકીને તમે બહાર જશોના."

"શા માટે?" મેન્યુઅલે પુછ્યું.

"આવતીકાલે પેલો લુચ્ચો લુટારો તે મારા કાકાના હાથમાં આવવાનો છે." "હે!"

"બધી યુક્તિ કરી મુકવામાં આવીછે અને તે નાશી જઇ શકવાનો નથી."

"પણ તે લુટારો સપડાય એવી યુક્તિ બરોબર કરેલી છે?" આસપાસ જોતો અને પોતાના કમરબંધમાં ખોસેલી બંદુક ઉપર હાથ મુકતો તે જુવાન નાખુદો બોલ્યો.

"તે યુક્તિ આ પ્રમાણે છે." કુમારીકા બોલી. "એક ખલાશી તેલુટારાને ત્યાંથી નાશી આવ્યો છે. તેણે ખબર આપી છે કે, આવતીકાલે તે લુટારો આ ટાપુ ઉપર ઉતરશે. મારા કાકાએ એકસો તુર્કી સિપાઇઓને તૈયાર કરીને તે તરફ રાખ્યાછે. પેલા ખલાશીને મોટું ઇનામ મળશે. બધાએ પોતપોતાની દોલત સરોવરના કીલામાં મુકીછે."

"ઠીક યુક્તિ કીધીછે!" મેન્યુઅલ બોલ્યો, "પણ પેલો ખલાશી ક્યાંછે?"

"તે મારા કાકાના ઘરમંજ રહ્યો છે."

"તારા કાકાને ગ્રીકોને સુખી કરવાથી આશીર્વાદ મળશે." મેન્યુઅલ બોલ્યો, "પણ હવે આપણે છુટા પડવું જોઇએ. બે દહાડા પછી આપણે અહીં મલીશું."

તેઓ છુટા પડયા.

હવે આપણે ટાપુની દક્ષીણ બાજુએ જોઇએ. ત્યાં પેલા તુર્કી સિપાઇઓ રહ્યા હતા. તેમના સરદારે તેમને વાડીની અંદર રાખ્યા, અને તેઓ કેવી સેહેલાઇથી તે લુટારા ઉપર ફાવશે અને તેનું વહાણ લુટી લેશે તે સમજાવતો હતો. તેઓ બધા ચુપકીદીથી છુપા રહ્યા હતા. બંદગી કરીને તેઓ વાડામાં ફરતા હતા એટલામાં એક ભીખારી ત્યાં માગવા આવ્યો. તે ભુખથી તદન અધમુઓ થઈ ગયો હતો. તે બેશુદ્ધ થઇને પડી ગયો. કેટલાક સીપાઈઓ ત્યાં દોડી ગયા. તેઓ તેને ઊચકીને ઘરમાં લઇ ગયા.

"ઇનશાલાહ! ખ્રીસ્તી મરી જાયછે.!" એક સીપાઇ બોલ્યો.

એકે કહ્યું કે, એને દારૂ આપો તો એ હુંશીઆર થશે. સરદારે તેને દારૂ આપવાનો હુકમ કર્યો. હુકમ પ્રમાણે તેને દારૂ આપવામાં આવ્યો. તે શુધીમાં આવ્યો. તેણે પોતાનો હેવાલ આ પ્રમાણે આપ્યોઃ—"ઇશ્વરના આ પૃથ્વી ઉપરના પ્રતિનિધી, મોટા અને પ્રખ્યાત સુલતાન અહમદ ત્રીજાની ગ્રીક પ્રજામાનો એકછું."

"ભલે ભલે, ઠીક બોલ્યો!" તે સરદાર બોલ્યો.

"આ બેટની પશ્ચિમે એક નાના ઝુંપડામાં હું રહેતો હતો. એક સાંજના પેલા દુષ્ટ લુટારાઓ ત્યાં ઉતરી આવ્યા અને મારૂં સર્વસ્વ લુટી લઇ, મારી ઝુંપડી

ભાંગી નાખીને મને હાંકી કાઢ્યો. તે દિવસનો આ ભીખારી હાલતે હું રખડુંછું."

"ખ્રીસ્તી, ખરૂં બોલ જે, તેઓ શીક છે કે મુસલમાન?" સરદારે પુછ્યું.

"તેઓ શીકછે! મારા જાતભાઇઓને વાસ્તે તેથી મને શરમ આવેછે." તે ભીખારી બોલ્યો.

"તેઓ થોડા વખતમાં મારા હાથમાં આવશેઃ અને ખ્રીસ્તી તેમના વડાની ઉપર તું તારૂં વેર લેજે."

"હું મારૂં વેર લેવા નથી માગતો, પણ જ્યાંસુધી સાજો થઈને ચાલીશકું ત્યાં સુધી અહીં રહેવાની રજા માગુંછું. અહીંથી ચાર દહાડાના રસ્તા ઉપર મારો એક સગો રહેછે તે મને આશરો આપશે."

"જેમ તારી મરજી!" સરદારે કહ્યું. "જોતું આજની રાત અમારી સાથે રહીશ તો તો તું વેર લીધા વગર રહેવાનો નથી."

એટલી વાત થયા પછી તેઓ ત્યાંથી જતા રહ્યા. પછી પેલો ભીખારી જ્યાં બીજા ચાકરો રસોઇ કરતા હતા ત્યાં ગયો તેમને મદદ આપવા લાગ્યો. બધા સીપાઇઓ અને તેમનો સરદાર જ્યારે જમવા બેઠા ત્યારે પેલા સરદારના ચાકરને ઠેકાણે તેની ચાકરી કરવા ઉભો રહ્યો. સરદાર પણ તેની આવી ચાલથી ખુશી થયો. રાતના કાફી પીવાને વખતે સરદારને વાસ્તે તેણે પોતાને હાથે કાફી બનાવી અને સરદાર આગળ લઈ જઇને ઘુંટણ મંડીએ પડીને તેને આપી. સરદારે તે લીધી અને તેજ વખતે પેલો કંગાળ ભીખારી તે ઓરડામાંથી નીકળી ચાલ્યો. તે પાધરો વાડામાં ગયો અને ત્યાંથી ઉતાવળે પગલે દરીઆ કીનારા તરફ દોડ્યો. થોડે દુર

ગયા પછી તેણે જોયું તો પેલા વાડામાં બતીઓ સળગેલી દીઠી. તેઓ વાડામાં તેને શોધતા હતા એમ લાગ્યુ. જરા આગળ જતાં તેણે સામેથી આવતા માણુસોના પગલાં સાંભળ્યાં. થોડી વારમાં તેમને તે મળ્યો. શામેથી આવનાર આશરે પચાસ માણુસો હતા. તેઓ ક્યાંકથી લુટ મેળવીને આવ્યા હતા. વાડામાંથી નાશી આવનાર કંગાલ ભીખારી તેમનો વડો હોય એમ લાગતું હતું તે બોલ્યોઃ—"શું આપણું કામ એટલું બધું જલદીથી થયું ?" પેલા લુટારાઓની સાથે આગળ એક માણુસ હતો તે તેના હાથ નિચેનો હોય એમ લાગ્યું. તે બોલ્યોઃ—"જ્યારે અમે સરોવરના કોઠા આગળ પહોંચ્યા ત્યારે ત્યાં કોઇ ન હતું. અમે અંદર દાખલ થયા અને બધો ખજાનો મેળવ્યો ખેડુતોને તો વિશ્વાસ હતો કે, તેમનો ખજાનો કયાં મુક્યો છે તે વિષે આપણુને ખબર નથી. પણ સરદાર સાહેબ—તમે કેમ કર્યું ?"

"જે યુક્તિ મેં કરી હતી તેથી તુર્કી સિપાઇઓમાં હું સહેલાઇથી દાખલ થયો. તેમની સંખ્યા વિષે મને જે ખબર મળી હતી ખરી હતી. એક ઉભી કરેલી વાતથી મેં બધા માણુસોની દયા મારા ઉપર ખેંચી લીધી. તેમના સરદારની યુક્તિ પામી ગયો. મેં જોયું કે સિપાઇઓ સરદાર ઉપર વધારે ભરોંસો રાખે છે અને તેના વગર કાંઇ કરી શકવાના નથી.

"ત્યારે તમે ફતેહ નહિ પામ્યા હો ?" તેના હાથ નીચેનો માણુસ વચ્ચમાં બોલ્યો.

"ભલા ઠીઓડોરીક સબુરકર—સબુરકર" લુટારા સરદારે જવાબ આપ્યો." તુર્કી સરદાર મરી નથી ગયો પણ બળહીન થઇ ગયો છે. તે મારી સાથે ભલમનસાઇ

થી વર્ત્યો અને તેથી મેં તેને મારી નાખવાને બદલે બેશુદ્ધ બનાવી દીધો. તેની કાશીમાં મેં દવા નાખી. મારા ત્યાંથી જવા પછી મને શોધવાને સિપાઇઓ દીવાઓ લઇને નિકળ્યા હતા. હવે તેઓ મારા થોડા પણ બહાદુર ચીકોની ઉપર હુમલો કરવાને શક્તિવાન નથી. પણ તમને લુટ પુષ્કળ મળી ?"

"લુટ એટલી બધી છે કે, તમારા હુકમ પ્રમાણે ત્યાં અમે કેદીઓને પણ પકડી ન શક્યા!" ચીકો ડોરીક બોલ્યો.

"જો આપણે સિપાઇઓને હરાવીને તેમના સરદારને વહાણ ઉપર કેદી તરીકે લઇ જઇએ તો તના છુટકારાને માટે આપણને સારી રકમ મળશે." લુટારાના સરદારે પોતાના એક માણસના હાથમાંથી તરવાર લીધી અને તેમની આગળ ચાલ્યો. જે ઘર અને વાડામાંથી તે હમણાંજ આવ્યો હતો તે તરફ ચાલ્યો. લુટારાઓ ચુપચુપ તેની પાછળ ચાલતા હતા. શાંત રાતના તેમના પગલાં શિવાય બીજો કાંઇ અવાજ આવતો ન હતો. તેઓ ઘરમાં જઈ ઉભા ત્યાં સુધી તુર્કીઓને તેમના આવવાની ખબર પડી ન હતી. લુટારાઓને જોઈને તેઓ ચોંક્યા. એકદમ તેઓએ હથિઆર લઈ લીધા. પણ એક પળમાં લુટારાઓને હાથે તેઓમાંના સાઠ માણસ માર્યા ગયા. તેમણે હથિઆરો નાખી દઇને લાચારી બતાવી. સરદારે તેમના હાથ પાછલી બાજુથી બાંધવાનો હુકમ કર્યો. તેમને બાંધીને ત્યાંજ રહેવા દઇને તેમનો સરદાર જે હજી બેશુદ્ધીમાં હતો તેને ચીકોએ ઉચક્યો. તુર્કીઓએ તેને સાવધ કરવાને ઘણાઘણા ઉપાયો કર્યા હતા પણ કાંઇ વળ્યું ન હતું. ચીકો તેને લઈ ગયા.

તુર્કી સિપાઇઓ હાર્યા અને લુટારાઓ ફાવી ગયા એમ જ્યારે એક કુટુંબના વડાએ સાંભળ્યું ત્યારે તે ઘણોજ ગુસ્સે થયો. ઇરીન પણ પોતાનો આશક પ્રખ્યાત લુટારાનો સરદાર છે તે વિષે તદન અજ્ઞાન હતી તેથી તેના વિષે તેને વહેમ પણ ન આવ્યો.

ઉપલો બનાવ બન્યો તેને બીજે દહાડે ઇરીન કીનારા તરફ ફરવા ચાલી. પોતે નીમેલી જગાએ પોતાના આશકની રાહ જોતી ઉભી. થોડી વારમાંજ હલેસાનો અવાજ આવ્યો અને મેન્યુઅલ કીનારા ઉપર આવી ઉભો. બેઉ એક બીજાને મળ્યા. ત્યાં ચાંદનીમાં એકમેકનો હાથ પકડીને પ્યારની વાતો કરી. પછી મેન્યુઅલે છુટા પડવાનું કહ્યું.

"કોણ જાણે મારા મનમાં એમ થાય છે કે, આ છેલીજ વખત મળ્યા છીએ અને હવે મળીશુંજ નહિ; અથવા કાંઇ ભય આપણી ઉપર આવી પડશે." ઘણાજ ધીમા સ્વરે તે કુમારીકા બોલી. "તેમજ અંધારી રાત જોઇને હું ધ્રુજું છું."

"વહાલી એવા વિચાર તારા મનમાંથી કાઢી નાખ!" મેન્યુઅલ બોલ્યો, "અમારી છેલીજ મુસાફરી છે અને થોડા અઠવાડીઆમાં—"

"અરે, હવે વધારે મુસાફરીનું નામ ના લ્યો!" તે બોલી, "મારો કાકો મને ચહાય છે તેની પાસે જઇને મારી સાથે પરણવાની માગણી કરો. તે તમને ના પાડવાનો નથી.

"તારા કાકા જેવા મોટા માણુસ આગળ મારા જેવો વેપારી વહાણનો નાખુદો કેમ વાત કરી શકે?" તે બોલ્યો, "મારી વહાલી, પહેલાં મને થોડી દોલત

એકઠાં કરવા આપ કે જેથી તે મારા ઉપર મહેર રખાની રાખે."

"અરે, હવે વધારે વાર દરીઓ મ ખેડો. મારા કાકાને જેવો તમે જાણો છો તેવો તે નથી. એક કંગાલ ભીખારી તેના કરતાં વધારે સુખી છે! સામે જે ટેકરી દેખાય છે તેની ઉપર એના મરનાર ભાઇ તે મારા પિતાની ઘોર છે. ત્યાં દર રવિવારે સંધ્યા વખતે એકલો જાય છે અને ત્રણ કલાક સુધી પ્રાર્થના કરીને તેને સુખી રાખવા ઇચ્છા કરે છે. તે વખતે તમે ત્યાં જાઓ અને મારી માગણી કરો—તે કદી ના પાડવાનો નથી!"

"ઇરીન, મારો લોભ મને પુરો કરવા દે."

"તમે પેલા લુટારાનો તો કાંઇ ડર રાખો. તે આપણી દરેક યુક્તિ નિષ્ફળ કરે છે. તમે મને મુકીને શા વાસ્તે જાઓ છો?"

"ઇરીન ગરબીમાં આપણે સુખી થવાના નથી."

"મેન્યુઅલ, પેલા લુટારાથી હું ઘણી બીહું છું. તે મારા કાકાની યુક્તિઓમાં ફાવી ગયો. સરોવરના કીલ્લામાંથી દોલત લઈ ગયો. છુપે વેશે અમારા સરદારને કફની દવા પીવરાવીને કેદ કરી ગયો અને વળી આજે મારા કાકાને કાગળ લખીને સરદારના છુટકારા માટે દંડ માગ્યો છે."

"તારા કાકાએ આપણા વંશની આબરૂ માટે દંડ આપવો જોઇતો નથી."

"તમે ખરૂં કહ્યું. મારો કાકો એમ કાંઇ દંડ આપી દેવાનો નથી. લુટારાએ કોલેજ સવારના હંકારી જવાની માગણી કરી છે. તુર્કી સરદારને છોડાવવોતો જોઇએ મારા કાકાએ એક યુક્તિ કરી છે. જે મળવો તેને દંડ

આપવા જશે, તે નિચે પોકળ હશે તેમાં વીશ યોદ્ધાઓ હથિઆર બંધ સંતાઇ બેસશે. જે વખતે પેલા સરદારને લુટારાઓ અમારા હાથમાં આપશે કે, તરતજ વીશ યોદ્ધાઓ બહાર નીકળી આવશે અને પેલા ગાફેલ લુટારા ઉપર ઉલટી પડી તેને તાબે કરશે."

"સારી હીકમત છે!" ખુશીથી મેન્યુઅલ બુમ પાડી ઉઠયો. "પણ ઇરીન, હવે હું જાઉં છું. થોડા અઠવાડીઆ પછી હું પાછો ફરીશ અને તારી સાથે પરણીશ."

ઇરીને તેને ઘણી રીતે સમજાવ્યો પણ ફોકટ તેઓ છુટા પડયા.

ઇરીને મેન્યુઅલ આગળ કહેલો કાગળ એવેદીકને મળ્યા પછી તેણે એક મછવામાં વીશ માણસો સંતાઇ શકે એવી ગોઠવણ કરવા માંડી. તેમાં તે પાર પડયો. એક રાતમાં તેવો મછવો તૈયાર થયો. બીજે દહાડે સવારના તે લુટારાના વહાણ તરફ હંકાર્યો. એવેદીક પોતે રચેલી યુક્તિનું પરિણામ કેવું આવે છે તે જોવા કીનારા ઉપર ઉભો રહ્યો. મછવો વહાણ આગળ જઇ પહોંચ્યો, અને જે માણસ તેમાં ઉપરી હતો તેણે મછવામાંથી સીક્કાની કોથળીઓ વહાણ ઉપર નાખવા માંડી વહાણના ખલાશીઓ તે લઇ જવા માંડયા. બધી કોથળીઓ નખાઇ રહેવા પછી તે ઉપરી વહાણ ઉપર પેલા તુર્કી સરદારને લેવા ચહડયો. તેજ પળે ચોતરફથી બુમો પડવા માંડી અને એક મોટો પથરો દોરડાથી ઉંચે ચઢાવવામાં આવ્યો. એવેદીક તરફથી આવેલો પેલો માણસ તે મોટા કદના પથ્થરને જોઇને આશ્ચર્ય પામ્યો. બીજીજ પળે પેલા મછવા ઉપર પડયો અને તેના કટકે કટકા

કરી નાખ્યા. એવેરીકના યોદ્ધાઓ પાણીમાં ગયા. પેલો માણસનો શું કરવું તેના વિચારમાં ઉભો રહ્યો, પણ બીજીજ પળે તે પોતાના મોતની તૈયારી થતી જોઇને સાવધ થયો. દોરડાંનો ફાંસો તેના ગળામાં નાખવામાં આવ્યો. તે એક ચીસ પાડી તરતજ નીચે પડયો અને પ્રાણ મુકયો. બીજી તરફ તુર્કી સરદારને ફાંસી આપી આ ભયંકર કામ કર્યા પછી લુટારાઓએ જીતની ચીસો પાડી તે એવેરીકે કીનારા ઉપર સાંભળી. તેણે આ કામ પોતાની નજરે દીઠું હતું. લુટારાઓ લાલ નીશાણ ચઢાવીને હંકારી ગયા. લુટારાઓનું આ કામ છુપું ન રહી શકયું. આખા બેટ ઉપર એવેરીક ધિક્કારાવા લાગ્યો. એવેરીકને પોતાને પણ ઘણી શરમ લાગી. છરીન આવી સરસ યુક્તિ કેમ નિષ્ફળ ગઇ તેનું કાંઇ કારણ સમજી ન શકી. દરીઆને માર્ગે ચાલતો વેપાર બંધ થયો. છેલી જીતે લુટારા એટલાતો મગરૂબ થયા કે, તેમણે કોઇની બીક ન રાખી. તેઓ તુર્કી વહાણોની વચ્ચમાંથી જવા લાગ્યા એટલામાં એક તુર્કી વહાણને કાંઈ છુપી ઇસારત કરતાં તેણે દીઠો. હવેજ તેણે નાશવાનો કર્યો પણ તે નાશી ન શકયો. ચોતરફથી વહાણોએ તેને ઘેરી લીધો. તેના ખલાશીઓ હીમતથી સામે થયા પણ હાર્યા. જીવતા રહેલાઓને કેદ કર્યા. તેમાં તેમનો સરદાર પણ કેદ પકડાયો. તેમને સાત મીનારાના કીલામાં કેદ કરવામાં આવ્યા. તેમના વહાણમાંથી મળેલો પૈસો સુલતાનના પગ આગળ મુકવામાં આવ્યો. મોટા વજીરે હજી પણ તેમણે ગુફામાં પૈસો સંતાડયો હશે એવા વિચારથી તેમને મારી ન નાખતાં એવું કહ્યું કે, બે મહીનાની અંદર જો તેઓ એક લાખ ડયુકેટ તેમના છુટકારા માટે

આપશે તો છોડી મુકવામાં આવશે. તેટલી મુદતમાં જો તેમ ન બન્યું તો બધા લુટારાઓને ફાંસી દીધામાં આવશે. લુટારાઓનો સરદાર હવે પોતાની હુજત ઉપર પસ્તાતો બેઠો. તેણે પોતાની સાથે સોબતીઓનું મોત પણ નક્કી વિચાર્યું. તેની પાસે આવી મોટી રકમ દંડ આપવાને ન હતી. બે મહીના પસાર થઇ ગયા. અને જે દહાડે છુટકો અથવા સજા થવાની હતી તેની આગલી સાંજના મોટા વજીર તરફનો એક માણુસ તેમની પાસે આવ્યો. તેણે દંડની માગણી કરી. જવાબ નામાં મળતા તેણે તેમને બીજે દાને મરવા તૈયાર થવાની ચેતવણી આપી. તે માણુસના ગયા પછી એક બીજો માણુસ લુટારા સરદારને મળવા આવ્યો. તે કોઈ ઓધ્ધેદાર માણુસ હતો એમ દેખાતું હતું.

"લુટારા, કાલે તારે મરવું પડશે!" પેલાએ બેસતાં કહ્યું.

"અને તમે એટલાજ કામ માટે આવ્યા નથી? જવાબ મળ્યો.

"કાલે તમને ફાંસી દેવામાં આવશે." તેના ટીકા ન સાંભળતાં નવા આવનારે કહ્યું. લુટારાએ પોતાને શિક્ષા કેમ થશે તે વિષે વાત કરવાની તેને ના પાડી.

"મોત ભયંકર છે!" નવો બોલ્યો, "પણ જે તમને તેમાંથી છુટવાની આશા આપે તેનો બદલો કેવો વાળશો?"

"મારી આશા જો પુર્ણ થાય તો તેને એક ભાઇ જેવો ગણીશ અને જુઠી થાયતો એક રાક્ષસ જેવો ગણીશ." સરદાર બોલ્યો. એ પ્રમાણે કેટલીક વાતો કર્યા પછી નવા આવનારે તેની પાસેથી સોગન સાથેનું વચન

લીધું. પછી પોતે મારકવીશ ઓફ આરગેનતાઇન તર ફથી આવ્યો હતો એમ જાહેર કર્યું. તેણે ગમે તેમ ક- રીને એવેકદીને પકડીને ફ્રેંચોના હાથમાં આપવો એમ કહ્યું. તેના બદલામાં તેમને જન્મ સુધી સુખી કરવાની કબુલાત આપી. તેઓ એક બીજાની કબુલાત આપી લ ઇને છુટા પડયા.

અડવાડીઆપર અઠવાડીઆં નીકળી ગયાં પણ મે ન્યુઅલ ન આવ્યો તેથી ઇરીન ગભરાવા માંડી. તે હમે શ પોતાના પ્યારા વાસ્તે પોતાની છુપી જગાએ જતી પણ હમેશ નિરાશ થતી. એક દહાડો સાંજનાં તે એજ પ્રમાણે ત્યાં આવી હતી એટલાંમાં તો તેનો વહાલો મે ન્યુઅલ તેને આવી મળ્યો.

"અરે, મેન્યુઅલ! આખરે આવ્યા ખરા? આ- ટલા દહાડા તમે કયાં હતા?"

અફસોસ! પ્યારી, તને છોડીને ગયા પછી પેલા લુટારાએ મને પકડીને કેદ કર્યો. તેના હાથમાંથી હું જેમ તેમ છુટી ગયો. મારા પૈસા ગયા પણ મને બીજું વહા ણુ મળ્યું છે અને હાલ તેનો હું નાખુદા છું. હવે ગ- રીબી હાલતમાં તારા કાકા આગળ હું કેવી રીતે જાઉં?"

"મેન્યુઅલ, એમ ન બોલો. મારો કાકો ના પા ડવાનો નથી. આજે રવિવાર છે. તે હમણા ભાઇ ની ઘેર–"

ઈરીને ચીસ પાડી એક બંદુકના જેવો અવાજ સંભળાયો.

"ઇરીન, આ નિશાણી મારા વહાણ ઉપરથી થઇ છે તેથી મારે જલદીથી જવું જોઇએ અને કદાચ હમે શને માટે–"

"હમેશને માટે?–એ શું?" ઇરીને કહ્યું.

"એમજ બનશે. તમારો કાકો આપણા લગન કરવા દેવાનો નથી. જે સ્ત્રી પોતાના ધણીને ચાહે છે તે પોતાના સગાઓને છોડી દેવાની પણ દરકાર કરતી નથી. મારી સાથે આવવાને કબુલ થા. આપણે અહીંથી પહેલી જગાએ ઉતરીશું ત્યાં રીત પ્રમાણે લગન કરીશું."

થોડી આનાકાની સાથે ઇરીને મેન્યુઅલ સાથે જવા કબુલ્યું. મેન્યુઅલે તરતજ તેને મછવામાં ઉતારી, પોતે મછવામાં બેઠો અને મછવો હંકાર્યો. થોડે દૂર ગયા પછી મેન્યુઅલે તેની સાથે આવવા માટે ઇરીનને પસ્તાવો થતો હતો કે નહિ તે વિષે પુછ્યું. ઈરીનેના પાડી. તેઓ વહાણ આગળ આવી પહોંચ્યા. તેણે ઇરીનને એક સારો ઓરડો કાઢી આપ્યો અને તેમાં તેને બેસાડીને પોતે વહાણ હંકારવાનો હુકમ આપવા ગયો. થોડે દહાડે કોરોન આગલ પહોંચતાં ત્યાં વહાણમાંથી ઉતરીને ઇરીન સાથે મેન્યુઅલે લગન કર્યા. થોડા દહાડા ત્યાં રહ્યા પછી મેન્યુઅલે બીજે દેશ કામ વાસ્તે જવાની રજા માગી, ઇરીને સાથે આવવા માગ્યું. ઘણી રીતે સમજાવતાં તે ન સમજી ત્યારે તેને સાથે લીધી વહાણના જે ઓરડામાં તેઓ રહ્યા હતા તેની નીચે આવેલા બીજા ઓરડા તરફ મેન્યુંઅલ વધારે ચોકાશી રાખતો માલમ પડયો. તે ઓરડામાં પોતે એકલોજ જતો. બીજા કોઇને જવા ન દેતો. રાતના ઘણી વખત ઉઠીને પણ ખાત્રી કરતો. એક દહાડે ઇરીન અને મેન્યુઅલ બેઉ જણા ઓરડીમાં બેઠા હતા, મેન્યુઅલે વાત છેડી. તે બોલ્યો:—"ઇરીન, આપણી હાલત કેવી છે તે વિષે કહેવાની તક આજે મને મળી છે. તારા પ્યાર:—"

"શું તમને તે વિષે કાંઈ વહેમછે? અથવા તમારા છુપા કામમાં હું નથી ભલી તેથી કાંઇ વહેમછે?"

"નહિ, નહિ!" મેન્યુઅલ બોલ્યો, "પણ મારા જેવાની પાછળ આવવામાં તારો પ્યાર કેવો છે તેની.—"

"જ્યારથી આપણે પરણ્યાછીએ ત્યારથી તમે કહોતો દુનિઆને નાકે આવવાને પણ હું તૈયાર છું."

"ઇરીન, તું બોલે છે તે યાદ રાખજે તેં મને આજ સુધી તો એક વેપારી તરીકે જાણ્યો છે. તેં મારી બાજી કાંઇ ખબર કાઢી નથી. પણ તેં તો મારે વિષે ઉંચો વિચાર બાંધ્યો. પણ જેવો હું દેખાઉંછું તેવો ન હોઉં તો તું મને ચાહી શકે?"

"હું તમને ચાહીશજ." મેન્યુઅલની આવી વાતથી અજાયબ થઇને તે બોલી.

"ત્યારે હવે સાંભલવાને તૈયારથા! ઇજીઅન સમુદ્રના પેલા લુટારા વિષે તો તેં સાંભલ્યું હોજ. ઇરીન, તે લુટારાનો સરદાર હાલનારી પાસેજ બેઠોછે! જેની સાથે તું પરણી છે."

"નહિ, નહિ, એમ બનેજ નહિ!" એટલું બોલીને ઇરીન કોચ ઉપર પડી. થોડી વાર રડીને શાંત થયા પછી તે બોલી, "તમે જો કે પેલા નામચીન લુટારા છો, તો પણ ગમે તેવા ભય છતાં મારી જીંદગીના છેડા સુધી તમારી સાથેજ રહીશ!"

"ઈરીન, શાંતથા! તે લુટારાપણાના દિવસો હવે ગયા છે. મને જેટલો પૈસો જોઈતો હતો તેટલો મળ્યો છે. પણ મારે એક કામ હજી કરવાનું રહ્યું છે. જેણે મને જીવતદાન આપ્યું તેનો બદલો મારે વાળવો છે."

"અને તમારૂં કામ કરવું છે તે?"

"આ ઓરડીની નિચે આવેલી ઓરડીમાં એકકેદી છે તેને મારસેલ્સ ઉતારવા આપણે હમણા જઈએ છીએ."

"અને પેલો કેદી ?"

"હું તને બતાવીશ. વધારે નવાઈ જેવો બનાવ જોવાને તૈયારથા!"

ઈરીન પોતાના ધણીનો હાથ પકડીને તેની સાથે ચાલી તેઓ પેલા છુપા ઓરડા આગળ આવી પહોંચ્યા ત્યાં એક ખલાશી ઉઘાડી તરવારે ચોકી કરતો હતો. તણે પોતાના નાખુદાને રસ્તો આપ્યો.

"તું પહેલાં એકલી અંદરજા. હું તારી પાછળ આવીશ." એમ કહીને દરવાજો ઉઘાડયો. ઇરીન અંદર દાખલ થઇ. દાખલ થતાં તેણીએ ચીશ પાડી અને જો તેના કાકા એવેદીકે પકડી લીધી ન હતેતા તે જમીન ઉપર પડી હતે. તેના કાકાએ તેને શુધ્ધીમાં લાવતાં કહ્યું, "ઇરીન અહીં! તે પણ ઇરીઆઇ લુટારાના હાથમાં સપડાઇ છે. અભાગી છોકરી–"

"શું આ સ્વપ્ન છે ?" ઇરીને સાવધ થતાં કહ્યું "અથવા હું ખરૂં જોઊં છું ?"

"ઇરીન શાંત થા," તે બોલ્યો, "હુંજ તારો કાકો અત્રે કેદી છું."

"કેદી ! શા માટે મેન્યુઅલ તમને કેદમાં રાખે ! આ પળેજ તમને છોડાવવા જોઇએ–"

"અફસોસ ! પેલા લુટારા ઉપર તારી એટલી સતા ચાલેજ નહિ."

"મારી સતા ચાલે છે. મારૂં અંતઃકરણ તેને–"

"સબુર અભાગણી છોકરી ! બદધાનતથી તું તેની

સાથે પ્યાર રાખે છે એવું માનવા મને કારણ ન આ પ." તે બોલ્યો.

"કાકા હું અપરાધી નથી. જ્યારે અમારે ઓળખાણ થઈ ત્યારે તેની ચાલ ચલણ હું જાણતી ન હતી પછી તેની સાથે હું નાશી ગઇ. કાકા, જોઇએતો મને ઠપકો આપો કે ધિક્કારો, પણ હું તો તે લુટારાની પરણી સ્ત્રી છું." ઇરીન પોતાના કાકાના પગ આગળ પડી. તે પળે મેન્યુઅલ ઓરડીમાં દાખલ થયો. તેણે પહેલાંતો ઇરીનને જમીન ઉપરથી ઉઠાડીને પછી એવેદીકને આ પ્રમાણે કહ્યું. "હું બધો ખુલાસો કરીશ. ઇરીન મારી સ્ત્રી છે એતો તમે જાણ્યું–તેતો મારો ભવનો સાથી છે. તે જાણે છે કે, મારૂં નામ હવે વધારે વાર લુટારા તરીકે ચાલવાનું નથી. તમારે વિષે મારે એટલું જ કહેવું છે કે, મારસેલ્સમાં સતાના હાથમાં અમે તમને સોંપવા માગીએ છીએ. મારી સ્ત્રીના એક સગાને છોડી મુકવાને હું ખુશી છું પણ મેં ભયંકર સોગન ખાધાછે."

"તમે કોના હુકમથી કાયદાનો ભંગ કરીને મને લઇ જાઓ છો?" જુસ્સાથી એવેદીકે પુછ્યું.

"આર્ગેન્ટલના મારકવીસે મારી જીંદગી બચાવી છે અને તેના હુકમથી આ કામ હું કરૂં છું-"

"આર્ગેન્ટલનો મારક્વીસ!" એટલું બોલતાંજ એવેદીક બેશુદ્ધ થઇ પડયો.

"ઇરીન, તારા કાકાને શાંત કરજે. પણ યાદ રાખજે કે, આ વાત આપણા લગનના જેવા પવિત્ર કોલથી મેં તને કહી છે ને છુપી રાખજે." મેન્યુઅલ એટલું કહીને ચાલતો થયો. ઇરીન પોતાના કાકાને શુધ્ધીમાં લાવવા ચાલી.

આખરે તેઓ મારસેલ્સ આવી પહોંચ્યા. મેન્યુઅલ કીનારે ગયો. તેણે લશકરના વડાને મારકવીસનો કાગળ આપ્યો તે પાછો વહાણુ ઉપર આવ્યો. તેણે ઇરીનને પોતાના કાકાને છેલી વાર મળી લેવા કહ્યું. કાકાને છોડવવા ઇરીને ઘણા ઘણા કાલાવાલા કર્યા, પણ મેન્યુઅલ એકનો બે થયો નહિ. તેની આંખમાં આંસુ પણ આવ્યાં પણ પોતે સોગન ખાધા હતા તેથી ઉપાય ન હતો. એવેદીકના હાથમાંથી શઅવત ઇરીનને તે પોતાના ઓરડામાં લઈ ગયો. એવેદીકને કીનારે લઇ જવાની ગોઠવણ હવે થવા માંડી. લશકરનો વડો પોતાના બે અમલદારો સાથે આવ્યો હતો. વડાની પાસે લોખંડનો એક મુખવટો હતો. એવેદીકે ઘણા ઘણા કાલાવાલા કર્યા પણ કાંઈ વળ્યું નહિ. આખરે તેના મોઢા ઉપર તે બેસાડી દીધો અને એક ઝભામાં વીંટાળીને તને મધરાતના લઇ ચાલ્યા. વડાએ મેન્યુઅલના હાથમાંથી કેદી પહોંચ્યા વિષેની પહોંચ લખી આપી. તેઓ કીનારે આવ્યા પણ તેને મારસેલ્સમાં ન રાખતાં પીગનેરોલના કીલામાં કેદ કર્યો.

મેન્યુઅલે પાછું કોન્સ્ટાન્ટીનોપ્લ તરફ હંકાર્યું. તે થોડા દહાડામાં ત્યાં આવી પહોંચ્યો. તેણે મારકવીસને પહોંચ આપી. મારકવીસે તેનો ઉપકાર માનીને દોલત અને કેટલીક ઉમદા બક્ષીસો આપવા માંડી, પણ મેન્યુઅલે તેમાંથી કાંઇ પણ ચીજ લેવાની ના પાડી. તે બોલ્યો, “ મારી અને મારા ખલાશીઓની જીંદગી તમે બચાવી તેના બદલામાં મેં એ કામ બજાવી આપ્યું.”

મેન્યુઅલે વહાણુ વેચી નાખ્યું તેની પેદાશ પોતાના ખલાશીઓમાં વહેંચી આપી. પોતે કોન્સ્ટાનટીનોપ્લ

માં જઇ રહ્યો. ત્યાં ઈરીનને એક પુત્ર જન્મ્યો. પુત્રનો જન્મ આપ્યા પછી થોડે દહાડે ઇરીન મરણ પામી. હવે મેન્યુઅલ કંટાળવા લાગ્યો. પોતે જેને ચહાતો હતો તે છોડી ગઇ તેથી તેણે પાછો લુટારાનો ધંધો કરવા વિચાર્યું. એક દિવસે પોતાનો એક આમલો ખલીલથી મળતાં તેની જીજ્ઞાસા ઉશકેરાઇ. તેણે પાછા બધાને એકઠા કર્યા અને વહાણ ખરીદ કર્યું. હવે તેણે તો ફક્ત સરકારી વહાણોજ લુટવા શરૂ કર્યાં. કેટલીકવાર ફાંસી જતા તે બચી ગયો. પછી તેણે ઘણીજ દોલત એકઠી કરીને તે ધંધો મુકી દીધો. કોન્સ્ટાનટીનોપલમાં એક સુંદર ઘર ખરીદી તેમાં રહ્યો અને પોતાનો છોકરો મોટો થઈ રહ્યો હતો તેને માલદેવીઆના હાકમની ચાકરીમાં રાખ્યો એવેદીકની વાત તેના વંશ પરંપરા એક બીજામાં ચાલી રહી.

પ્રકરણ ૨૪ મું.

છાયાદાર બાગ.

ખલીલની વાર્તા બધાએ ધ્યાનથી સાંભળી. આ વાર્તા ઉપર ટીકા પણ ઘણી થઇ. લુકાસ અને પાશાએ પણ તે વાત ખરી હતી એમ કબુલ કર્યું. વાતોમાં ને વાતોમાં મછવો તો ઘણો દુર નિકળી ગયો હતો. હવે મછવો એક સુંદર બાગની આગળ આવી પહોંચ્યો. લુકાસે તે બાગમાં ફરવાની પોતાની ઇચ્છા દેખાડી.

"ઓહો, એમાં શું!" પાશા બોલ્યો, "એ બાગતો મારા એક જુના મિત્રનો છે. તે હમણા તેમાંતો નહિ હોય તોપણ આપણે ત્યાં દાખલ થઇશું તેમાં હરકત નથી" પાશાએ એમ કહી ગુલામોને ઇસારત કરી

તેઓ કીનારા આગળ મછવો લઈ ચાલ્યા. બધા જણા કીનારે ઉતર્યા- પાશા ઝાડોના મહેરાબની નિચે જઇને બેઠા અને બધાઓને હુકમ આપ્યો કે, આખી વાડીમાં ગમે ત્યાં ફરો. ખલીલે જુલખાં તરફ જોઈને ધીમેથી કહ્યું, " આજે તમારા કાકા સાથેજ રહેજો."

" સુરજનો તડકો મારાથી આજે ખમાતો નથી તેથી હું તો અહીંજ બેશીશ. " એમ કહીને જુલીખાં પાશાની આગળજ બેઠી.

" ત્યારે તમારે જોઇએ તે જાઓ," પાશા બોલ્યો. બેઉ યુનાનીઓ અને ખલીલ ચાલ્યા તેની પાછળ ત્રણે સ્ત્રીઓ બુરખા નાખીને ચાલી. ફરતાં ફરતાં તેઓ એક ઝાડીમાં દાખલ થયાં. અહીં તેઓ પાશાની નજરથી દુર થયા હતા હવે લુકાસ અને જુલીઅને પોતપોતાની પ્યારીઓ સાથે વાત કરવાની છુટ લીધી. ખલીલને પણ એટલુંજ જોઇતું હતું. તે ઈસમીલ્ડાને મળવા ચહાતો હતો તેજ કારણસર તેણે જુલીખાંને ના પાડી હતી. ઇસમીલ્ડા પણ ખલીલને મળવા ચહાતી હતી. જ્યારે યુનાનીઓ તથા બેઉ છોકરીઓ વાત કરતી દુર ગઇઓ ત્યારે તે ખલીલની પાસે આવી.

" મારા વહાલા ખલીલ, આજે મારે તમને ઘણું કહેવાનું છે. "

" મારે પણ તેમજ છે " ખલીલ બોલ્યો.

"તમે મને ખરેખર ચાહો છો?" ઈસમીલ્ડાએ પુછ્યું.

" શું ત્યારે તમને વહેમ છે ? " ખલીલે પુછ્યું, " શું મેં જુલીખાંને તમારા વાસ્તે છોડી નથી દીધી ? "

" નહિ, મને વહેમ નથી. પણ મારે પકી ખાત્રી તો કરવી જોઇએ. "

" મારા પ્યારની તમને ખાત્રી આપીશ."

" ખલીલ, મારો પ્યાર પણ તમારી ઉપરજ છે પણ મારે મારા પ્યારને લીધે કાંઇ ભયંકર કામ કરવું પડશે! આપણે હમેશ સુધી સાથે રહીએ એવું."

" પણ તમે જાણો છો તો ખરા કે આપણે હમેશ સુધી સાથે કેમ રહી શકીએ?" ખલીલે કહ્યું.

" કેમ રહી શકીએ! અરે તેતો આપણાજ હાથમાં છે. ખલીલ તમે જાણો છો કે, ભરથાર તરીકે કહેવાત ક્રુર મનના ધણીઓ પોતાની સ્ત્રીઓને અંતઃપુરમાં કેવી રીતે કેદ રાખે છે તેઓ ઘણા ઘાતકી છે." ઇસ ઇસમીલ્ડાએ કહ્યું.

" વહાલી ઇસમીલ્ડા, આનો અર્થ શું? આ ત મારા ઊભરા હવામાં કાઢી નાખો છો?"

" નહિ, મારા વહાલા ખલીલ, આ તમારી તરફના પ્યારને લીધે કહું છું."

" પણ તમારો ભરથાર?"

" મારો ભરથાર! અરે તેતો બુઢો, ક્રોધી, ચીરડાઉ, દમીયલ છે અને તેથીજ હું તેને ધિક્કારૂં છું. પણ કબુલ થાઓ તો એક કામ છે."

" શું કામ છે?" ખલીલે પુછ્યું.

" પાશાનો ખજાનો કયાં છે તે મને ખબર છે અને પાશાની જીંદગી મારા હાથમાં છે."

" શું તમે તેને મારી નાખશો?" ખલીલે કહ્યું.

" તમારે વાસ્તે હું તેમ પણ કરીશ!"

" તમે પકડાઈને શિક્ષા ખમશો તેનું કેમ?"

" જેમ અને હેલીનાની વાત તમે કહી હતી તે ભુલી ગયા?"

"મને કાંઇ તેમાંનું પાછું બરોબર યાદ નથી આ વતું." ખલીલ બોલ્યો.

"બોરજીઆનું ઝેર! જેથી રૂશીઆના શહેનશાહો નો પણ નાશ થાય છે."

"હા, તે મને માલમ છે. અને તે ઝેર પણ મને ખબર છે"

"આહા! તે ઝેર મને આપો અને તમારે ખાતર હું તે વાપરીશ!"

"પણ ભયનો કાંઇ વિચાર?" ખલીલે પુછયું.

"હું તે કામ એક બે દિવસમાં નહિ કરૂં તેતો ધીમે ધીમે પાર પાડીશ પણ તમે મને તે લાવી આપ વા કબુલાત આપો."

ખલીલે કબુલ કર્યું. થોડી વારમાંજ લુકાસ અને ગુલનેર તથા જુલીઅન અને થૈઝો ત્યાં આવી પહોંચ્યા. તેઓ જેવી રીતે પાશા પાસેથી આવ્યા હતા તેવાજ પા છા ચાલ્યા. તેઓ પાશાની પાસે આવી પહોંચ્યા. પાશા સુતો હતો પણ જુલીખાં ત્યાં ન હતી.

પ્રકરણ ૨૫ મું.

જુલીખાંનું સાહાસ કામ.

પાશા અને જુલીખાંને મુકીને તેઓ ગયા તેને ત્ર- ણ કલાક થઇ ગયા હતા. તેઓ પાછા ફર્યા ત્યારે પાશા ઉંઘતો હતો પણ જુલીખાં ન હતી. તેઓએ વિચાર્યું કે, તે મછવામાં બેઠી હશે. તેથી તેઓ ત્યાં ગયા. પણ ત્યાં પણ તે ન હતી. હવે તેમને ચીંતા લાગી કે, જુલી- ખાંને કાંઇ અકસ્માત નડયો હશે. તેઓ પાછા જયાં પાશા સુતો હતો ત્યાં ગયા. પાશા તરતજ નિદ્રામાંથી

જાગ્યો હતો. જુલીખાં કયાં હતી તે તેને તરતજ પુછ્યું. પાશાએ પણ તે બનાવ વિષેનું અજ્ઞાનપણું દેખાડીને કહ્યું કે, જ્યારે હું સુતો હતો ત્યારે તે મારી પાસે બેશીને ગીત ગાતી હતી. ખલીલે તેણીને શોધવા જવાનો વિચાર કર્યો. બધા કબુલ થયા અને ખલીલ લુકાસ અને જુલીઅન જુદી જુદી દીસાએ શોધવા નિકળ્યા.

જુલીખાંનું શું થયું હતું તે આપણે જોઇએ. પાશા ઊંઘી ગયો પછી તે તો ત્યાં બેશી રહી. થોડીવારે પાસેની ઝાડીમાંથી કાંઇ ખડખડાત સંભળાયો. તેણીએ પાછું ફરીને જોયું પણ કાંઇ દીઠામાં ન આવ્યું. તે પાછી બેઠી. થોડીવારે પાછો તેજ અવાજ આવ્યો. તે જોવા ઉઠી. તરતજ તેને કોઇ મજબુત હાથે પકડી અને બીજો હાથ તેના મોઢા ઉપર દાબ્યો કે જેથી ચીશ પાડી ન શકે. જુલીખાં બેશુદ્ધ થઇ ગઇ. પેલો રાક્ષસતો તેને એક હાથમાં ઉચકીને ચાલતો થયો. થોડીવારે રસ્તામાં તે શુદ્ધિમાં આવી. પોતાને એક રાક્ષસના હાથમાં દીઠી. પછી પેલાએ તેણીને જમીન ઉપર ઉભી કરીને પોતે તેની ખુબસુરતી ઉપર જોવા લાગ્યો. તે કારામસરૂર પોતે હતો, પણ જુલીખાં તેને ઓળખતી નહતી.

"તુ કોણ છે ? અને મને અહીં શામાટે લાવ્યો છે ?" ધ્રુજતાં ધ્રુજતાં જુલીખાંએ પુછ્યું "મારૂં નામ કારામસરૂર છે. અને પેલો બુઢો પાશા જે ઝાડ નિચે સુતો હતો અને જેને તું મામા કહીને બોલાવતી હતી, તેનો ગુલામ હતો." ગુલામ બોલ્યો, "અને હવેતો તેની ચાકરીમાંથી નાશી ગયોછું. પણ તું મારી સ્ત્રી થશે ?"

જુલીખાં એક ચીશ પાડીને નાશવા ગઇ પણ પેલા રાક્ષસે તેનો હાથ પકડી લીધો.

"કંગાલ! તું જાણુતો નથી કે, મારા માથાના એક બાલને હાથ લગાડતાં તને કેવી શિક્ષા ખમવી પડશે?"

"અરે તે શિક્ષા તો મારે વાસ્તે મુકરર થઇ ચુકી છે! પણ તું મારી સ્ત્રી થઇશ. ચાલ આપણે દુરના ભાગમાં જઇ વશીશું. જો વિચાર કર. પણ પેહેલાં મને એક ચુમી આપ."

"દુર રહે દુર, કંગાલ મારી આગલ ન આવ." જુલીખાંએ કહ્યું, અને એક ઝટકે તેના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને નાશવા માંડી. તે ઝાડીમાં દાખલ થઈ. કારામશરૂર તેની પાછલ દોડયો. જુલીખાં પવનના જેવી ઝડપે દોડવા લાગી. પાછલ ગુલામે જવા માંડયુ, પણ રસ્તામાં ઘાસથી ઢંકાયલો એક ખાડો આવ્યો તેમાં તે ઊંધે માથે પડયો. જુલીખાંને નાશવાની હવે વધારે સવલ થઈ. તેણીએ પાછલ ફરીને જોયું તો ગુલામને ન દીઠો. પોતે કયે રસ્તે જતી હતી તેપણ તેને ભાન ન હતું. આખરે એક ખુલી જગા ઊપર તે આવી પહોંચી. પાસેજ એક બગીચો હતો અને તેમાં એક નાનું પણ સુંદર બાંધણીનું ઘર બાંધેલું હતું. તે બગીચામાં દાખલ થઇ. ત્યાં ઘરના અડધા દરવાજામાં દાખલ થઇ. અંદરનું બારણું અડકાવેલું હતું. વગર બોલાવે કોઇના ઘરમાં ન દાખલ થવું એવા વિચારથી જુલીખાંએ દરવાજો અફાળ્યો. કોઇએ જવાબ ન આપ્યો બીજીવાર અફાળ્યો પણ જવાબ ન મળ્યો. આખરે તે અંદર દાખલ થઈ. ત્યાં પણ કોઇ ન હતું. તે વધારે અંદરના ભાગમાં દાખલ થઇ. ત્યાં કોઇ મનુષ્ય જાતનો સંસારો જણાયો. તેણીએ તેની પાસે જઇને પોતાની હાલત જણાવી દેવાનો વિચાર કર્યો એટલામાં આ પ્ર-

માણે અવાજ સંભળાયો:–'સુંદર પ્રાણી શાવાસ્તે તું મારી સાથે આડી ચાલેછે. જો આ કોન્સ્ટનટીનોપ્લ જેવા સુંદર શહેરમાં આપણે રહીશું. બોસફરસ નિચે વહી જાયછે. હા, પણ સાંભળ! મસજીદમાં બાંગી અલાહુઅકબરની બુમ પાડી આકીનદારને બોલાવેછે. ચાલ, ચાલ, આવ, આવ, આવ, ”

હવે જુલાખાંએ વિચાર્યું કે, કોઇ ગાંડો થઇ ગયોછે અથવા તાવની જુમમાં બકેછે. તરતજ ત્યાં તેણીએ એક ગુલામને આવતો દીઠો. તે ગુલામ પેલા ધરધણીનો હતો. તેણે જુલીખાંને બેસવા કહીને પેલા ગુલામે કહ્યું કે તેમનો, શેઠ જ્યારે જાગશે ત્યારે તે અને બીજો ગુલામ તેને મુકવા સાથે આવશે.

“તમારો શેઠ કોણછે?” જુલીખાંએ પુછ્યું.

“તે એક અફીણીછે.” ગુલામે જવાબ દીધો.

“ત્યારે શું તમારો શેઠ એ પ્રમાણે ધીમે ધીમે આપધાત કરેછે?”

“તે પોતાની અડધી જીંદગી અફીણ ખાઈને તેની લહેર ભોગવવામાં કાઢેછે.”

તેજ પળે બહાર કોઇના પગલા બહાર સાંભલવામાં આવ્યા. જુલીખાં બીવા લાગી કે, રખેને પેલો ગુલામ કારામસરૂર આવ્યો હોય. પણ તેણે જ્યારે પોતાના વહાલા ખલીલને દીઠો ત્યારે તે કેટલી ખુશી થઈ હશે?

“મારો મિત્ર મને બોલાવવા આવ્યોછે,” એમ કહી પેલા ભલા ગુલામના હાથમાં એક સોનાનો સીકકો મુકયો. જુલીખાં ખલીલને મલવા બહાર નિકળી. ખલીલે તેને જોતાંજ ચીશ પાડી. તેઓ બેઉ મલ્યા. પછી તેઓ ત્યાંથી નિકળી ચાલ્યા. રસ્તામાં ખલીલને જુલીખાંએ

બધી વાત કહી. પેલો નિગ્ર ગુલામ ઓચિંતો હુમલો કરે તેની સંભાલ રાખતો ખલીલ ઉઘાડી તરવારે ચાલતો હતો. મસરૂર જીવતો છે એવી વાત તેણે જુલીખાંને મોઢે સાંભલી. તણુંને ઝાડીને રસ્તેથી લઇ જતો હતો. તેઓ જુદી જુદી બાબતો વિષે વાતો કરતા જતા હતા. ખલીલને જુલીખાંથી કાંઈ છુપું ન હતું.

તેઓ પાશાની આગલ આવી પહોંચ્યા. લુકાસ અને જુલીઅન પણ તરતનાજ આવ્યા હતા. બધા જુ-લીખાંને જોઈને ખુશી થયા, માત્ર ઇસમીલ્ડાજ મનમાં બલવા લાગી જુલીખાંએ પોતાનું શું થયું તે ફરીથી ક-હી સંભલાવ્યું. પોતાનાજ નાશી ગયલા ગુલામથી જુ-લીખાંને નુકશાન થયું હતું તેથી પાશા ગુસ્સે થયો.

તેઓ બધા મછવામાં બેઠા અને ઘર તરફ પાછા ફર્યા. મછવામાં જુલીખાં વિષેજ વાતો ચાલી. લુકાસ બોલ્યો, "જુલીખાં, મેં તો જાણ્યું કે, બાલકનના કાલા ચોરના જેવા કોઇ લુટારાના હાથમાં સપડાયા હશો."

"તેને વિષેતો મેં પણ સાંભળ્યું છે. તેને શિક્ષા થયે ઘણા વરસ નથી થયા." પાશા બોલ્યો, "તેને વિષે ઘણી વાતો ચાલેછે–"

"પણ મેં એક ફ્રેન્ચ ચોપાનીઆમાં વાંચીછે. તે-ના જેવી ચમતકારી કોઇ નહિ હોય એમ મારી ખા-ત્રીછે." લુકાસ બોલ્યો.

"મને લાગેછે કે, તે કોઈ વાર્તા હશે." પાશા બોલ્યો, "આપણો મિત્ર ખલીલ એક દહાડે બે વાર્તાઓ કહેતો નથી તેથી તમે તે વાત ચલાવશો તો રસ્તામાં વખત નિકલી જશે."

"ઘણી ખુશીથી" લુકાસે કહ્યું અને તેણે વાત ચલાવી.

પ્રકરણ ૨૬ મું.

લુકાસ વાસીલોએ કહેલી વાત.

ઈ.સ. ૧૮૦૩ના શિયાળામાં એક ફ્રેન્ચ ગૃહસ્થ તુર્કસ્થાનમાં મુસાફરી કરતો હતો. તેની ઉમર આશરે ત્રીશ વરસની હતી. તુર્કી ભાષા ઘણી છટાથી બોલતો હતો. તેની સાથે તેનો એક ચાકર હતો. એક દિવસ મુસાફરી કરતાં સાંજ પડી જવાથી કીપ્રીલુના ગામડામાં તેઓ રાતવાસો રહ્યા. બાલકન પર્વતોની હાર ત્યાં લાગી રહી હતી. તેઓ એક ધર્મશાળામાં ઉતર્યા. ધર્મશાળામાં એક બીજો પણ ઉતર્યો હતો. તે તુર્કી હતો. તેઓ બધા સાથે જમ્યા. પેલો ફ્રેન્ચ ગૃહસ્થ જેનું નામ અલવીમાર હતું તે પેલા તુર્કી સાથે વાતે વળગ્યો.

"તમે વગર હથીઆરે મુસાફરી કરોછો તેથી એમ જણાય છે કે, આ તરફના લોકો વિષે તમને વહેમ નથી." તુર્કી બોલ્યો.

"મને કોઈપણ બાબત વિષે વહેમ લાવવાને કારણ મલ્યું નથી," અલવીમાર બોલ્યો. "આજ બે વરસ થયા આ તરફ મુસાફરી કરૂંછું પણ મને કાંઈ અકસમાત નડયું નથી. પણ તમે હથીઆરબંધ ફરોછો."

"આવતી કાલે આ બાલકન પર્વત હું પસાર કરવા માગુંછું." તુર્કી બોલ્યો.

"મારો પણ તેમજ વિચાર છે." અલવીમારબોલ્યો.

"તમે કોઈ વલાવો અથવા રક્ષક સાથે લેવા નથી માગતા. ?" તુર્કીએ પુછયું.

"નહિ." ફ્રેન્ચ બોલ્યો, "વલાવાનું મારે કામ નથી કેમકે મારી સાથે નકશોછે અને રક્ષકતો મને થોડોજ ઉપયોગમાં આવે એમ છે."

"બાળકનના કાળા ચોર વિષે જો તમે પુછશોતા તમને માલમ પડશે. તેણે કેટલાક એવા કાળાં કામો ક- ર્યાં છે કે, તેથી તેને કાળા ચોરનું નામ આપ્યું છે."

"અને શું તેની ઘણી ધાસ્તી રાખવી જોઇએ?"

"તે હું પુરૂં કાંઇ જાણુતો નથી. હું વેપારી છું અને વરસમાં બે વખત બાળકન ઓલંગું છું પણ મને કોઇ મલ્યું નથી, પણ જયારે માલ લઇને પાછો વળું છું ત્યારે પુરતા રક્ષકો લઉં છુ."

"ત્યારે તો ધાસ્તી જેવું ખરૂં." તે બોલ્યો, "ત મારી ભલી સલાહ વાસ્તે તમારો ઉપકાર માનું છુ." પછી બેઉ સુવા ગયા. સુવા જતી વખતે અળવીમારે ધર્મશાળાવાળાને લુટારા વિષે પુછયું.

"તેણે તમને કહ્યું તે બધું ખરૂં છે." તે બોલ્યો "મેં પણ તમને ચેતવણી આપી હતી. રક્ષક સાથે લેશો તો વધારે સારૂં. મારા ત્રણે છોકરા તમારી સાથે મોકલીશ."

"ઘણું સારૂં" અળવીમાર બોલ્યો, "પણ પેલો તુર્કી કોણુ છે?"

"તે વેપારી છે અને આ રસ્તે જતાં તે મારે ત્યાં ઉતરે છે"

તેનો વિચાર પણ તેજ રસ્તે જવાનો છે. તેથી તે પણરક્ષક લેશે. તેમ છતાં તે હથીઆર બંધ છે."

"તેને તમારે વિષે હું કહીશ."

પછી અળવીમાર સુવા ગયો. સવારના પહોરમાં ત વહેલો ઉઠયો તેણે જોયું તો પેલા રખેવાળના ત્રણે છોકરાઓ અને પેલો વેપારી હથીઆરબંધ થઇને તૈયાર ઉભા હતા. અળવીમાર તથા તેના ચાકરે પણ હથીઆર

લીધા અને મુસાફરીએ નિકળ્યા. થોડીવારે તેઓ ઉજડ જંગલમાં દાખલ થયા. મધ્યાન વખતે રખેવાળના એક છોકરાએ કહ્યું કે, ચાલો આપણે ઉતરીને ખોરાક ખાઈ તાજા થઇએ. બધાને તે વાત પસંદ પડી અને ઘોડા ઉપરથી ઉતરીને નિચે ખાવા બેઠા.

"તમને ખબર છે કે, પેલો કાળો ચોર કયાં રહે છે?" વેપારીને અળવીમારે પુછયું.

"તે કયાં છે તે કહેવું અશકય છે." વેપારીએ જવાબ દીધો.

"પણ તે અહીંતો નહિજ હોય." અળવીમારે કહ્યું.

"જો તે અહીં હોયતો?" તુર્કીએ કહ્યું. "શું આપણે તેની સામે થઇ શકીએ?"

"હું તો સામે થવાની આશા રાખું." ફ્રેન્ચ બોલ્યો.

વેપારી વધારે ન બોલ્યો. તે પોતાની જગા ઉપરથી ઉઠયો, પોતાની બંદુક હાથમાં લીધી અને આસપાસ જોવા લાગ્યો. તેણે દુર કાંઇ ચીજ દીઠી.

"પેલું પક્ષી જોયું?" તુર્કીએ કહ્યું અને કોઇ જવાબ આપે તેની અગાઉતો તેણે બંદુક ફોડી. પક્ષી નિચે પડયું.

"નેમતો બરોબર તાંકી!" ફ્રેન્ચ બોલ્યો. "પણ બંદુકનો પડઘા ડુંગરમાં પડયો એ ઠીક ન થયું."

પણ વેપારી તુર્કીનો ચહેરો બદલાઇ ગયો અને અળવીમારે પહેલીજ શકની નજરે તેની તરફ જોયું. તેણે પેલા ત્રણે ભાઇઓ જે નિરાંત ખાતા હતા તેની તરફ જોયું. પણ તેજ પળે એક નવાઇ જેવો દેખાવ તેની

નજરે પડયો. જે ઝાડી થોડા વખતમાં ખાલી અને શાંત દેખાતી હતી તે હથીઆર બંધ માણસોથી ભરાઇ ગયલી દેખાઈ. જે ઠેકાણે પોતે ઉતર્યા હતા ત્યાંની દરેક ગુફામાંથી હથીઆર બંધ માણસો નિકલી આવ્યા. તેજ પળે પેલા ત્રણે ભાઇઓએ પોતપોતાના હથીઆરો ઉચકી લીધા અને બચાવ કરવા તૈયાર થયા. પણ પેલા વેપારીએ હાથની ઇસારત કરીને કહ્યું, "બચાવ કરવો ફોકટ છે. તમારા હથીઆર નાખી દો. આ બધા કાળા ચોરના માણસો છે!"

"ત્યારે તમે પોતેજ કાલા ચોર હશો!" એક ભાઇએ કહ્યું અને તેજ પળે પેલા કહેવાતા વેપારી તરફ બંદુક તાંકીને ફોડી. પણ વેપારી ખસી ગયો. બીજીજ પળે અળવીમાર તેનો ચાકર તથા ત્રણે ભાઇઓને કેદ કરવામાં આવ્યા. તેમના હથીઆર છીનવી લીધાં. લુટારા સરદારે પોતાના માણસોને કેટલીક નિશાનો કીધી તેથી થોડા ધીમે ધીમે વિખરાઇ ગયા. ફકત વીશ માણસો રહ્યા. તેઓ ત્રણે ભાઇઓ તથા પેલા બે ફ્રેન્ચોને બંદીવાન કરી પકડીને ચાલતા હતા. આખરે તેઓ એક સુંદર ખીણ આગળ આવી પહોંચ્યા. વચમાં સરદારનો તંબુ હતો. ત્યાં પેલા ફ્રેન્ચ મુસાફર અને તેના ચાકરને છુટા કરીને તે તંબુમાં દાખલ કરવામાં આવ્યા. પેલા ત્રણ ભાઈઓને બીજે ઠેકાણે લઈ જવામાં આવ્યા. અલવીમાર અને તેના ચાકરને બેસવા કહીને પછી સરદારે તાળી પાડી. તરતજ તંબુના પાછલા ભાગમાંથી એક જુવાન સ્ત્રી રૂપાની રકાબી પ્યાલા અને શરબતની શીશી લઇને દાખલ થઇ. તેણીએ તુર્કી પહેરવેશ પહેર્યો હતો પણ તેનો ચહેરો ઉતર તરફની સુંદર સ્ત્રીઓને

મલતો હતો. તેનુ નામ ઝોબીદા હતું. તેની ઉમર સત્તર કે અઢાર વરસની હતી. તેણીએ બેઉ જણાને શરબત આપ્યુ. પછી તે પાછી અંદરના ભાગમાં ચાલી ગઈ.

"ખ્રીસ્તી," તેણીના ગયાપછી તુર્કી સરદાર બોલ્યો, "તમારા છુટકારાનો આધાર તમારી પોતાની ઉપર છે. તમે પૈસાદારછો. તમારા છુટકારા વાસ્તે બે હજાર પીઆસતરની રકમ આપી શકશો ?"

"હાલ મારી પાસે ચારસો પીઆસતરછે. બાકીના નાણા એડ્રીઆનોપ્લમાંના ફ્રેન્ચ આડતીઆ પાસેથી મેળવી શકું."

"તમે માણસ મોકલીને નાણા મંગાવી શકશો ?"

"ફકત મારો માણસ જશેતોજ નાણા મલશે."

"તો તમારો થોડા દિવસમાં છુટકો થશે. મારો એક માણસ તેની સાથે જશે. અને તેને પાછો છાવણીમાં સાથે લાવશે. પણ દગો કરતાં સંભાલજો. રોમાલીઆનો પાશા કદી લશકર લઇને આવતા તે પણ ખાણોમાં અટવાઇ જાય."

"તમારી હું પુરતી ખાત્રી કરીશ." અલવીમાર બોલ્યો, "પણ મારૂં કહેણુ તમારે કબુલ કરવું પડશે."

"તમે શું માગોછો ?" સરદારે પુછયું.

"તમે દંડ માગ્યોછે તે આપતાં મારો અને મારા ચાકરનો છુટકારો અને; અને પેલા ત્રણે ભાઇઓ જેઓ મારા રક્ષક તરીકે આવ્યા હતા તેમનો છુટકારો."

"તેમનો છુટકારો થવો અશકયછે." તે બોલ્યો. "કાલ રાતના તમારી સાથે ઓલખાણ કરીને લુટારા વિષે વાત કરતાં રક્ષકો સાથે લાવવાની મતલબ હતી. મારી ખાત્રી હતી કે, ત્રણે ભાઇઓ તમારી સાથે આવશે.

તેમને મારા હાથમાં લેવાનો વિચાર હતો. આ ગામડામાં તેઓ માત્રજ અહીંના રસ્તાઓ જાણેછે. કાતો તેઓ મારી સાથે જોડાઇ જાય અથવાતો મોતને તાબે થાય!"

"તમે એટલા બધા ઘાતકી નહિ થશો–"

"ચુપ રહો! મારો વિચાર ફેરવું એવો માણસ હું નથી, માટે તમે તમારૂં અને તમારા ચાકરનું કરો."

"અને તે ત્રણે ભાઇઓ વાસ્તે છુટકારાની રકમ હું આપું તો?" અલવીમાર બોલ્યો.

"હું તે નાપાડીશ. હવે એ વિષે વાતચીત બંધ કરો. હું તમને ફરીથી કહુંછું કે, તમે તમારૂં કરો."

અલવીમારે જોયું કે, સરદારને તે વિષે સમજાવવું વૃથાછે. તેણે પોતાના ચાકરને મોકલવા તૈયાર કર્યો.

"તમારો માણસ તુર્કી ભાષા જાણેછે?" સરદારે પુછયુ. અલવીમારે ના પાડવાથી કાલા ચોરે જોબીદાને બોલાવી. તે બોલ્યો–"છોકરી, આ ખ્રીસ્તી પોતાના ચાકરને શું કહેછે તે સાંભલજે"

જોબીદા ફ્રેંચ ભાષા સમજતી હતી એમ સાંભલીને અલવીમાર અજાયબ થયો. તેણે પોતાના માણસને પૈસા કોની પાસેથી લાવવા તે વિષે કહ્યું. કાલાચોરે પોતાનો એક માણસ સાથે આપ્યો.

અલવીમારની કાલાચોરે સારી રીતે પરોણા ચાકરી કરી. જોબીદા પણ વારંવાર આવતી. કાલાચોર અને જોબીદાને શું સગપણ હતું તે અલવીમાર સમજી ન શકયો. તેના સાંભળવામાં એવું આવ્યું કે, કાલાચોરના જનાનામાં કેટલીક ખુબસુરત સ્ત્રીઓ હતી અને તેઓ તેની પાસેનાજ તંબુમાં રહેતી હતી. પણ જોબીદા વાસ્તે તો જુદોજ તંબુ હતો અને તેમાં તે એક બુઢી

દાસી સાથે રહેતી હતી. જોબીદા પોતાના સરદાર તરફ ઘણાજ માનથી વર્તતી હતી અને સરદાર બાપ જેવા હેતથી વર્તતો હતો. તે તેણીને થોડા થોડા સવાલો પુછતો તેનાં પેલી કુમારીકા સાદાઇથી જવાબ આપતી. અલવીમાર તેના વિષે સાર કાઢી ન શક્યો.

થોડા દહાડા પછી અલવીમારનો માણસ પૈસા લઇને પાછો ફર્યો. અલવીમારે છુટકારાની રકમ કાલાચોરને ભરી. તેણે તેમને છુટા કીધા. ફ્રેચે પછી પેલા ત્રણે ભાઇઓનું શું થયું તે પુછયું. તેઓ સહીસલામત છે અને મારી ચાકરીમાં તેઓ રહેવાને કબુલ થયાછે. એમ સરદારે કહ્યાથી અલવીમારે તેમને જોવા માગ્યા. સરદાર તેને તેડી ગયો. ત્રણે ભાઈઓ ઘાસ ઉપર બેશીને તમાકુ પીતા હતા.

"તમે સંતોષ પામ્યા ?" સરદારે અલવીમારને પુછયું.

"હા," તેણે જવાબ દીધો.

"હવે તમે છુટા થયા તેથી જવાની છુટછે." સરદાર બોલ્યો, "સાંભળો, મારી છાવણીમાંથી આજદીનસુધી કોઇ જીવતું ગયું નથી. તમેજ પહેલવહેલા જીવતા જાઓછો. તમે આબરૂદારછો, તેથી તમને કહુંછું આ વાત તમારે કોઈની આગળ કહેવી નહિ. મને તમારી ઉપર વિશ્વાસછે. તમે મને જ્યારે ધર્મશાળામાં મલ્યા તે વખતથીજ તમને બચાવવા એવું મારા મનમાં હતું. મોડે અથવા વહેલે તમે મારા મરણ વિષે સાંભલો ત્યારપછી આપણી વાત બીજાને કહેવી હોયતો કહેજો. તમે સોગન ખાઓછો. ?"

"તમારા કહેવા પ્રમાણે કરવાને હું સોગન ખાઉછું."

"તમારા ઘોડા તૈયારછે. મારો એક માણુસ તમને બાલકનની બીજી બાજુએ છોડી આવશે."

બેઉ જણા ત્યાંથી રજા લઈને ચાલતા થયા.

એ વાતને સાત વરસ થઇ ગયા. બલગેરીઆના મેદાનમાં વીશ ઘોડેસ્વારો જતા હતા. તેમાં એક ઘોડેસ્વારે યુરોપી પોશાક પહેર્યો હતો. તે અલ્લીમાર હતો. તે બોલ્યો, "આપણે ઘણું ફર્યા અને હવે તુર્કી હદ મુકીને હંગરી દેશમાં દાખલ દાખલ થઈશું."

"તમારા પિતાજીના મરણથી આપણે વહેલા જવું પડેછે. નહિતો હજી થોડા મહીના વધારે લાગત."

"તું કહેછે તે ખરી વાતછે." અલ્લીમાર બોલ્યો. "પણ પેલો બાલકન પર્વત રહ્યો જયાં સાત વર્ષ ઉપર આપણે પકડાઇ ગયા હતા."

"એડ્રીઆનોપલમાં આપણે સાંભલ્યું કે, કાલોચોર માર્યો ગયો અને તેના માણુસો વિખરાઇ ગયા તેથી તમે તમારા સોગનમાંથી છુટા થયા." તેનો ચાકર બોલ્યો.

"તે તો ખરૂં, પણ તે વખતે એક ચીજ ઉપર મારૂં મન લાગ્યું હતું અને તે વહાલી ચીજ કયાં હશે અને તેનું શું થયું હશે તેનો મને વિચાર થાયછે.—કાલાચોરની જોબીદા!"

"સાંભળવામાં તો એમ આવ્યું છેકે, રૂમાલીઆના પાશાના હાથમાં તેની બધી ચીજો આવીછે."

"ઠીક યાદ આવ્યું." અલ્લીમાર બોલ્યો. તેઓ આગલ ચાલ્યા બાલકનમાં દાખલ થયા.

"અહીંજ પેલો કાલોચોર કારાઅલી રહેતો હતો." એક વલાવે કહ્યું.

"જોબીદા નામની એક જુવાન સ્ત્રી જે કાલાચોર

સાથે રહેતી હતી, તેને વિષે તેં કાંઈ સાંભળ્યુંછે ?" અલવીમારે પુછ્યું.

"હા." તે વલાવો બોલ્યો, તેની વાત ઘણી કરૂણારસ ભરેલી છે. કાલાચોરે પોતાના મરણુની થોડાજ વાર આગમજ તે પાશા આગલ કહીને તે છોકરીને તેના હવાલામાં સોંપી હતી."

"તે વાત શું છે ?" અલવીમારે પુછ્યું.

"સોલ વરસ ઊપર કાલાચોરે બાલકન પર્વતમાં પોતાની ટોલી ઉભી કરી હતી. થોડે દહાડે એક ફ્રેંચ એલચી પોતાની બીજી જગાએ બદલી થવાથી પોતાની છોકરી અને એક વૃદ્ધ દાસી સાથે તે તરફ જતો હતો એટલામાં કાલાચોરના હાથમાં સપડાઈ ગયો. મરતી વખતે કાલાચોરની તેણે વિનંતી કરી મારી છોકરીનો તેણે જીવ બચાવવો. કાલાચોરે તે કબુલ કર્યું. તે છોકરીને બચાવી તેને જોબીદા નામ આપ્યું. તે તેણીની સાથે માયાથી માયાથી વર્તતો હતો. જોર્બીદાએ પોતે ગણુ તેના મરણુ પછી કબુલ કર્યું કે, તેને તે એક બાપ જેવો ચહાતી હતી. તેના મરણુ પછી તે ઘણી રડી હતી." વલાવાએ કહ્યું.

"તેણીનું પછી શું થયું ?" અલવીમારે પુછ્યું.

"પાશાએ પછી તેણીને બેલગ્રેડ ખાતેના ફ્રેંચ એલચીને ત્યાં મોકલી આપી. એથી વધારે હું કાંઇ જાણુતો નથી."

'આપણે એક બે દિવસ બેલગ્રેડમાં રહીશું." અલવીમારે પોતાના ચાકરને ધીમેથી કહ્યું.

તે રાતના તેઓ પેલા નાના ગામડામાં રહ્યા. પેલા ધર્મશાળાવાલાના ત્રણે છોકરાઓને તેણે ઇનામો આપ્યા.

થોડાજ શબ્દોમાં હવે આપણી વાત પુરી કરીશું. ૧૮૭૯ના વરસની આખેરીએ અલવીમાર ફ્રાંસ પાછો ફર્યો. પણ તે એકલો નહોતો આવ્યો. આસરે ૨૪ કે ૨૫ વરસની એક સ્ત્રીને પોતાની પરણી તરીકે લાવ્યો હતો. કહેવાની જરૂર નથી કે તે સ્ત્રી જોબીદા હતી.

પ્રકરણ ૨૭ મું.

રૂશીઅનોની યુદ્ધનૌકા.

લુકાસની વાત ઉપર મત આપતા તેઓ ઝરાની બહાર નિકલ્યા. વાતમાંને વાતમાં તેઓ કેટલેક દુર સુધી નિકલી ગયા હતા. કાલો સમુદ્ર અને બોસફરસ મલી જાયછે તેથી વહાણોને આવવા જવાને સહેલ છે. તેઓએ તે રસ્તે એક રૂશીઅન યુદ્ધનૌકા (મનવાર) આવતી દીઠી. તેઓ બધા અજાયબ થયા.

"સલાહના વખતમાં આ યુદ્ધનૌકા તુર્કી બારામાં દાખલ થઇ એ ઘણું અજાયબ જેવું છે." પાશા બોલ્યો.

"ખરેખર, ઘણું અજાયબ જેવું છે!" ખલીલ પોતાની જગા ઉપરથી તેની તરફ જોતા બોલ્યો. બધા જુદું જુદું મત આપવા લાગ્યા. આખરે ખલીલ બોલ્યો. "જુઓ તેમણે સલાહનો સફેદ વાવટો ચઢાવ્યોછે. તેઓ આવી રીતે આવેછે તેથી એમ જણાયછે કે, સલાહના કોલકરાર પ્રમાણે તુર્કી બંદીવાનોને તે છોડવા આવેછે. થોડા દિવસ અગાઉ આપણી નૌકા પણ રૂશીઅન કેદીઓને ઉતારવા ગઇ હતી."

નૌકા તો મછવાની પાસે આવતી ગઇ. હવે તેમ ને ખુલી આંખે દેખાયું કે, વહાણ ઉપરથી કેટલાક લો કો દુરબીનોથી તેમની તરફ જોતા હતા. પાશાએ જોયુ કે, તેઓ ચારે સ્ત્રીઓ તરફ જોતા હતા તેથી તેમને બુરખા નાખી લેવાનો હુકમ કર્યો

ખલીલે જે કહ્યું તે ખરૂં હતું. તે મનવાર તો ફકત તુર્કી કેદીઓને ઉતારવાનેજ આવી હતી તેનો કપટાન એક જુવાન રૂશીઅન હતો. તે જરા હુ-લડ સ્વભાવનો હતો અને તુર્કીઓ તરફ વેરની નજરે જોતો હતો તેનું નામ કપટાન કોલોકાફ હતું અને મન વારનું નામ ઇવાન ધી ટેરીબ્લ હતું. કપટાને દોલત-ખાન પાશાનો મછવો દીઠો. બીજો કોઈ મછવો દેખા તો નહતો. તેણે દુરબીન મંગાવીને જોયું.

"મછવો છ ગુલામો હંકારેછે," તે બોલ્યો, "પણ તેઓ આપણી મનવારના માણસો જેવા જલદી-થી હંકારી શકવાના નથી! હા, પણ જુઓ! તેઓ કેવા આપણાથી બીહુછે! રૂશીઅનો ને દેખાનેજ તેઓ ધ્રુજેછે! આપણે સલાહથીજ આવ્યા છીએ તેની ખાત્રી તેઓને થાય વાસ્તે સફેદ વાવટો ચઢાવો."

તેનો હુકમ તરતજ માનવામાં આવ્યો.

"ઠીક થયું." તે બોલ્યો, "મછવો આપણી તરફજ આવેછે. બધા દુરબીનો લઇને જુઓ. તેમાં ચાર સ્ત્રીઓ છે તે કેવી ખુબસુરત છે!"

"સાહેબ, તમારી ખાત્રી છેકે, આટલે દુરથી પણ તેઓ સુંદર દેખાયછે?" તેનો પહેલો મદદનીશ બોલ્યો.

"તેનું કારણ છે," કપટાન બોલ્યો, "તુર્કી સ્ત્રી-ઓ હમેશાં સુંદર હોયછે અને આવે વખતે બુરખા ઉ-ઘાડી નાખેછે."

"તેમ કદાચ હશે," મદદનીશ બોલ્યો, "પણ કદાચ તેઓ આપણી નૌકા જોતી હશે તો અને આપણે દુરબીનોથી જોઇએ છીએ તેની તેમને ખબર પણ નહિ હોય?"

થોડી વાર સુધી તેમની વાતચીત બંધ પડી. મછવો અને મનવાર વધારે પાસે આવ્યાં.

"હવે મને કહોકે, તેઓ સુંદર નથી?" કપટાને પુછ્યું. જાણે તેઓ અહીં પાસેજ હોય એમ હાલતો હું જોઊંછું."

"હા, તેઓ સુંદર છે ખરી." પહેલો મદદનીશ બોલ્યો, "પણ જુઓ તેમણે એકદમ બુરખા નાખી દીધા."

"હા, પેલો મજબુત બુઢો માણસ જે ઉભો છે તેણે એમ કરવાનો હુકમ આપ્યો," કપટાન બોલ્યો.

"હા તે મેં પણ જોયું." મદદનીશ બોલ્યો, "પેલો બુઢો કોઇ પાશા લાગેછે, પણ કપટાન સાહેબ, તમે તેમના ચહેરા પાછા જોવાના નથી."

કપટાને હુજતથી તેમના ચહેરા જોવાનું કહ્યું. મદદનીશે તેને ઘણો સમજાવ્યો કે, આપણે સલાહથી આવ્યા છીએ અને જોર જુલમ કાંઇ વાપરીશું તો તુર્કીઓ અપમાન લેશે તેમ વલી જનાનાનું અપમાન તો તેઓ ખમી શકવાના નથી. પણ તેણે કબુલ ન કર્યું. કપટાને કહ્યું કે, હું પોતે જઇને પેલા બુઢાને સમજાવીને આપણી મનવાર ઉપર લાવીશ અને પેલાં ત્રણ જણા જેમાં એક તુર્કી અને બીજા યુનાનીઓ દેખાયછે તેમને કાપી નાખીશું. મદદનીશે તેમ ન કરવાને ઘણું સમજાવ્યું. પણ ફોકટ. કપટાને લંગર નાખવાનો હુકમ આપીને મછવો તૈયાર કરાવ્યો. મનવારે લંગર નાખવાથી